એકમેકને ઓળખવાનો

# જ્ઞાતિસેતુ

વર્ષ : ૬ ● અંક-૨
ડિસેમ્બર' ૧૦ – જાન્યુઆરી' ૧૧

**મુખ્ય તંત્રી**
હંસરાજ કંસારા ૦૭૯ ૨૬૮૭૨૩૫૦
**તંત્રી મંડળ**
અતુલ સોની ૯૭૨૫૦ ૩૮૧૪૦
કુ. એકતા કટ્ટા ૯૮૭૯૧ ૯૪૩૩૪
**મુદ્રણ આયોજન**
મનુભાઈ કોટડીયા ૯૪૨૬૬ ૯૪૨૭૭
**વેબ સાઈટ**
ચિરાગ બુદ્ધભટ્ટી ૯૮૯૯૬ ૩૦૧૨૯
**કાર્યાલય વ્યવસ્થા**
રાજેન્દ્ર સોની ૯૮૨૫૦ ૧૮૩૧૮
**વિતરણ વ્યવસ્થા**
કનુભાઈ બીજલાણી ૯૨૭૬૮ ૪૦૯૧૩
(સંપર્ક સમય : રાત્રે ૯ થી ૧૧)
**જાહેરાત, લવાજમ, નાણાંકીય વ્યવસ્થા**
● **અમદાવાદ**
જયમીન સોની ૯૮૨૪૫ ૪૬૬૫૦
● **ભુજ**
ઈશ્વરભાઈ વી. હેડાઉ ૯૪૨૯૦ ૮૩૨૯૫
વિજયભાઈ એમ. બુધ્ધભટ્ટી ૯૯૭૯૭ ૯૭૫૮૪
(રૂલપ્રેસવાળા)
● **અંજાર**
અનિલ એસ. સોની ૯૮૨૪૨ ૮૫૨૧૦
● **નખત્રાણા**
પ્રફુલભાઈ કંસારા ૯૮૭૯૧ ૨૨૨૬૫
(ઉદય સ્ટેશનરી માર્ટ)
● **માધાપર**
હિતેશ સોની (કરણ જ્વેલર્સ) ૯૪૨૭૪ ૪૩૮૭૪
**માનદ્ સલાહકાર**
મનુભાઈ કોટડીયા અમદાવાદ
તુલસીદાસ કંસારા અમદાવાદ
સૂર્યકાંત સોની અમદાવાદ
શૈલેષ કંસારા ભુજ
કાંતિભાઈ કંસારા રાજકોટ
**માનદ્ સંયોજક (ભુજ)**
પી. જી. સોની 'દાસ' ૯૯૭૯૬ ૭૨૪૦૭
સુધા બુદ્ધભટ્ટી ૯૯૨૫૩ ૧૩૭૩૪
**કાર્યાલય**
ધવલ જ્વેલર્સ, ચાંલ્લા ઓળ, માણેકચોક, અમદાવાદ-૧ ફોન : ૦૭૯-૨૨૧૪ ૪૦૦૮
**વેબ સાઈટ** : www.gnyatisetu.com
**ઈ-મેલ** : editor@gnyatisetu.com
છુટક કિંમત રૂા. ૨૦/-
ત્રિ-વાર્ષિક લવાજમ રૂા. ૩૦૦/-

'જ્ઞાતિસેતુ'માં પ્રસ્તુત રચનાઓમાં રજૂ કરેલા વિચારો જે તે લેખકોના છે. 'જ્ઞાતિસેતુ'નું એની સાથે સંમત હોવું આવશ્યક નથી.

## તંત્રી સ્થાનેથી

આપણા સમસ્ત સમાજને ગૌરવ બક્ષતું સમૂહ લગ્નોત્સવ રંગેચંગે ઉજવાઇ ગયો. આટલા વિશાળ ફલક પર વિધ-વિધ કાર્યક્રમોનું આવું અભૂતપૂર્વ આયોજન અને એનું ચિવટ અને ઝીણવટભર્યું કાર્યાન્વન ખરેખર અદ્‌ભુત હતું. આપણા સમાજના આ સફળ દિગ્દર્શનનું સૌપ્રથમ શ્રેય 'સમુહ લગ્ન'માં ભાગ લેનારા પરિવારોને જાય છે. એ ૫૮ સદ્‌ભાગી યુગલોના પરિવારોને હાર્દિક અભિનંદન. સમૂહ-લગ્ન આયોજકો અને ગૌરવ-દિવસ પ્રાયોજકોએ આપણા જ્ઞાતિ-સમાજનું Potential પુરવાર કર્યું છે. સબળ એકરાગી અને દીર્ઘદૃષ્ટી સંપન્ન નેતૃત્વ, યુવા કાર્યકરોની સમર્પિત ભાવના અને સામૂહિક-ઉત્સાહ પ્રેરક માહોલના ત્રિવેણી સંગમ થકી આ ઉત્સવ સંપન્ન થયો છે, જે આપણી જ્ઞાતિ-સમસ્ત માટે ઐતિહાસિક ઉપલબ્ધી સમાન છે. અને એટલે જ સહકાર્યકર્તાઓ સમસ્ત સમાજના હાર્દિક અભિનંદનના અધિકારી છે.

હવે બીજી એક વાત. આમ તો આ પ્રસંગ લક્ષી છે પરંતુ વાત આપણા સહુ જ્ઞાતિ મંડળો તેમજ જ્ઞાતિ-પ્રેરીત સંસ્થાઓને ઉદ્દેશિત છે. આ વાત એમના દ્વારા આયોજીત કાર્યક્રમો સંબંધિત છે. આ પ્રસંગ અંગેના કેટલાક અહેવાલ જે 'સેતુ'ને મળ્યા છે, તે અંગેની છે. અહીં 'સેતુ'ની 'POLICY' ફરી એક વખત જણાવી દેવી જરૂરી છે. આપણી જ્ઞાતિના કોઇપણ મંડળની નાની મોટી કોઇ પણ પ્રવૃત્તિનો 'અહેવાલ' એ જ પ્રકાશિત કરવામાં આવે છે, જે એ મંડળ/સમાજના અધિકૃત હોદ્દેદાર દ્વારા, પ્રકાશન હેતુ મોકલવામાં આવે છે. કોઇ ઉત્સાહી સજ્જન વ્યક્તિગત રીતે એનો 'પ્રતિભાવ' મોકલે, તે પ્રકાશન યોગ્ય જણાશે, તો જરૂર એને 'સેતુ'માં સ્થાન મળશે. પરંતુ એ લેખન - જો 'અહેવાલ' હોય તો એનું જ્ઞાતિમંડળ અધિષ્ઠાતા દ્વારા પ્રમાણિત/પ્રકાશન માટે પરવાનગી સાથેનું હશે તોજ એને 'સેતુ'માં સ્થાન મળશે. 'સેતુ'ની આ POLICY, કોઇપણ પ્રકારની ગેરસમજુતી ટાળવા માટે છે. આશા છે, અમારી આ 'ભાવના'ને સહુ જ્ઞાતિજનો સમજશે અને કદાચ કોઇનો લેખ પ્રકાશીત ન થાય તો તેનો 'સકારાત્મક' ભાવ ધ્યાનમાં લેશે. સાથે સાથે જ્ઞાતિ મંડળોને અનુરોધ છે કે તેઓ તેમનો અધિકૃત અહેવાલ પ્રસંગ-સંપન્ન થયા બાદ વહેલી તકે મોકલશે, જેથી એનો નિશ્ચિત અવધી મુજબ સમાવેશ થઇ શકે.

ફરી એક વખત સમસ્ત જ્ઞાતિજનોએ ઉજવેલા આ ઉત્સવ બદલ સહુને હાર્દિક અભિનંદન.

**અતુલ સોની** — માનદ્ મંત્રી
**મનુભાઈ કોટડીયા** — પ્રમુખ
**હંસરાજ કંસારા** — મુખ્ય તંત્રી

# માણસ કોણ?

બિહારીલાલ એચ. બુધ્ધભટ્ટી - રાજકોટ

લગભગ પ્રત્યેક પ્લેટફોર્મ ઉપરથી માનવતા ઉપર ભાષણો અપાય છે. ભાષણો આપનારાઓનાં ગળાં સુકાઇ ગયા, અવાજ ફાટી ગયો પણ ક્યાંય માનવતાનો પતો નથી. વ્યવહારમાં પણ અનેકવાર કહીએ છીએ કે, 'જરા માણસ જેવો રહેજે', 'એનામાં જરાય માણસાઇ નથી', 'માનવતાને આ શોભતું નથી' વગેરે. પરંતુ આ માનવતા-માણસાઇ એટલે શું તે સમજવાનો પ્રયત્ન કર્યો છે? માણસને હાથ છે, પગ છે, તે મોટો થાય છે, પરણે છે, છોકરાઓને પરણાવે છે. બીજાને મદદ કરીને મોટાઇ લે છે અને એક દિવસ આ દુનિયા છોડીને ચાલ્યો જાય છે. એમાં ખોટું શું છે? છતાં પ્રત્યેક બોલે છે કે માણસ જેવું વર્તન કર! આનો અર્થ શું છે?

માણસ હોય તો તેમાં માણસાઇ એટલે કે માનવતા હોવી જ જોઇએ, નહિં તો તે માણસ કેમ કહેવાય? "માણસની" વ્યાખ્યા હોવી જોઇએ. કોઇ કહેશે કે 'બે પગવાળો હોય તે માણસ'. પરંતુ આ બુદ્ધિમાં ઉતરતું નથી કારણકે કાગડાને પણ બે પગ છે. 'સંસાર કરે તે માણસ.' પરંતુ પશુપક્ષી બધા જ સંસાર કરે છે. તો પછી માણસ કોણ?

ગીતામાં ભગવાને માણસની વ્યાખ્યા કરી છે. ભગવાન કહે છે 'मम वर्तमानुवर्तन्ते मनुष्याः' 'મારા (ભગવાનના) રસ્તે જે ચાલે તેટલા જ માણસ.' એનો ભાવાર્થ એ જ, કે જે ભગવાનના રસ્તે ચાલતા નથી તે માણસો નથી. સંતો પણ કહે છે કે, ભગવાનના ચીલે ચાલતા હોય તેને જ માણસ સમજો. પરંતુ વ્યવહારમાં આપણને જુદું જ જોવા મળે છે. લોકો ઈશ્વરના શબ્દોનું શ્રવણ કરે, તેને ગોખે, તેનો અર્થ પણ કરે. એટલું જ નહીં તેવી રીતનું કથન પણ કરે, પરંતુ તે પ્રમાણેનું વર્તન, આચરણ કરતા નથી. તેથી ભગવાન ગીતામાં સ્પષ્ટ કહે છે કે 'જે મારા રસ્તે ચાલશે તેટલા જ ફક્ત માણસ.'

આપણે તો કહીએ છીએ કે, 'न देवचरितं चरेत' ભગવાન નૈતિક છે અને આપણે અનૈતિક છીએ. એટલું જ નહીં પણ કોઇ ભગવાનના રસ્તે ચાલે તો આપણે તેની મજાક કરીએ છીએ અને કહીએ, 'ક્યાં ભગવાન અને ક્યાં તે!' ભલે ભગવાન કહે કે 'ममवांशो जीवलोके जीवभूत सनातन' પરંતુ દેવ સર્વજ્ઞ છે અને જીવ અલ્પજ્ઞ છે. દેવ સર્વશક્તિમાન છે, તો જીવ અલ્પ-શક્તિમાન છે. દેવ પાપીમાં પાપી, દુષ્ટ તરફ પણ મમત્વથી અને પ્રેમથી જોતો રહ્યો છે. પરંતુ માણસ પોતાના ઘરની બારીમાંથી પણ મમત્વથી અને પ્રેમથી જોતો નથી. દેવ-સાધુનું રક્ષણ અને દુષ્ટનું શાસન કરે પરંતુ માણસ 'સાધુ' પવિત્ર સંતોની ઉપેક્ષા અને દુષ્ટોને નમસ્કાર કરે છે. દેવ પોતે ઘસાઇને માણસનું યોગક્ષેમ ચલાવે છે પણ માણસ પોતાના જ ભાઇઓને ચુસીને પોતાનું યોગક્ષેમ ચલાવે છે. દેવ પોતાનો મિત્ર સંકટમાં આવે તો કૂદીને મદદ કરે છે પણ માણસ મિત્ર સંકટમાં આવે તો મોઢું ફેરવીને ચાલતો થાય છે. કહેવાનું તાત્પર્ય એ કે, પ્રભુનું વર્તન અને આપણું વર્તન તદ્દન ઉલટું હોય છે. ભગવાને પોતાનું વર્તન કહી નાખ્યું કે "તું સર્વશક્તિમાન બન, મમત્વ રાખ, સાધુનું રક્ષણ કર, બીજા માટે ઘસાઇ જા, મિત્રોને મદદ કર." પણ આપણે એમાનું કંઇ આચરણમાં મૂકતા નથી. દેવના માર્ગે જવાનું કદાચ કઠણ લાગે. તેથી દેવ થવાનું બધાને માટે કદાચ શક્ય ન બને પણ ઓછા નામે માણસ બનીએ અને પશું જેવું વર્તન ન રાખીએ.

આપણે સેંકડો ભજનો, શ્લોકો યાદ રાખીએ, બધું ગોખી કાઢીએ, ગીતા ભાગવત મોઢે કરીએ પણ ત્રણ શબ્દ આપણે ભૂલી ગયા છીએ અને તે ત્રણ શબ્દો એટલે "હું માણસ છું." શાસ્ત્રકારોનો આગ્રહ આ ત્રણ શબ્દો માટે છે. પરંતુ આપણે આજે તે શબ્દો ભૂલી ગયા છીએ તેથી દિન પ્રતિદિન આપણે પતીત થતા જઇએ છીએ.

આ વાત માણસને કહેશો તો તે ચિડાઇ જશે. તેને વાનર કહેશો તો તે ચિડાઇ જશે પણ મર્કટલીલા ચાલુ રાખશે. તેને બિલાડો કહેશો તો તે ચિડાઇ જશે, પણ અહંકારના અંધકારમાં ધુર્ર્ર્ ધુર્ર્ર્ કરતો રહેશે. તેને કૂતરો કહેશો તો ચિડાઇ જશે પરંતુ ધોળે દહાડે રસ્તા વચ્ચે પ્રણય-ચેષ્ટા ચાલુ રાખશે.

જીવનમાં ભગવાનને નેતા કરવાના હોય તો 'હું માણસ છું' એ ન ભૂલવું જોઇએ. આજે 'લોકો' વધે છે અને 'માણસ' ઘટે છે. માણસને પશુ કહેશો તો તે ગુસ્સે થશે અને દેવ કહેશો તો તે તેના મગજમાં ઉતરતું નથી. મોટી કિંમત આપીને આ શરીર ભગવાન પાસેથી આપણે ઉછીનું લીધું છે. તેથી તો ભગવાન જ્યારે જોઇએ ત્યારે તેને ઉઠાવી લે છે. તેને પૂછાય નહિં કે "કેમ ઉપાડે છે?" સંતો સમજાવે છે કે મનુષ્ય શરીર બહુ કામનું છે 'नर अपनी करनी करे तो नर का नारायण हो जाये।' આપણે નારાયણ હતા તેના નર તો થયા, પરંતુ હવે તેના પાછા નારાયણ થવાનું છે, વાનર નહીં. તેના માટે મહેનતની જરૂર છે. તેને જ સાધના કહેવાય. આ સાધના કર્યા વગર છૂટકો જ નથી.

આ સાધના કઇ રીતે કરશો? સ્વાધ્યાય દ્વારા જ એ શક્ય છે. ભગવાન પાસે જવા સ્વાધ્યાયની આવશ્યક્તા છે જ પરંતુ 'માણસ' થવા માટે પણ સ્વાધ્યાયની અત્યંત આવશ્યકતા છે.

સ્વાધ્યાયમાં પ્રભુનો સંગ થાય છે અને તે સંગનો રંગ લાગ્યા વગર રહેતો નથી. સ્વાધ્યાય દ્વારા પ્રભુના વિચારો સમજી લઇને તે મુજબ કર્મયોગ કરતાં કરતાં માણસ સાચો માણસ બને અને એ રીતે જીવનમાં ઉત્કર્ષ સાધી શકે છે. જીવનને વ્યાગમય અને પ્રેમમય રાખીને સૌએ પોતાનું જીવન ઉપર લઇ જવાનું છે. આપણે ઉપર જઇએ તેમ જ બીજાનું જીવન પણ ઉપર લઇ જઇએ એમાંજ માણસાઇ છે.

આપણે આટલું ન ભૂલીએ કે 'હું માણસ છું.' અર્થાત મારે પ્રભુને ચીલે ચાલવાનું છે. પ્રભુને ચીલે ચાલવા માટે સ્વાધ્યાય જ એકમેવ ઉપાય છે.

*પ.પૂ. પાંડુરંગ શાસ્ત્રીજીના પ્રવચનો પરથી*

# પ્રાણની ઉપાસના જ સર્વશ્રેષ્ઠ

લતા કે. હેડાઉ - નાગલપર

એક વખત એવું બન્યું કે માણસના પોતાના શરીરમાં બળવો જાગ્યો. મન, પ્રાણ, ઇન્દ્રિય વિસંવાદ સરજાવી બેઠા. દરેક કહેવા લાગ્યા "હું સર્વથી શ્રેષ્ઠ."

હવે આ તકરારનો નિકાલ કોણ કરે?

નિકાલ કરનારું મન પોતે જ પોતાનું પક્ષ લેનાર થાય એટલે વાત વળે ચડી. પછી તો બધી ઇન્દ્રિયો એક પછી એક મનને જ ઘેરી વળી. આંખ આવીને કહેવા લાગી મનને 'મારા વિના તો તું આંધળું ધબ! પછી તું શું જુએ ને શું સમજે?'

મન મૂંઝાઇ ગયું! ત્યાં કર્ણેન્દ્રિય આવી મનને કહેવા લાગી, 'તારા તમામ જ્ઞાનનો વારસો હું લાવું છું એ તને ખબર છે? તું નહી જુએ તો અજ્ઞાન નહિ રહે પણ પછી તને જ્ઞાન નહિ હોય માટે સમજી લે કે હું સર્વથી શ્રેષ્ઠ છું. મોટામોટા નરપુંગવ જો કાનના કાચા હોય તો નમાલા ગણાય એ એટલા માટે જ.'

મન બિચારું કર્ણેન્દ્રિયની વાત સમજ્યું ન સમજ્યું ત્યાં તો એના ઉપર નાસિકાનો હલ્લો આવ્યો. એ નહિ જુએ તો શું ખાટુ મોળું થઇ જવાનું છે? એ નહિં સાંભળે તો શું અખણિયાળુ રહી જવાનું? એમ તો તું ક્યાં હંમેશા સ્વર્ગ જ જુએ છે કે અપ્સરાના જ ગાન સાંભળે છે? કાનના કીડા ખરી જાય એવી ફૂલવાણી પણ સાંભળવા મળે છે ને જે જોયાથી ન જોયું ભલું એવું તો દિવસમાં દસ વાર જુએ છે. એનું શું? માટે બંનેને જવાદે. મારા વિના તો તારો શ્વાસ જ ધબાય. માટે સર્વથી શ્રેષ્ઠ હું. મારા વિના દેહ જ ન રહે અને દેહ જ નહિં હોય તો તારો પોતાનો ભાવ જ કોણ પૂછે, એ બોલને ? માટે સો વાતની એકવાત સર્વશ્રેષ્ઠ 'નાસીકા.' લોકમાં અમસ્તી કહેવત ચાલે છે "દસ શેરનું માથું ભલે ડૂલ થાય પણ નવટાંકનું નાક ન જાય તો ઘણું."

નાકની વાત પૂરી થઇ ન થઈ ત્યાં તો 'જીભ' બોલી ઉઠી, 'પણ નાકની પ્રતિષ્ઠા કોને લીધે છે એ જાણો છો? નિર્માલ્યોના નાક તો હંમેશા કપાય છે અને એ હંમેશા ચોડાય છે પણ જાત કજાતની ખબર તો મારા (જીભને) લીધે પડે છે એનું શું? એના ઉપર જ નાક ના તોલ "એક બોલ માંહી તોલ માણસનો જાણીએ" એમ કવિજનો અમસ્તા બોલે છે? હું (જીભ) છું તો માણસ માણસની સાથે રહી શકે છે. હું છું તો પરંપરા જીવતી રહે છે. હું છું તો તમારી જાતને તમે પ્રગટ કરી શકો છો. હું વાણી અમૃતનું કુંભ ધરું છું ને જરૂર પડે ત્યારે ઝેર પણ હુંજ ઓકું છું. મેં અનેક સામ્રાજ્યો સ્થાપ્યા છે ને ઉથાપ્યા છે. મેં ઇતિહાસ ઘડ્યાં છે. ભૂગોળને લોપી શકું છું. હું હતી તો વર્ષો સુધી જીવતા રહ્યા. મારા વિના તો માણસ શબ જેવો બની જાય છે. માટે વગર વિચારે કહી નાખો મહેરબાન "સર્વ શ્રેષ્ઠ ઇન્દ્રિય જીભ." વાણી વડે સાવિત્રીએ જમરાજાને હરાવ્યા'તા. તેથી વાણી, એ જીવન તારે છે ને મૃત્યુને પણ વારે છે. તેથી સૌથી શ્રેષ્ઠ ઇન્દ્રિય જીભ કહેવાય.

મન તો વિચાર કરતું રહ્યું. ત્યાં તો પ્રાણ ભાઇ આવ્યા. બોલ્યા, 'ભાઇ મારા વિના તો દેહના લોચા દેખાશે લોચા! ને ગીધડા માનશે કે આ માંસપીંડ છે. મિજબાની માણવા જેવો! હું છું તો ઢાંક્યા શોભો છો. અને જ્ઞાન તો જેટલું આંગળાના ટેરવામં રહે છે એવું મગજ માં પણ રહેતું નથી માટે વગર પૂછ્યે ઠરાવો કે સર્વશ્રેષ્ઠ તો હું (પ્રાણ) જ છું સમજ્યા?'

પણ આમાં કાંઇ કોઇના કહેવાથી કોઇ પોતાની વાત જવા દે ખરું? ચક્ષુ, કાન, મન, વાણી, બધા કહેવા માંડ્યા તમારી વાત સાચી પણ અમારા વિના તમે જ શું? તમને એકલાને ઓળખે કોણ? અમે હોઇએ ને તમને મોટા થવા દેશું નહિં.

આમ સમાધાન થયું નહિં એટલે આખો કાફલો ઉપડ્યો બ્રહ્માજી પાસે. દેહ ઘડનાર (બ્રહ્માજી) પ્રજાપતિ જ છે. સૌએ નક્કી કર્યું કે એનેજ પૂછીએ કે તમે કોને સર્વશ્રેષ્ઠ ગણેલ છે?

(બ્રહ્માજી) પ્રજાપતિ બહુ ચતુર હતા. વાત સમજી ગયા કે અનુભવ વિના આ કોઇ પોતાની વાત જવા દે એમ નથી લાગતું. એટલે એમણે જવાબ વાળ્યો તમે એમ કરો તમે એક એક જણ મુસાફરી કરવા નીકળો. બીજાને તમારા વિના કેવી રીતે વીતે છે એ જાણશે એટલે સત્ય જાણીને કબૂલ કરશે કે "સર્વશ્રેષ્ઠ આ છે"

પહેલા 'વાણી' ગઇ બહાર ફરવા. માણસ મૂંગો થઇ ગયો પણ મૂંગોય જીવતો રહ્યો. ખાય પીએ ને મજા કરે! બોલાય નહિં તો ન બોલે એમાં શું? એ પાછી આવીને બધાને પૂછ્યું? મારા વિના જીવવું આકરું થઇ પડ્યું ને? બધાએ જવાબ દીધો પ્રાણી ક્યારે બોલવા જાય છે? તું ન હોય તો ગાડું ચાલે. વાંધો ન આવે. વાણી મૂંગી મૂંગી સમજી ગઇ કે પોતાના વિના બધા હેમખેમ તો છે. માટે બહુ ખેંચવા જેવું નથી.

પછી 'ચક્ષુ' બહાર ફરવા ગયા. એટલે થોડા દિવસ તો બધા મૂંઝાઇ ગયા. પણ પછી ધીમે ધીમે રાગે પડી ગયું. ને એની ખોટ ન જણાઇ. એમ બધા બીજી રીતે કામ કરવા લાગ્યા. 'ચક્ષુ' ફરીને પાછા આવ્યા ત્યારે વગર કહે સમજી ગયા કે આપણા વિના કામ તો ચાલતુ રહ્યું એટલે આપણે ખરા પણ આપણા વિના કામ અટકતું નથી.

પછી "કર્ણેન્દ્રીય" પણ એ પ્રમાણે ફરવા ગઇ. પાછી ફરી ત્યારે એણે સૌને પૂછ્યું "કાં કાં! કેમ લાગ્યું મારા વિના?" બધાએ જવાબ દીધો તમારા વિના, તમેજ જુઓને, કોઇ મરી તો નથી ગયું!

છેવટે મનને અભિમાન હતું કે બધી ઇન્દ્રિયો એને હાથ જોડીને નમી પડશે. ત્યારે 'મન કહે હું નહિં હોતું ત્યારે આ બધા ખોટા પડશે હું પણ ફરવા જાઉં અને એ ફરી કરીને પાછું આવ્યું ત્યારે ધારતું હતું કે બધા કહેશે કે ભાઇ તમે તો રાજા છો તમારા વિના અહીં ઘોર અંધકાર થઇ ગયું. પણ એ પાછું આવ્યું ત્યારે તો કોઇ ઇન્દ્રિયો બોલી જ નહિં. ઊલ્ટાની મૂંગા મૂંગા જાણે કહી રહી કે ભાઇ તું તારી જાતને રાજા ધારે છે તે ખાંડ ખાય છે. તારા વિના તો અમને મજા પડી ગઇ. અમે તો મજાથી જીવતા રહ્યા! તારે લીધે તો થાક ચડે છે. તું નહોતો પણ અમારા ચક્કર ચાલતા રહે છે. અને થાક લાગે જ નહિ. 'મન' ચૂપચાપ આવીને દેહમાં બેસી ગયું.

અને છેલ્લે 'પ્રાણ'એ કહ્યું કે હવે હું જરા ફરી આવું. પણ એમ કહ્યું ન કહ્યું ત્યાં તો કોણ જાણે શું થયું? તમામ ઇન્દ્રિયો ચકળ-વકળ થઇ ગઇ. બધી સૃષ્ટિ બધા માટે જાણે અર્થહિન બની ગઇ હોય તેવું થઇ ગયું. વગર કહે બધાજ સમજી ગયા કે હજીતો 'પ્રાણ' એમ બોલ્યા કે હવે હું જરા ફરી આવું ત્યાં આપણી આવી સ્થિતિ થઇ ગઇ તો ખરેખર એ ફરવા જશે ત્યારે આપણું શું થશે?

બધી ઇન્દ્રિયો એ વાત માની ગઇ કે કહો ન કહો પણ 'પ્રાણ' જ સર્વસ્વ છે. એના વિના તો આપણે મુડદાનો કોઇ ભાવ જ પૂછે તેમ નથી અને પછી તમામ ઇન્દ્રિયોએ 'પ્રાણ'ની સ્તુતિ કરી.

'હે પ્રાણ! તમે છો તો સ્થાવરની જેમ તમામ સૃષ્ટિ છે. તમે છો તો બધે રસ છે. દેવતાનું જીવન અમૃત એ પણ પ્રાણને લીધે છે. પ્રાણ જ સર્વશ્રેષ્ઠ છે.

હે અમારા પ્રાણ! અમારી જે કાંઇ શક્તિ છે. તે શક્તિના મૂળમાં તમે છો. ત્યારે અમારું પણ અમાપ બની જાય છે. ઇંદ્ર કહો, અગ્નિ કહો, મેઘ કહો, શક્તિ કહો, પણ એ બધું પ્રાણ માટે છે પ્રાણને લીધે છે માટે પ્રાણોપાસના સર્વોત્તમ છે!' ■

# શ્રી અમરનાથ બાબાની યાત્રા - ૨૦૧૦

**વિનોદ કંસારા - માંડવી**

સમુદ્રની સપાટીથી લગભગ ૧૩,૭૦૦ ફૂટની ઊંચાઇ પર સ્થિત શ્રી અમરનાથ બાબાના પવિત્ર સ્થાન સુધી અતિ કઠિન સફર કરીને પહોંચવું એજ આપણું પરમ સૌભાગ્ય માનવું જોઇએ.

જેમને ધરતી પરનું સ્વર્ગ કહેવામાં આવે છે તેવા કાશ્મીરના ઊંચા પહાડો અને જંગલો પસાર કરી ત્યાં પહોંચી શકાય છે. કાશ્મીર જેનું વર્ણન કરવામાં સંપૂર્ણ માનવજીવન ઓછુ પડે તેમ છે છતાં તે અંગે કહેવા વગર રહી શકાય તેમ નથી તે સૌ જાણે છે.

સફેદ બરફની ચાદરોથી ઢંકાયેલ ઉંચા પહાડો અને તે ઉંચાઇએથી પડતાં પાણીના ધોધ, જેનોકર્ણ પ્રિય સંગીત જે માનવ મનને પ્રફુલ્લિત કરે છે. ૫૦ થી ૬૦ ફૂટની ઉંચાઇ ધરાવતા સીધા વૃક્ષો અને બીજા અનેક મનોહર દૃશ્યો નજરે જોવા અને માણવા લાયક છે.

જગત જેને શક્તિ રૂપે સર્વવ્યાપક માને છે એવા માતા પાર્વતીજીને ભગવાન ભોળાનાથે અમરત્ત્વની પ્રાપ્તિ માટેની કથાનું વર્ણન કરવા માટે આવા દુર્ગમ સ્થાનની પસંદગી કરવા પાછળનું કારણ અન્ય કોઇ જીવ આ કથાનું શ્રવણ ન કરી શકે. પરંતુ ઇંડારૂપી આવરણમાં સજીવ બચ્ચાઓએ આ કથાનું શ્રવણ કરી અમરત્ત્વ પ્રાપ્તિના સહભાગી કબૂતરોનું જોડું આજે પણ તેજ સ્થાને બિરાજે છે. જે કથા અનુસાર આપની સમક્ષ રાખેલ છે.

આવા સ્થાને પહોંચવા માટેનો પ્રથમ માર્ગ જ જમ્મુથી શ્રીનગર થઇને બાલતાલ સુધીનો માર્ગ ટેક્ષીઓ અથવા બસો મારફતે મુસાફરી કરીને પહોંચી શકાય છે. જ્યારે બીજો માર્ગ જમ્મુથી અનંતનાગ અને ત્યાંથી પહેલગાંવ સુધીની મુસાફરી મર્યાદિત છે. જ્યાં યાત્રીઓને રહેવા માટેની ઉત્તમ હોટલો આવેલી છે જ્યાં શહેરી વિસ્તાર આવેલ હોઇ રહેનાર માટે અનુકૂળ છે. જ્યારે ચંદનવાડી ગ્રામ્ય વિસ્તાર હોવાને લીધે ત્યાં રહેવાનું અશક્ય છે. બીજું હેલીકોપ્ટરથી જવા માટેની સેવા પણ અહીંથી ઉપલબ્ધ છે.

ચંદનવાડી તથા અગાઉ જણાવ્યા પ્રમાણે બાલતાલ બંને જગ્યાએથી પગપાળા-ઘોડે સવારી તથા ડોલી મારફતે આ યાત્રાની શરૂઆત કરી શકાય છે. બાલતાલથી આ યાત્રાનો પ્રવાસ લગભગ ચૌદથી સોળ કિલોમીટરનો છે જ્યારે ચંદનવાડીથી આ પ્રવાસ લગભગ બત્રીસથી ચોત્રીસ કિલોમીટર સુધીનો છે.

આપણે આ યાત્રાનો પ્રારંભ ચંદનવાડીથી કરીશું. પગપાળા યાત્રા કરનાર યુવાન વર્ગ તેમજ શરીરથી સશક્ત વર્ગ માટે મર્યાદીત છે એ કહેવામાં જરાય અતિશયોક્તી નથી. પરંતુ ઘોડા પર સવાર થઇને દરેક લોકો માટે સુલભ છે જેમાં નિરોગી લોકો માટે તો ઉંમરને બાધ રહેતી નથી એમ અમારૂં માનવું છે. જ્યારે ડોલીમાં સવાર મોટી ઉંમરના લોકો તેમજ ભારે શરીર ધરાવતા લોકો માટેની વ્યવસ્થા છે. તે ડોલીની બનાવટ પણ જોવા જેવી છે. એક ખુરશી, જેમાં ગાદીઓ મૂકીને બેઠક બનાવેલ હોય છે અને તે ખુરશીને બંને બાજુ એ ૪ ઇંચ X ૪ઇંચના ૫ થી ૬ ફૂટના લાંબા ધોકા સાથે બાંધવામાં આવે છે. જેની આગળ બે જણ તથા પાછળ બે જણ ઉંચકીને ચાલે છે.

સાથે એક જણ વધારાનો સાથે રહે છે. એ રીતે તેઓ યાત્રીને ઉંચકીને ૩૪ કિ.મી. જવાનું તથા ૩૪ કી.મી. પાછા વળવાનું એમ તેઓ ૬૮ કિ.મી.નો પ્રવાસ, પગપાળા વજન ઉંચકીને પૂર્ણ કરતાં પૂરા બે દિવસનો સમય લાગે છે. જેનું મહેનતાણું લગભગ રૂા. ૧૫,૦૦૦/- પંદર હજાર ચૂકવવા પડે છે.

ઘોડા પર સવારી કરી યાત્રા કરનાર યાત્રીઓ ઘોડા પર સવાર થાય અને તેના ચાલક ઘોડા સાથે પગપાળા ચાલે છે. ઘોડા પર સવારી જેમણે ક્યારે પણ કરેલી હોય નહીં તેને માટે તો મુશ્કેલ છે. પરંતુ ઘોડે સવારી કરનાર માટે પણ સુલભ નથી. અનુભવી સવારોને પ્રથમ તો આનંદ આવે તે સહજ છે પરંતુ ઘોડો જ્યારે ૧૨" ઇંચ થી ૫" ઇંચની ઉંચાઇ ધરાવતા પથ્થરો પર ચડવાની શરૂઆત કરવા સાથે તે આનંદ લુપ્ત થતો જાય છે. વાત આટલા પૂરતી સીમીત હોય તો સારૂં પણ બે કલાકની ઘોડે સવારી કર્યા બાદ ૫૦ થી ૨૦૦ ફૂટની ઉંચાઇના એક પહાડ પર ઘોડા માટે સવાર સાથે ચડવું મુશ્કેલ હોઇ આ પ્રવાસ પગપાળા ફરજીયાત કરવો પડે છે.

આ પહાડ પર ચડવા માટે અશક્ત યાત્રીઓ પૈસા ખર્ચ કરતાં ડોલીવાળા લોકો ડોલીમાં બેસાડી આ પ્રવાસ પૂર્ણ કરી આપે છે. જેને ત્યાં લોકો ભાષુ દ્રોપ-પોષીપત્ર ના નામથી ઓળખે છે. જ્યાં સમાજસેવી સંસ્થાઓ દ્વારા ભંડારા માટેનાં આયોજન કરવામાં આવે છે જેમાં ઉતારાની વ્યવસ્થા તેમજ આટલી ઉંચાઇએ પણ એક પણ પૈસો આપ્યા વગર જમવાનું તેમજ આરામ માટેની વ્યવસ્થા નિઃશુલ્ક પૂરી કરે છે. જે પ્રશંસાને પાત્ર છે જેનો યાત્રી ભરપૂર આનંદ માણે છે. અને ત્યાંથી પુનઃ ઘોડે સવારીની શરૂઆત થાય છે.

લગભગ ૮થી ૧૦ કિ.મી.નો પ્રવાસ કર્યા પછી શેષનાગ નામના સ્થાન પર પહોંચતા યાત્રાની શરૂઆત સવારના ૭.૩૦થી કરેલી અને અહીં પહોંચતા ૩.૩૦ ના બપોરના પહોંચી શકાય છે જે ૮ કલાકનો પ્રવાસ અવિરત કરવો પડે છે.

શેષનાગના સ્થાન પર મોટો ભંડારાનો કેમ્પ જેમાં દરેક યાત્રીઓ માટે ભારતના દરેક પ્રાંતની વાનગીઓનો સ્વાદ નિઃશુલ્ક માણી પોતાની જઠરાગ્નિ સંતોષી શકે છે તેમજ આરામ કરવા માટેની પણ સુંદર વ્યવસ્થા મેળવી શકે છે.

આ યાત્રા જુનના અંતથી ઓગસ્ટના અંત સુધી ૬૦ દિવસ ચાલતી હોવાને લીધે વાતાવરણ વરસાદી હોઇ ત્યાંની અતિ ચીકાશવાળી માટીની જમીન હોવાને કારણે માર્ગો અતિ લપસણા બને છે. તદુપરાંત માર્ગો સાંકડા અને તેના પર પ્રવાસ કરતા યાત્રીઓ, ઘોડે સવારો તેમજ ડોલીથી ઉંચકી જતા ડોલીવાળા પ્રવાસીઓ વચ્ચે યાત્રીઓને વધુ કઠિન યાત્રાનો પ્રારંભ કરવો પડે છે અને બેથી અઢી કલાકનો પ્રવાસ કર્યા પછી પંચતરણી નામના સ્થાને સાંજે ૬.૩૦થી ૭ વાગ્યા સુધી પહોંચાય છે. જ્યાં રાત્રી રોકાણ માટેની વ્યવસ્થા પૈસા ખર્ચ કરીને મેળવી શકાય છે અને ભોજન માટેની ભંડારાની વ્યવસ્થા નિઃશુલ્ક કરવામાં આવે છે.

પંચતરણીમાં હેલીકોપ્ટરથી યાત્રા કરનાર યાત્રીઓ માટેનો હેલીપેડ આજ સ્થાને આવેલ હોઇ અહીંથી દરેક યાત્રીઓએ અગાઉ જણાવ્યા મુજબની જેવી કે ઘોડેસવારી અથવા ડોલીની સેવાનો લાભ લેવો પડે છે. પંચતરણીથી અમરનાથ ગુફાની તળેટી સુધી એકથી દોઢ કલાકનો માર્ગ આ યાત્રાનો સૌથી વધુ મુશ્કેલ છે. પહાડોની ઉંચાઇ અને સાંકડા માર્ગો થોડા વરસાદમાં ચીકણા

રસ્તાઓ વધુ લપસણા બને. આવી પરિસ્થિતિમાં ૫૦૦થી ૬૦૦ ફૂટની ઉંચાઇએથી તળેટીમાં વિચરણ કરતા પશુઓ અને માનવોના કદ રમકડા સમાન નજરે ચડે છે. આટલી ઉંચાઇએ ચાલતા યાત્રીઓ તથા ઘોડે સવાર યાત્રીઓ પોતાના ધારેલા સ્થાને ૫ગ ૫ડે નહીં તો ઘોડે સવાર યાત્રી ઘોડા સહિત તેમજ ૫ગપાળા ચાલતા યાત્રીઓના અસ્તિત્વ માટે જોખમી પુરવાર થાય તેવી કલ્પના માનવ મનમાં સતત રહેતી હોય તે સ્વાભાવિક છે.

આટલું સહન કર્યા પછી આપણી સહનશક્તિની મર્યાદા પર પૂર્ણ વિરામની નિશાની લાગી જાય છે અને ગુફાની તળેટી સુધી પહોંચી શકાય છે. જ્યાં રાત્રી રોકાણ માટેના તંબૂ અને સવારે નહાવા માટે ગરમ પાણીની સગવડ ત્યાંના રહેવાસીઓ દ્વારા કરવામાં આવે છે. જે પૈસા ખર્ચ કરીને મેળવી શકાય છે. આપને જાણીને નવાઇ લાગશે કે જ્યાં એ લોકો તંબુઓ બાંધે છે તે જમીન નહીં પરંતુ બરફની આઠથી દસ ફૂટની જાડી શીલા પર પ્રથમ પ્લાસ્ટીક અને તેની પર બેડ પાથરી આપે છે. જ્યારે અમુક જગ્યાએ તો બરફ પીગળીને પાણી જેનો પ્રવાહ નદી સમાન સતત વહેતો રહે છે.

૧૨૦થી ૧૩૦ ફુટની ઉંચાઇ ધરાવતા ગુફાના પ્રવેશ દ્વાર સુધી પહોંચવા ૩૨૦ પગથીયાની સીડી પસાર કરવી પડે છે. ત્યાર બાદ તેમના ફળ સ્વરૂપે જોઇએ તો કુદરતે કરેલ અજબ રચનાનું સાક્ષાત્કાર જેને આપણે બધા શ્રી અમરનાથ દાદાનું કુદરતી બનતું પાકા કાંચ જેવા બરફનું શીવલીંગ અને અમરત્વને પામેલ એવા સફેદ કબૂતરોનું જોડું અને તેની સમક્ષ નત મસ્તકે ઉભેલા પરમ ભક્તોને નિહાળતાં આપણે મસ્તક નમાવવું પડતું નથી પરંતુ આપો આપ નમી જાય છે અને આપણને આ ધરતી પર મળેલ માનવ જીવન સાર્થક થયાનો અનુભવ થાય છે. શારીરીક શક્તિ અને આર્થિક સદ્ધરતાના આધારે સતત બે માસ સુધી ચાલતી આ યાત્રામાં દર વર્ષે યાત્રીઓની સંખ્યામાં ઉત્તરોત્તર થતાં વધારામાં સહભાગી થઇને માનવ જીવન સાર્થક કરી લેવું એ નિર્વિવાદ સત્ય છે.

આ યાત્રા માંડવી-કચ્છના ચંદુલાલ વાલજી કંસારા તથા વિનોદ વલ્લભદાસ કંસારાએ ઘોડા પર સવાર થઇને પૂર્ણ કરેલ છે જેનો અનુભવ જ્ઞાતિસેતુના વાંચકો સમક્ષ મૂકવાનો પ્રયત્ન કરેલ છે જે જ્ઞાતિજનો માટે પથદર્શક બની રહેશે એવી આશા સાથે અસ્તુ. ■

## પ્રેરણા

એક તદ્દન નવી વાનગીની રીત આ પ્રમાણે છે. સૌ પ્રથમ એક કિલો પ્રેમ લઇ એમાં બસો ગ્રામ સ્મિત ઉમેરો. આથો ચડી રહે પછી એમાં ચાર ચમચી વિશ્વાસ અને ત્રીસ ગ્રામ જેટલી સહાનુભૂતિ તથા પા લીટર સચ્ચાઇ ઉમેરો. જે મિશ્રણ તૈયાર થાય તેને બરાબર ઘૂંટીને ઘટ્ટ થવા દો. પછી એમાં એટલા જ વજન જેટલો આનંદ રેડીને ઠીક-ઠીક સમય સુધી વૈરાગ્યનાં રેફ્રીજરેટરમાં મૂકી રાખો. થોડાંક સમય પછી યોગ્ય કદનાં ચકાતાં પાડીને શત્રુઓ તથા મિત્રમાં વહેંચવા માંડો. આવી સ્વાદિષ્ટ વાનગીનું નામ “જીવન” છે.

*દિવ્યા શાંતિલાલ બુધ્ધભટ્ટી - અંજાર*

## ગરીબી ટકાવો

‘ગરીબી હટાવો’ના ના ધારા બનાવો
‘ગરીબી હટાવો’ના ના નારા લગાવો
ગરીબી હટે ના સદાય નિહાળો
ગરીબી ટકાવો ગરીબી ટકાવો

ગરીબી હશે તો રહેશે ધનિકો
દયા દાખવી કંઇક બનશે મહંતો
ગરીબી જશે તો શું કરશે શ્રીમંતો?
ગરીબી ટકાવો ગરીબી ટકાવો.

ગરીબી છે ઉપકાર કેરો સહારો
ગરીબી વિના ડૂબશે શાહુકારો
મદદ આપવાનો ન રહેશે કો’ ચારો.
ગરીબી ટકાવો, ગરીબી ટકાવો.

ગરીબીથી ઉભુ છે સત્તા સિંહાસન
ગરીબી ટકાવે છે નેતાનું આસન
ગરીબી જશે તો થશે શુષ્ક ભાષણ
ગરીબી ટકાવો ગરીબી ટકાવો.

‘ગરીબી હટાવો’ના ગર્જનથી સર્જન
સ્વસતાનું પરના ગુણોનું વિસર્જન
ગરીબીનું ખેતર ચરે આખલાઓ
ગરીબી ટકાવો ગરીબી ટકાવો.

ગરીબી વિના લેખકો પણ લખે શું?
ગરીબી ન હોય તો કવિઓ કહે શું?
ગરીબી છે પૂંજી સદા સેવકોની
ગરીબી ટકાવો ગરીબી ટકાવો.

‘ગરીબી હટાવો’ની ભાષામાં સૌષ્ઠવ
‘ગરીબી હટાવો’ ની વાણીમાં ગૌરવ
ગરીબી જશે તો સર્જાશે રૌરવ.
ગરીબી ટકાવો ગરીબી ટકાવો.

ધનંજય જલાવે છે ખાંડવ વનને
જલાવે છે મારુતિ લંકાના તનને
કરેને ગરીબીને કોઇ પ્રહારો
ગરીબી ટકાવો ગરીબી ટકાવો.

બળે “કામ” છો શિવના દૃષ્ટિ પ્રહારે
જીવી જાશે માનવતા મનને સહારે
કોઇને હટાવો કોઇને મિટાવો
ગરીબી ટકાવો ગરીબી ટકાવો.

તમે છો ને નીરખો આ સૃષ્ટિને સારી
પ્રગટ છો છતાં રહેશો જગથી છુપાઇ
ગરીબીની સિદ્ધિનો મહિમા છે આવો
ગરીબી ટકાવો ગરીબી ટકાવો.

હરિ હરશે તન મન અને ધનની ગરીબી
સ્મરે ના કો’ એને છે એ કમનસીબી
‘હટાવો’ કહે પણ દિલથી ચાહે
ગરીબી ટકાવો ગરીબી ટકાવો.

*પ્રેષક : બિહારીલાલ એચ. બુધ્ધભટ્ટી*

# શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ - ભુજ

## રજત જયંતિ સમૂહ લગ્નનો અહેવાલ

શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ-ભુજ આયોજિત ૨૫માં સમૂહલગ્નને રજતજયંતી સમૂહલગ્ન તેમજ સમાજ ગૌરવદિન તરીકે ૧૨-૧૩-૧૪ ડિસેમ્બર ૨૦૧૦ ના ભવ્ય રીતે ઉજવવામાં આવ્યો. જેમાં ૫૮ યુગલોએ પ્રભુતામાં પગલાં માંડ્યા. આ માંગલિક પ્રસંગે તા. ૧૨ના મહેંદી રસમ, દાંડિયારાસ, રાસગરબા; તા. ૧૩ના શ્રી ગણેશપૂજન, માંડવા, ગ્રહશાંતિ, વરઘોડો, હાસ્યનો પ્રોગ્રામ, સન્માન સમારંભ; તા. ૧૪ના હસ્તમેળાપ તથા સત્કાર સમારંભનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું.

સન્માન સમારંભમાં સમૂહલગ્ન ખર્ચના દાતા શ્રી ભરતભાઈ રામદાસ બગ્ગાનું સમૂહલગ્ન સમિતિ તરફથી પાઘડી-શાલ-મોમેન્ટોથી સન્માન કરવામાં આવ્યું. તેમ સમૂહલગ્ન કાયમી ફંડમાં વધુ રકમનું દાન આપનાર જ્ઞાતિ-શિરોમણી શ્રી જટુભાઈ વેલજી ચનાણી, શ્રી કિશોરભાઈ બાબુલાલ બુદ્ધભટ્ટી (રાયપુર), શ્રી ભરતભાઈ બેચરદાસ બગ્ગા (નખત્રાણા), શ્રી પ્રભુદાસભાઈ ખેતશી ગુજરાતી તથા શ્રી જીવરામભાઈ કેશવજી પોમલ (રામપર-વેકરા) નું સન્માન કરવામાં આવ્યું તેમજ જે જે ઘટકોએ તેમને ત્યાં સમૂહલગ્નના આયોજન કર્યા હતો તેવા અંજાર, નખત્રાણા તથા પશ્ચિમ કચ્છના પ્રમુખશ્રીઓનું સન્માન કરવામાં આવ્યું. આ પ્રસંગે પ્રથમ સમૂહલગ્નમાં જોડાયેલ ૪ દંપતીઓનું પણ સન્માન કરવામાં આવ્યું. વિશેષમાં ભુજ જ્ઞાતિ ટ્રસ્ટ તરફથી શ્રી ભરતભાઈ રામદાસ બગ્ગાને ''સમાજરત્ન'' તથા શ્રી પ્રભુદાસભાઈ ખેતશી ગુજરાતીને ''સમાજશ્રેષ્ઠી'' ના ઇલ્કાબથી સન્માનિત કરવામાં આવ્યા.





સત્કાર સમારંભના અધ્યક્ષ સ્થાનેથી જ્ઞાતિ પ્રમુખશ્રી કિશોરભાઈ જટુભાઈ ચનાણીને નવદંપતીઓને શીખ આપતા જણાવ્યું કે દૂધમાં જેમ સાકર ભળી જાય તેમ તમારા પરિવારમાં ભળી જશો, એકબીજાને સારી રીતે સમજવાની કોશિષ કરશો, વડીલોની આમન્યા જાળવશો તેમજ કૌટુંબિક તથા સમાજ પ્રત્યેની ફરજો નિષ્ઠાપૂર્વક બજાવશો.

વિશેષમાં જ્ઞાતિ ટ્રસ્ટ તરફથી જાહેર કરવામાં આવેલ કે કોઈ પણ ઘટક સાથે ન જાડાયેલા હોય તેવા દેશભરના પરિવારોને ભુજ જ્ઞાતિનું માનદ્ સભ્યપદ શરતોને આધિન આપવામાં આવશે. ચંદાબેન બુદ્ધભટ્ટી તરફથી મળેલ પ્લોટ ઉપર ગ્રાઉન્ડ ફ્લોરમાં ભવિષ્યમાં હોસ્પિટલ શરૂ કરી શકાય તેવું બાંધકામ તેમજ ફર્સ્ટ ફ્લોર ઉપર કોમ્પ્યુટર ટ્રેનિંગ સેન્ટર માટે રૂમ તથા જ્ઞાતિ ટ્રસ્ટની ઓફિસ બનાવવામાં આવશે. જેનો બાંધકામનો ખર્ચ સમાજ શ્રેષ્ઠી શ્રી પ્રભુદાસભાઈ ખેતશી ગુજરાતી પરિવાર તરફથી આપવામાં આવશે તેવી જાહેરાત કરવામાં આવેલ. રજતજયંતિ સમૂહલગ્ન તથા સમાજ ગૌરવદિનની યાદગીરી રૂપે સમૂહલગ્ન કાયમી ફંડની રચના કરવામાં આવી છે. જેનો મુખ્ય ઉદ્દેશ ક્રમશઃ સમૂહલગ્ન નિઃશુલ્ક કરવાનો છે. તેમ ૨૪મા સમૂહલગ્ન પ્રસંગે મેડિકલ કાયમી ફંડની રચના કરવામાં આવશે તેવી જાહેરાત કરવામાં આવી હતી તે મેડિકલ કાયમી ફંડની રચના કરવામાં આવી છે. જે આવતા વર્ષથી કાર્યરત થશે. વિશેષ જાહેરાત કરતાં જણાવ્યું કે ભુજ જ્ઞાતિના જરૂરિયાતમંદ લાણેદાર ધંધા અર્થે વધુમાં વધુ રૂા. ૫૦ હજાર બેંક મારફતે લોન મેળવશે તો તેના પ્રથમ વર્ષનું વ્યાજ જ્ઞાતિ ટ્રસ્ટ ભોગવશે ત્યાર પછીના વર્ષોનું વ્યાજ લોન મેળવનારે ભરવાનું



રહેશે. જ્ઞાતિ પ્રમુખશ્રીએ અપીલ કરતાં જણાવ્યું કે સમાજનો નાનો-મોટો વર્ગ તમામ સમૂહલગ્નમાં જોડાય તે માટે સમૂહલગ્નની પદ્ધતિમાં કે નિયમોમાં કંઇ પણ પરિવર્તન કરવાની જરૂર હશે તો તે માટે જ્ઞાતિ ટ્રસ્ટ તૈયાર છે. તે માટે જ્ઞાતિજનોને યોગ્ય સલાહ સૂચન કરવા જણાવ્યું.

જૂનાગઢ યુવક મંડળ તથા પ્રથમ સમૂહલગ્ન સમિતિ અને પ્રથમ સમૂહલગ્નમાં જોડાયેલા દંપતીઓ પૈકી શ્રી નવીનચંદ્ર જેઠાલાલ બુદ્ધભટ્ટી તરફથી ભુજ સમાજનું સન્માન કરવામાં આવ્યું તે બદલ પ્રમુખશ્રીએ આભારની લાગણી દર્શાવી.

સમૂહલગ્ન સમિતિના કન્વીનર શ્રી અમૃતલાલભાઇ જેઠાલાલ સોલંકીએ સમાજમાં છોકરાઓની સામે છોકરીઓની ઘટતી સંખ્યા માટે ચિંતા દર્શાવી, ભ્રૂણહત્યાનું પાપ ન કરશો તેવી વિનંતી કરી તેમજ યુવાનોને પરિશ્રમ દ્વારા આગળ વધવા અને ખોટા સુખની પાછળ ન દોડવા અપીલ કરેલ તથા વ્યસનોની ગુલામીમાંથી સ્વતંત્ર થવા આહ્વાન કર્યું હતું.

સમૂહલગ્નના મંત્રીશ્રી ચંદ્રકાન્તભાઇ જટુભાઇ ચનાણીએ સમૂહલગ્નના આયોજન અંગેની માહિતી આપી જણાવ્યું કે આ રજતજયંતી સમૂહલગ્ન કોઇપણ સાધન સંપન્ન પરિવારના ઘરે લગ્ન હોય તે રીતે આ સૂહલગ્નનું આયોજન કરવું, જે સ્વપ્ન અમે આજે સાકાર કરી શક્યા તેનો આનંદ છે. વિશેષ આનંદ એ વાતનો છે કે આ રજતજયંતિ સમૂહલગ્ન આપણા સમગ્ર સમાજ માટે એક ઐતિહાસિક પ્રસંગ બન્યો, જેના કારણો અનેક છે. જેને ટૂંકમાં જણાવતાં કહ્યું કે એક જ દાતાશ્રી તરફથી સંપૂર્ણ ખર્ચ મળવો, પ્રથમ વખત નિઃશુલ્ક આયોજન કરવામાં આવ્યું. ૫૮ જોડકાંઓ પહેલીવાર જોડાયા, ત્રણ દિવસનો પ્રોગ્રામ કરવામાં આવ્યો વિગેરે.

નખત્રાણાના શ્રી ભરતભાઇ બેચરદાસ બગ્ગાએ રજતજયંતિ સમૂહલગ્નનો ભવ્ય રીતે આયોજન કરવા બદલ ટીમવર્કને બિરદાવી અભિનંદન આપ્યા અને જણાવ્યું કે આવા જ્ઞાતિના મેળાવડાથી ઓળખાણ વધે છે.

આજના આ કાર્યક્રમમાં નવદંપતીઓને પોતાની લાગણીઓ દર્શાવવાનું જણાવતાં સ્મિતાબેને ધામધૂમથી ઉજવાયેલા સમૂહલગ્ન બદલ આનંદ વ્યક્ત કર્યો હતો, તો ડિમ્પલબેને સમૂહલગ્નમાં જોડાવવા અપીલ કરી હતી. મધુસુદન બારમેડાએ સત્કારના સાચા હક્કદાર, કાર્યોકરોને ગણાવ્યા હતા.

કંકોત્રી છપાઇ ગયા બાદ સમૂહલગ્ન કાયમીફંડમાં રૂા. ૧૧ હજારથી વધુ દાન આપનાર દાતાશ્રીઓ ઉપરાંત સમાજને લાંબા સમયથી સેવા-સહયોગ આપનાર કાર્યકર ભાઇ-બહેનો તથા રસોઇયા-મંડપવાળા-લાઇટ સાઉન્ડવાળા અને માળીનું સન્માન કરવામાં આવ્યું હતું.

મંચસ્થ જ્ઞાતિ પ્રમુખશ્રી કિશોરભાઇ ચનાણી, ''સમાજરત્ન'' શ્રી ભરતભાઇ બગ્ગા, ''સમાજશ્રેષ્ઠી'' શ્રી પ્રભુદાસભાઇ ગુજરાતી, કન્વીનરશ્રી અમૃતલાલ સોલંકી તેમજ શ્રી પ્રેમજીભાઇ સોલંકી (વડાલી), શ્રી નવીનભાઇ પોમલ (મુંબઇ), શ્રી કાન્તીભાઇ હેડાઉ, શ્રી ભરતભાઇ બગ્ગા (નખત્રાણા), શ્રી કિશોરભાઇ બુદ્ધભટ્ટી (રાયપુર), શ્રી હરીલાલભાઇ વિશા પરમાર (અંજાર), શ્રી ચંદુલાલભાઇ બીજલાણી (માંડવી), શ્રી ભાઇલાલભાઇ પોમલ, શ્રી વિનોદભાઇ ચનાણી, શ્રી જગદીશભાઇ ચૌહાણ, શ્રી રસિકભાઇ બુદ્ધભટ્ટી, શ્રી બકુલભાઇ ગુજરાતી, શ્રી ભૂપેન્દ્રભાઇ બુદ્ધભટ્ટી ઉપરાંત ખાસ મહિલા આમંત્રિત વેલુબેન બુદ્ધભટ્ટી, ગં.સ્વ. શારદાબેન પોમલ, ગં.સ્વ. તારાબેન બગ્ગા, ગં.સ્વ. જ્યોતિબેન બારમેડા ઉપસ્થિત રહ્યા હતા.

રજયજયંતિ સમૂહલગ્ન નિમિત્તે મુંબઇ, અમદાવાદ, રાયપુર, જામનગર, રાજસ્થાન, બનાસકાંઠા, અંજાર, નખત્રાણા, માંડવી, પશ્ચિમ કચ્છ, ગાંધીધામ, દયાપર, રવાપર, મોટી વિરાણી, વિથોણ, નલીયા, કોઠારા વિગેરે ઘટકોના પ્રમુખશ્રીઓ હોદ્દેદારો તેમજ દેશભરમાંથી બહોળી સંખ્યામાં પધારેલા જ્ઞાતિજનોએ આ ઐતિહાસિક પ્રસંગે હાજરી આપી હતી. આ શુભ અવસરે જ્ઞાતિજનો તરફથી નવદંપતીઓને ૪૧ ભેટો મળી હતી.

આ સમગ્ર આયોજનમાં સમૂહલગ્ન સમિતિના કન્વીનર શ્રી અમૃતલાલભાઇ જે. સોલંકી, મંત્રીશ્રી ચંદ્રકાન્તભાઇ જે. ચનાણી, જ્ઞાતિ પ્રમુખશ્રી કિશોરભાઇ જે. ચનાણી, ઉપપ્રમુખશ્રી સુનિલભાઇ એમ. કંસારા, મંત્રીશ્રી દિલીપભાઇ કે. બગ્ગા તેમજ કારોબારી સભ્યો, યુવક મંડળના પ્રમુખશ્રી અનિલભાઇ કે. છત્રાળા, મહિલા મંડળના પ્રમુખશ્રી લતાબેન આઇ. સોલંકીના માર્ગદર્શન હેઠળ નામી-અનામી કાર્યકર ભાઇ-બહેનોએ જહેમત ઉઠાવી આ આયોજન સફળતાપૂર્વક પાર પાડ્યું હતું. ■

## "સેતુ"ને સહયોગ

**હાલમાં 'જ્ઞાતિસેતુ'ના પ્રકાશન - વિતરણ કાર્યમાં અંજાર, ભુજ, નખત્રાણા, માંડવી, માધાપર વિ. સ્થળોએ સમાજના સેવાભાવી મિત્રો દ્વારા ખૂબ સારો સહયોગ મળી રહેલ છે. આ સિવાયના શહેર / ગામમાં વસતાં જ્ઞાતિના અગ્રણી / કાર્યકરોને આ સેવાકીય પ્રવૃત્તિમાં સહયોગ આપવા હાર્દિક આમંત્રણ છે.**

**"સેતુ"ના માનદ્ સહયોગી કાર્યકર મિત્રોએ તેમના વિસ્તારની જ્ઞાતિ સંસ્થાની પ્રવૃત્તિઓના અહેવાલો સમયસર મેળવવા, લવાજમ મેળવવા, નવા સભ્યો બનાવવા, જ્ઞાતિસેતુ માટે જાહેરાત મેળવવા તથા સમાજના નવોદિત લેખકોને લેખ / કાવ્યો મોકલવા પ્રેરીત કરવા જેવી કામગીરી કરવાની રહે છે.**

**જો આપ "જ્ઞાતિ સેતુ"ના માનદ્ સહયોગી તરીકે સેવા આપવા ઈચ્છતા હો તો આપનું નામ, સરનામુ તથા ફોન નંબર સાથે "જ્ઞાતિ સેતુ" કાર્યાલય પર પત્ર લખી જણાવવા વિનંતી છે.**

**ઉત્સાહી કાર્યકરોને હાર્દિક નિમંત્રણ છે.**

***— "જ્ઞાતિસેતુ" વ્યવસ્થાપક મંડળ***

## માનદ્ સભ્યપદ અંગેના નિયમો

૧. જ્ઞાતિજન કોઈપણ ઘટકમાં સભ્યપદ ધરાવતા ન હોય તેમ ઘટકના એરીયામાં રહેતા ન હોય તેવા જ્ઞાતિજનોના પરિવારને માનદ્ સભ્યપદે લેવામાં આવશે.

૨. માનદ્ સભ્યપદ ધરાવનાર પરિવારના સભ્ય જ્ઞાતિ ટ્રસ્ટના ટ્રસ્ટી મંડળમાં હોદ્દેદાર કે સભ્ય બની શકશે નહિં તેમ મતદાન કરી શકશે નહિં.

૩. માનદ્ સભ્યપદ મેળવનાર પરિવારે (કચ્છ બહારના) ભુજ જ્ઞાતિ ટ્રસ્ટના લાણેદારોમાંથી કોઈપણ એક લાણેદારને પાવરદાર તરીકે નીમવાનો રહેશે. જે તેઓ વતી જ્ઞાતિ ટ્રસ્ટ સાથે દરેક જાતના વ્યવહાર કરવા સક્ષમ હોય.

૪. માનદ્ સભ્યપદ દર વર્ષે રીન્યું કરાવવાનું રહેશે. રીન્યુ ન કરાવનાર પરિવાર આપોઆપ સભ્યપદથી દૂર થશે. તેમજ અન્ય ઘટકના સભ્યપદે હોવાનું જાણ થશે તો પણ આ માનદ્ સભ્યપદ રદ્દ થશે.

૫. માનદ્ સભ્યપદ ધરાવનાર પરિવારે જ્ઞાતિ ટ્રસ્ટના દરેક કાર્યોમાં અનૂકૂળતાએ ભાગ લેવાનું રહેશે. તેમજ દરેક પ્રસંગે પોતાની શક્તિ મુજબ ફંડ-ફાળો આપવાનો રહેશે.

૬. માનદ્ સભ્યપદ ધરાવનાર પરિવારને જ્ઞાતિ ટ્રસ્ટનું બંધારણ બંધનકર્તા રહેશે.

૭. માનદ્ સભ્યપદ અંગે જ્ઞાતિ ટ્રસ્ટ જે કંઇ નિયમોમાં ફેરફાર કરશે તે સભ્યપદ ધરાવનાર પરિવારને બંધનકર્તા રહેશે.

૮. સભ્યપદ ધરાવનાર પરિવાર જ્ઞાતિ ટ્રસ્ટ તરફથી મળતા દરેક લાભો મેળવવાપાત્ર રહેશે.

૯. માનદ્ સભ્ય ફી લાણેદારોની ફી જેટલી જ રહેશે.

૧૦. સભ્યપદ ધરાવનાર પરિવારનો એડ્રેસ કે મોબાઇલ નંબરમાં ફેરફાર થાય તો તરત જ્ઞાતિની ઓફિસે જણાવવાનું રહેશે.

— — ✂ — — — — — — — — — — — — — — — — — — — — — — — — — — — — — ✂ — — —

## માનદ્ સભ્યપદ અંગેની અરજી

પુરૂં નામ ______________________

એડ્રેસ ______________________

______________________

______________________

ફોન ______________________

મો. ______________________

*માનનીય પ્રમુખશ્રી*
*શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ,*
*ભુજ-કચ્છ (ગુજરાત)*

**બાબત : માનદ્ સભ્યપદ મેળવવા અંગે...**

જય માતાજી સાથે જણાવવાનું કે અમારો પરિવાર શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ-ભુજનો માનદ્ સભ્યપદ મેળવવા ઇચ્છે છે. તે અંગેના ટ્રસ્ટના નિયમો અને બંધારણ અમે વાંચ્યા છે, સમજયા છે. જે અમને બંધનકર્તા રહેશે. પૂ. મહાકાલિકા માતાજીના સોગંદપૂર્વક જણાવીએ છીએ કે અમારો પરિવાર જ્ઞાતિ ટ્રસ્ટના આદેશોનું ચુસ્તપણે પાલન કરશે.

આ સાથે પ્રવેશ ફી ના રૂા. ૧૦૦/-, માનદ્ સભ્ય પદની ફી રૂા. ૧૦૦/-, મંદિર નિભાવ ફંડના રૂા. ૧૦૦/- તેમજ માનદ સભ્યપદ કાર્ડના રૂા. ૨૫/- એમ કુલ્લે રૂા. ૩૨૫/- મોકલેલ છે. તેમજ અમારા પરિવારની સંપૂર્ણ માહિતી આ સાથેના ફોર્મમાં ભરીને મોકલેલ છે. જેથી માનદ્ સભ્યપદ આપવા અંગે ઘટતું કરવા વિનંતી.

જય માતાજી- જય સમાજ

*અરજી કરનારની સહી*

અમારા પરિવારના પાવરદાર તરીકે ભુજ જ્ઞાતિના લાણેદાર શ્રી ______________________ રહેશે જેમના લાણા નં. ______________ છે.

# શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ, અમદાવાદ

## વાર્ષિક સ્નેહ મિલન

અમદાવાદ જ્ઞાતિનો વાર્ષિક સ્નેહ મિલન ગત તા. ૫-૧૨-૨૦૧૦ ને રવિવારના રોજ ભારે ઉમંગ અને ઉત્સાહભેર ઉજવવામાં આવેલ. અમદાવાદ જ્ઞાતિ પરિવારો સવારથી પ્રસંગના સ્થળે ઉપસ્થિત થયેલ. આ વર્ષનું સ્નેહમિલનનું એક વિશિષ્ટ પાસું એ હતું કે આ કાર્યક્રમમાં સાબરકાંઠા જીલ્લાની બન્ને જ્ઞાતિ સંસ્થાના તમામ સભ્ય-પરિવારોને આમંત્રિત કરવામાં આવેલ. આમ અમદાવાદ ખાતે જ્ઞાતિ પરિવારોનો જાણે ત્રિવેણી સંગમ રચાયેલ. આ પ્રસંગે શ્રી કચ્છ સાબરકાંઠા જીલ્લા મારૂ કંસારા સોની જ્ઞાતિના પ્રમુખશ્રી જયંતીભાઇ સોની (દહેગામ) તથા શ્રી સાબરકાંઠા મારૂ સોની જ્ઞાતિના ઉપપ્રમુખ શ્રી ભાઇલાલભાઇ સોની (ધનસુરા)એ ખાસ ઉપસ્થિત રહી સર્વેને નૂતન વર્ષના અભિનંદન પાઠવેલ.








આ પ્રસંગે શ્રી સમસ્ત કંસારા સમાજના પ્રમુખશ્રી ભરતભાઇ શેઠ, જ્ઞાતિ સમાજના પ્રથમ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, ગાંધીધામ ઉત્કર્ષ મંડળના સ્થાપક પ્રમુખ શ્રી અરૂણભાઇ કંસારા તથા શ્રી અખિલ ભારતીય મારૂ કંસારા સોની મહામંડળના સહમંત્રી શ્રી કાંતિભાઇ હેડાઉ ખાસ ઉપસ્થિત રહેલ. આ પ્રસંગે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં મ્યુ. કાઉન્સીલર તરીકે ચૂંટાયેલ શ્રીમતી સોનલબેન કંસારા વિશેષ આમંત્રિત તરીકે ઉપસ્થિત રહેલ.

કાર્યક્રમની શરૂઆત પ્રભુ પ્રાર્થના દ્વારા થયેલ. ત્યારબાદ ગત વર્ષમાં જ્ઞાતિના જે પરિવારજનોનું અવસાન થયેલ, તેમના માનમાં બે મિનિટનું મૌન પાળી હાર્દિક શ્રધ્ધાંજલી આપવામાં આવેલ. ત્યારબાદ સર્વે મહેમાનોનું ફૂલોથી સ્વાગત કરવામાં આવેલ. પ્રાસંગિક સંબોધનમાં શ્રી ભરતભાઇ શેઠે સમસ્ત કંસારા સમાજ દ્વારા યોજાનાર જીવનસાથી પસંદગી મેળાની વિગતો આપી

શ્રી અરૂણભાઇ કંસારાએ સમાજમાં શિક્ષણની જરૂરિયાત પર ભાર મુકેલ. તેઓએ જણાવેલ કે આર્થિક કારણોસર કોઇપણ તેજસ્વી વિદ્યાર્થીની શૈક્ષણિક કારકીર્દી અટકી ન જાય તે જોવાની જવાબદારી સમાજની છે. તેઓએ શૈક્ષણિક ફંડ માટે રૂપિયા પાંચ હજારના દાનની જાહેરાત કરેલ જેને સર્વે જ્ઞાતિજનોએ વધાવી લીધેલ.

શ્રી તુલસીદાસ કંસારા એ પોતાની હળવી અને માર્મિક શૈલીથી કાર્યક્રમનું સહ સંચાલન કરેલ.

સંસ્થાના માનદ્ મંત્રી શ્રી અતુલ સોનીએ સમાજની પ્રવૃત્તિનો ચિતાર આપેલ. જ્ઞાતિ સંસ્થાના પ્રમુખશ્રી મનુભાઇ વી. કોટડીયાએ સર્વે મહેમાનો તથા જ્ઞાતિજનોને આવકારી નૂતન વર્ષની મંગલ કામના પાઠવેલ. અમદાવાદ મહાનગર પાલિકાની ચૂંટણીમાં પ્રથમ વખત આપણી જ્ઞાતિના શ્રીમતી સોનલબેન કંસારા (બુદ્ધભટ્ટી) ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર તરીકે વિજેતા થયેલ છે. સમાજ દ્વારા શ્રીમતી સોનલબેનનું જાહેર સન્માન કરવામાં આવેલ. સ્વભાવે સરળ અને મૃદુભાષી સોનલબેને ખૂબ નમ્રતાપૂર્વક સન્માનનો સ્વીકાર કરી સમાજના અગ્રણીઓ તરફથી મળેલ સહકારનો આભાર માની અમદાવાદના જ્ઞાતિજનોને જરૂર પડે ત્યારે સેવા આપવા તત્પરતા દર્શાવેલ.

ગત વર્ષ ધો. ૧૨ હાયર સેકન્ડરી (સાયન્સ) બોર્ડમાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરનાર સમાજના શ્રી મિલાપ પરમાર (જામનગર)નું બહુમાન કરવામાં આવેલ. શ્રી મિલાપ હાલમાં અમદાવાદમાં મેડિકલ કોલેજમાં અભ્યાસ કરે છે.

સ્નેહ ભોજન બાદના બીજા સત્રમાં સમાજના યુવા કલાકારો દ્વારા સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરવામાં આવેલ. નાના બાળ કલાકારોએ પણ ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ. જ્ઞાતિના તેજસ્વી વિદ્યાર્થીઓનું જાહેર સન્માન કરી ઇનામો આપવામાં આવેલ. તમામ વિદ્યાર્થીઓને સ્વ. જેઠાલાલ જીવરામભાઇ સોની (તલોદ)ના સ્મરણાર્થે શ્રી રશ્મીનભાઇ સોનીના હસ્તે ઇનામો આપવામાં આવેલ. 'વાંચે ગુજરાત' અભિયાન ચાલે છે તેને અનુલક્ષીને સૌ વિદ્યાર્થીઓને મનગમતા પુસ્તકો સમાજ તરફથી આપવામાં આવેલ. ધોરણ-૧૦ અને ધોરણ-૧૨માં પ્રથમ તથા દ્વિતીય સ્થાને આવેલ વિદ્યાર્થીઓને સ્વ. વિઠ્ઠલદાસ ટી. કોટડીયા પરિવાર તરફથી ગોલ્ડ તથા સિલ્વર મેડલ અર્પણ કરવામાં આવેલ.

કાર્યક્રમને સફળ બનાવવા સર્વશ્રી મનુભાઇ કોટડીયા (પ્રમુખ), ગીરીશભાઇ કે. સોની (ઉપપ્રમુખ), અતુલ સોની (માનદ્ મંત્રી), રાજેન્દ્ર કે. સોની (ખજાનચી), જયમીનભાઇ સોની (સહખજાનચી), રશ્મિનભાઇ બારમેડા (સમહંત્રી), કનુભાઇ બીજલાણી, રમેશભાઇ સોની, તથા અગ્રણીઓ શ્રી હંસરાજભાઇ કંસારા (જ્ઞાતિસેતુ-મુખ્યતંત્રીશ્રી), તુલસીદાસ કંસારા તથા સૂર્યકાન્તભાઇ સોની વિગેરેએ ભારે જહેમત ઉઠાવેલ.

***અતુલ સોની - માનદ્ મંત્રી***

**જ્ઞાતિ સમાચાર**

# શ્રી અખિલ ભારતીય મારૂ કંસારા સોની જ્ઞાતિ મહામંડળ મહિલા સેલ આયોજીત – ક્રાફ્ટ મેળો

**લતા સોલંકી**

કલા અને સંસ્કૃતિ એ આપણા જીવનની ઓળખ છે. પાષાણયુગથી અવકાશયુગના વિકસતા સમયગાળામાં કલાની આગવી ઓળખે પોતાનું 'ઓજસ' પોતાનું 'તેજો-વર્તુળ' વિસ્તરતું રાખ્યું છે. કલા છે તો જીવન છે. પ્રત્યેક યુગના કલા-સર્જકોએ પોતાની નૈસર્ગિક પ્રતિભા કલાસૂઝને અભિવ્યક્તિની નવીનતાથી લોકોના હૃદય મોહી લીધા છે. મોહેંજોદડો-હડપ્પા હોય કે ધોળાવીરા કે લોથલ, આપણી પ્રાચીન સંસ્કૃતિના ઉત્ખનનથી પ્રાપ્ત અદ્‌ભૂત નમૂનાઓએ આજે પાંચ હજાર વર્ષે પણ કલાકારોને પ્રોત્સાહન પૂરું પાડ્યું છે. અને કલાકારોએ વિવિધ હસ્તકલાઓની નિર્મિત દ્વારા જીવનને હર્યુંભર્યું બનાવ્યું છે.

*"સૃષ્ટિ સોહામણી ને સર્જન સોહામણું*
*સપનું ફળે ને મળે મનગમતું આંગણું"*

ઈશ્વરે માનવીને જીવનની ને સોહામણી સૃષ્ટિની ભેટ આપી છે. આ સૃષ્ટિને હસ્તકલાથી શણગારી માણસ પોતાના જીવનને મનભાવન બનાવે છે અને આપણી જ્ઞાતિના કલાકારોની કલાને આગવી ઓળખ આપવા, આપણી જ્ઞાતિના સુજ્ઞજનો સમક્ષ ઉજાગર કરવા "શ્રી અખિલ ભારતીય મારૂ કંસારા સોની જ્ઞાતિ મહામંડળ, મહિલા-સેલ" દ્વારા "પ્રથમ ક્રાફ્ટ મેળાનું" આયોજન કરી કલાકારોને મનગમતું આંગણું આપવામાં આવ્યું. ક્રાફ્ટ મેળાનું આયોજન તા. ૧૩-૧૨-૧૦ અને ૧૪-૧૨-૧૦ના રોજ ભુજ ખાતે સમૂહ લગ્નના રજત જયંતિ સમારોહ દરમ્યાન કરવામાં આવેલ.

ક્રાફ્ટ મેળાનું ઉદ્‌ઘાટન શ્રી પ્રભુદાસભાઈ ખેતશીભાઈ ગુજરાતી, પ્રમુખ, શ્રી અખિલ ભારતીય મારૂ કંસારા સોની જ્ઞાતિ મહા મંડળના વરદ્ હસ્તે કરવામાં આવેલ. ભુજ જ્ઞાતિના પ્રમુખ શ્રી કિશોરભાઈ ચનાણી અને મહામંડળના મહામંત્રીશ્રી પ્રેમજીભાઈ કેશવજીભાઈ સોલંકી અતિથિ વિશેષ તરીકે હાજર રહ્યા હતા. ઉદ્‌ઘાટન બાદ પ્રભુદાસભાઈ અને અન્ય જ્ઞાતિ અગ્રણીઓ શ્રી કિશોરભાઈ ચનાણી, હિંમતભાઈ બગ્ગા, વિનોદભાઈ ચનાણી, ઇંદુભાઈ સોલંકી, દિલીપભાઈ બગ્ગા, હીરાલાલભાઈ બગ્ગા, રાજેશભાઈ વીશાપરમાર, અનિલભાઈ છત્રાળા વગેરેએ સ્ટોલની મુલાકાત લીધી હતી.



*૨૫મા સમૂહ લગ્ન પ્રસંગે તા. ૧૩-૧૨-૧૦ના રોજ ક્રાફ્ટ મેળાનું ઉદ્‌ઘાટન શ્રી પ્રભુદાસભાઈ ગુજરાતીના હસ્તે.*



*૨૫મા સમૂહ લગ્ન પ્રસંગે ક્રાફ્ટમેળાના સ્ટોલ ધારકોને સન્માનતા શ્રી પ્રભુદાસભાઈ સોની.*

ક્રાફ્ટ મેળામાં દેશના ખૂણે ખૂણેથી હસ્તકલા કારીગરોએ ભાગ લીધો હતો. ૧૬ કલાકારોએ પોતાની હસ્તકળાનું પ્રદર્શન કર્યું હતું. મડવર્ક, મોતીવર્ક, પેપર વર્ક, ભરત ગુંથણ, ઊન વર્ક, ગૃહ સુશોભન, વેજીટેબલ કલરથી પેઈન્ટીંગ અને પરંપરાગત પેઈન્ટીંગ અને અન્ય કળાઓ પૂર્ણરૂપે ખીલી ઊઠી હતી. નેશનલ અને ઈન્ટર નેશનલ લેવલે પહોંચેલા કલાકારોએ ભાગ લીધો હતો.

મહામંડળના મહિલા સેલના કન્વીનર શ્રીમતી લતા સોલંકીએ પ્રભુદાસભાઈ ગુજરાતી અને અન્ય મહાનુભાવોને હસ્તકલા કારીગરોની ઓળખાણ કરાવી તેઓની કળાથી અવગત કરાવ્યા હતા. પ્રભુદાસભાઈએ કલાકારોને પ્રોત્સાહન મળે અને રોજગારી મળી રહે તે માટે આગામી દિવસોમાં યોગ્ય પ્લેટફોર્મની વ્યવસ્થા ગોઠવી આપવાની ઉમદા ભાવના વ્યક્ત કરી હતી અને મહિલા-સેલ દ્વારા આયોજીત ક્રાફ્ટ મેળાની પ્રસંશા કરી જણાવ્યું હતું કે સોળ કલાકારોમાંથી પ્રેરણા લઈ આગામી દિવસોમાં વધુ કલાકારો ક્રાફ્ટ મેળામાં આવી, જ્ઞાતિનું ગૌરવ વધારશે. ભુજ જ્ઞાતિ પ્રમુખ શ્રી કિશોરભાઈએ જણાવ્યું હતું કે આપણા કલાકારોની પ્રતિભા આપણી સમક્ષ ઉજાગર થઈ છે અને આવા વધુ ક્રાફ્ટ મેળા યોજી વધુ પ્રતિભાને બહાર લાવવાના પ્રયત્નો કરીશું.

મેળાના સમાપન કાર્યક્રમમાં દરેક કલાકારોના ઉત્સાહને રૂપકડી પાંખો આપી ગગન ઉડ્ડયન માટે સજ્જ થવા મહામંડળ દ્વારા શ્રી પ્રભુદાસભાઈ સોની, શ્રી પ્રેમજીભાઈ સોલંકી, શ્રી સુનીલભાઈ કંસારા અને લતાબેન સોલંકીના હસ્તે પ્રતિક ભેટ આપવામાં આવી હતી.

કલાકારોએ પ્રતિભાવ આપતા જણાવ્યું હતું કે મહામંડળે અમોને યોગ્ય પ્લેટફોર્મ આપી અમારી કળાને સમાજ પાસે ખુલ્લી મૂકી છે તે માટે આયોજકોને અભિનંદન. અને આવી અન્ય કલાઓને પણ ઉજાગર કરવી જોઈએ. પ્રવીણાબેન (મુંબઈ) એ જણાવ્યું કે કોમ્પીટીશન રાખી વધુ પ્રતિભા બહાર લાવી શકાશે. સુરતના જયશ્રીબેન, નાસીકના કીંજલબેન, રાયપુરના ચંદનબેને

જણાવ્યું હતું કે અમારા ધાર્યા કરતા પણ વધુ પ્રતિસાદ સાંપડ્યો છે. અન્ય ભાઈ બહેનોએ પણ ક્રાફ્ટ મેળાની અનિવાર્યતા પર ભાર મૂક્યો હતો અને મહામંડળના મહિલા સેલ આયોજીત ક્રાફ્ટ મેળાનો લાભ સમસ્ત જ્ઞાતિજનોએ ઉઠાવ્યો છે તેનો આનંદ છે એમ જણાવ્યું હતું.

ક્રાફ્ટ મેળામાં શ્રી ભુજ જ્ઞાતિ ટ્રસ્ટે સમસ્ત કલાકારોને નિઃશુલ્ક સ્ટોલ ફાળવ્યા હતા તથા બહારથી આવતા કલાકારો માટે નિઃશુલ્ક ઉતારા વ્યવસ્થા કરવામાં આવી હતી. મહામંડળના ખજાનચી શ્રી ચંદ્રકાંતભાઇ જે. ચનાણીએ ક્રાફ્ટમેળાના આયોજનમાં અંગત રસ લઇ સમસ્ત આયોજનને મૂર્ત સ્વરૂપ આપી ક્રાફ્ટ મેળાને સફળ બનાવવામાં અમૂલ્ય સહયોગ આપ્યો હતો. રોહિણી બી. બુદ્ધભટ્ટી અને સુધા એ. બુધ્ધભટ્ટીએ વ્યવસ્થા સંભાળી હતી. મહિલા સેલના કન્વીનર લતા સોલંકીએ સમસ્ત કલાકારોને અભિનંદન આપી તેઓ જીવનપથ પર મળેલા કલાના આંગણાને પોતાની આગવી પ્રતિભાને અભિવ્યક્તિથી સુશોભિત કરે એવી શુભેચ્છા પાઠવી હતી. નવથી દસ હજાર જ્ઞાતિજનોએ મેળાની મુલાકાત લઇ કલાકારોને પ્રોત્સાહિત કર્યા હતા અને તેમની કલાને વખાણી, ખરીદી કરી હતી.

## સમૂહ લગ્નમાં ક્રાફ્ટ મેળો તથા મહેંદી રસમ

★ મનુષ્યાવતાર ભગવાનની એક અનેરી દેન છે. આપણા શાસ્ત્રોમાં એમ કહેવાયું છે કે જન્મ એ ઇશ્વરીય ભેટ છે. પછી તે બાળક સ્ત્રીજાતિ છે કે પુરુષ જાતિ તેમાં કોઇ ભેદ ન ગણતાં ફક્ત મનુષ્ય દેહ જ મહત્વનો છે. મનુષ્ય પોતાના કર્મો વડે સારું કે ખરાબ ફળ ભોગવે છે. આપણે વધુ વાત આગળ લઇ જઇએ તો માણસ જ ફક્ત એવું પ્રાણી છે જે વિચારી શકે છે, વિચારો વ્યક્ત કરી શકે છે અને એ વિચારો મુજબ જ પોતાના જીવનનું ઘડતર પણ કરી શકે છે. 'કર્મ' હંમેશા મનુષ્ય માટે મહત્વનું એક તત્વ છે. જેવાં કર્મ તેવા ફળ. હા! આ બધી વાતો હું એટલે કહું છું કે ૨૫મા સમૂહલગ્ન સાથે સાથે મહિલાસેલ દ્વારા આયોજિત ક્રાફ્ટ મેળાની જે કર્મશીલતાના દર્શન તે વખતે થયા તે ખૂબ જ વખાણવાને લાયક છે. દરેક દરેક વ્યક્તિ, જેણે આ મેળાની મુલાકાત લીધી તેમણે તેના ખૂબજ વખાણ કર્યા અને આવા મેળા અવાર-નવાર યોજાતા રહે તેવી માંગ પણ કરી.

ક્રાફ્ટ મેળાને કારણે આપણી જ્ઞાતિના વિવિધ કલાકારોને પોતાની કલાને પેશ કરવાની પૂરતી તક મળી તેમજ એક આગવી ઓળખ પણ મળી. ઘણાને વ્યવસાય ધોરણે પ્રગતિ પણ મળી. આ સાથે જેમણે ક્રાફ્ટ મેળામાં ભાગ લીધો છે તેમના મંતવ્યો પણ મોકલું છું. ક્રાફ્ટ મેળાનું આયોજન એ કોઈ એકલદોકલ વ્યક્તિનું કામ નથી. આ આયોજન માટે મહિલા સેલના હોદ્દેદારોએ તેમજ સભ્યોએ ખૂબજ જહેમત ઉઠાવી છે. તથા ભુજ જ્ઞાતિ પ્રમુખશ્રી તેમજ હોદ્દેદારો-કારોબારી સભ્યો, યુવક મંડળ પ્રમુખશ્રી તેમજ તેમના કારોબારી સભ્યોની મદદથી આ કાર્યક્રમ પૂરી રીતે સફળ થઇ શક્યો. સૌના આભારની લાગણી સાથે વિરમું છે.

***રોહિણી બી. બુધ્ધભટ્ટી - મંત્રી***



*શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ - ભુજ દ્વારા ૨૫મા સમૂહ લગ્ન પ્રસંગે તા. ૧૨-૧૨-૧૦ના રોજ રાત્રે 'મહેંદી રસમ'ના કાર્યક્રમમાં મહેંદી મુકાવતી કન્યા.*

★ શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ - ભુજ આયોજીત ૨૫મા સમૂહલગ્નનું આયોજન સમાજ ગૌરવ દિન તરીકે કરવામાં આવ્યું. જેમાં ૫૮ યુગલોએ પ્રભુતામાં પગલાં માડ્યાં. આ સાથે શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ ભુજ (મહિલાસેલ) આયોજિત ક્રાફ્ટ મેળાનું પણ આયોજન પ્રમુખ લતાબેન સોલંકીના વડપણ હેઠળ થયું. જે પણ ખૂબ જ સફળ રહ્યું. આ સાથે તા. ૧૨-૧૨-૧૦ના રોજ રાત્રે મહેંદી રસમનો કાર્યક્રમ સંગીત પાર્ટી સાથે રાખવામાં આવ્યો હતો. જેમાં કુલ ૨૦ કન્યાઓએ મહેંદી રસમમાં ભાગ લઇ મહેંદી મૂકાવી હતી અને ત્યારબાદ સમગ્ર જ્ઞાતિજનોએ પણ મહેંદી રસમમાં જોડાઇને કાર્યક્રમને સફળતા અપાવી હતી. સ્ટેજ પર મહેંદી મૂકાય અને પ્રાંગણમાં સૌ જ્ઞાતિજનો સાથે નવયુગલો પણ દાંડિયારાસ, ફ્રીસ્ટાઇલ ગરબા-રાસ વગેરેની મજા માણી રહ્યા હોય એવું અદ્‌ભુત દશ્ય નિહાળીને સૌના મોઢેથી વાહ વાહ જ નીકળે ને! મહેંદી રસમના સમગ્ર કાર્યક્રમની જવાબદારી શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ - ભુજના પ્રમુખ શ્રીમતી લતાબેન સોલંકીના વડપણ હેઠળ પૂરી પાડવામાં આવી હતી. વધુઓને સ્ટેજ પર લાવવી, તેમનું સન્માન કરવું વગેરે અને સાથે સાથે સ્ટેજ પર મહેંદી મૂકનાર અને મૂકાવનાર બંનેની સાથે સાથે ફોટોગ્રાફરોના લાઇટસના ચમકારા વાતાવરણને રોમાંચિત કરી દેતા.

મહિલા મંડળની બહેનોએ શુકનની મહેંદી જ્ઞાતિપ્રમુખ શ્રી કિશોરભાઇ, ચંદુભાઇ ચનાણી, યુવકમંડળ પ્રમુખશ્રી અનિલભાઇ છત્રાળા, સુનિલાભાઇ કંસારા, સમૂહલગ્ન સમિતિના કન્વીનર અમુભાઇ સોલંકી વગેરેને પણ મૂકી હતી. જે આનંદના અવસરમાં એક પીછું ઉમેરાયું એમ કહી શકાય. 'મા કાલિકા' માં ના આશીર્વાદથી બધા જ કાર્યક્રમો સુપેરે પાર પાડ્યા.

***રોહિણી બી. બુધ્ધભટ્ટી - મંત્રી***
***શ્રી મારૂ કંસારા સોની મહિલા મંડળ - ભુજ***

## ક્રાફ્ટ મેળામાં ભાગ લીધેલ કલાકારો

| ક્રમ | | કલાકારનું નામ | સ્ટોલમાં રાખેલ વસ્તુઓ |
|---|---|---|---|
| ૧. |  | હીના બી. પરમાર<br>સોની ગ્રાફિક્સ - ભુજ | ભેટ સોગાદના કવર, પેપર વર્ક, પેપર બેગ, કાર્ડ, કંકોતરી વિ. |
| ૨. |  | દિવ્યા કાંતિલાલ સોલંકી<br>ભુજ | મડ વર્ક ફ્રેમ વિ. |
| ૩. |  | ચંદન બુધ્ધભટ્ટી<br>આર્કિટેક્ટ | |
| ૪. |  | જયશ્રી અંજારીયા<br>સુરત | વુડન, સીરામીક, મડ ફાઈલર, મુરાલસ. |
| ૫. |  | શાંતાબેન કાંતિલાલ સોની<br>ભુજ | કુશન કવર, ભરતકામ, ચાકડા, તોરણ, વિ. |
| ૬. | | તનસુખભાઈ મહીચા,<br>અમદાવાદ.<br>એન.આઈ.ડી. લેક્ચરર (રીટા.)<br>વિઝીટીંગ ફેકલ્ટી | ભારતીય સંસ્કૃતિની વિવીંગ ડાઇંગ અને ટેક્ષટાઈલ ડિઝાઈન્સ |
| ૭. |  | પ્રવીણા પ્રફુલભાઈ બારમેડા<br>મુંબઈ | ફેબ્રિક પર વનસ્પતિ રંગોથી વિશિષ્ટ કલાકૃતિઓ |
| ૮. |  | કૃણાલ એચ. ખાંસી<br>ભુજ | સૂડી, ચપ્પુ તથા અન્ય આઈટમો. |

| ક્રમ | | કલાકારનું નામ | સ્ટોલમાં રાખેલ વસ્તુઓ |
|---|---|---|---|
| ૯. |  | જીજ્ઞા મગનલાલ સોની<br>ભુજ | હેન્ડીક્રાફ્ટ આઈટમ, ડ્રેસ મટીરીયલ, એમ્બ્રોયડરી વિ. |
| ૧૦. |  | હિમા સંજયકુમાર ગુજરાતી | ભરત ગુંથણ |

## ભાગ લીધેલ કલાકારો અન્ય કલાકારો



(૧૧)
પીંકી રાજેશભાઈ પોમલ



(૧૨)
ગીરધર ગંગારામ બગ્ગા



(૧૩)
કિંજલ રોહિતભાઈ પોમલ



(૧૪)
સુધા એ. બુધ્ધભટ્ટી

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદ

તા. ૯-૧-૨૦૧૧ના રોજ ભુજ મધ્યે, જીલ્લા પંચાયત સભાગૃહમાં શ્રી કચ્છી સમાજ - અમદાવાદ આયોજીત કાર્યક્રમ દરમ્યાન, શ્રી પ્રભાશંકર ફડકે આલેખીત અને શ્રી હંસરાજ કંસારા સંપાદિત પુસ્તક "કચ્છી કવિતા આસ્વાદના આલોકમાં"નું વિમોચન તેમજ કચ્છી ભાષા સમર્પિત ગુજરાતી સામયિક "કચ્છ કલામ"ના ઈતિહાસ મૂલક અંકોની સી.ડી. સંસ્મરણનું લોકાર્પણ થયું.

કાર્યક્રમના અધ્યક્ષ સ્થાનેથી બોલતાં ગુજરાતના મૂર્ધન્ય સાહિત્ય સર્જક અને ગુજરાત સાહિત્ય અકાદમીના પૂર્વ મહામાત્ર ડૉ. હસુભાઈ યાજ્ઞિકે કહ્યું કે, કચ્છી એ ગુજરાતી અને સિંધી જેટલી જ સ્વતંત્ર ભાષા છે. કચ્છના સ્થાનિક દૈનિક 'કચ્છ મિત્ર'ના તંત્રી શ્રી કીર્તિભાઈ ખત્રીએ, પુસ્તકનું વિમોચન કરતાં કહ્યું કે, અમદાવાદના કચ્છી સમાજે, કચ્છી ભાષા સાહિત્યના પ્રોત્સાહન માટે જે કાર્ય કર્યું છે તેની ઐતિહાસિક નોંધ લેવાશે. કચ્છી ભાષાના વિકાસ અને સંવર્ધન માટે દેશના અન્ય રાજ્યોના કચ્છી સમાજોને જોડવા જોઈએ.

ઉપરોક્ત પુસ્તકમાં કચ્છના ૩૫ જેટલા કવિઓની ૪૬ કાવ્ય કૃતિઓનો, ગુજરાતી ભાષામાં રસાસ્વાદ છે. માનનીય મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ, કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા કાવ્યસંગ્રહ પ્રકાશન બદલ હર્ષ વ્યક્ત કર્યો છે.

***આદરણીય સાક્ષરવર્ય ભોળાભાઈ પટેલ આ પુસ્તકને આશીર્વચન આપતા લખે છે કે, કચ્છી કવિતા માત્ર કચ્છ અને કચ્છીભાષી સમાજ સુધી સીમિત ન રહેતાં, સમગ્ર ગુજરાતી ભાષી સમાજમાં, ગુજરાતમાં પણ પહોંચશે અને ગુજરાતી કાવ્યભાવકો પણ જાણશે કે પોતાના જ પ્રદેશની પોતીકી ગણાતી એવી પરંપરા સમૃધ્ધ કચ્છી ભાષામાં કેવી કવિતાશ્રી મહોરી રહી છે.***

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના તથા વૈષ્ણવ ભક્તિ જ્ઞાનધારાના ઊંડા અભ્યાસી વિવેચક આદરણીય વિદ્વાન લાભશંકર પુરોહિત, એમના પુરોવચનમાં આ પુસ્તકને કચ્છી કવિતાની ઓળખનો 'આવકાર્ય પ્રયાસ' કહી બિરદાવે છે.

કચ્છના જાણીતા ચિંતક એ સાહિત્ય સર્જક માવજીભાઈ સાવલા સંપાદિત કચ્છી ભાષા સમર્પિત ગુજરાતી સામયિક (૧૯૭૩-૮૪) કચ્છ કલામ, જેમાં કચ્છી ભાષાની ઉત્પત્તિ, વિકાસ અને વર્તમાનની તત્કાલીન ઈતિહાસ મૂલક સામગ્રી પ્રસ્તુત થયેલી છે તેની કાયમી જાળવણી હેતુ, શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા સી.ડી. રૂપાંતરણ કરવામાં આવ્યું છે. શ્રી હંસરાજ કંસારા દ્વારા સંકલિત આ સી.ડી.નું લોકાર્પણ શ્રી કચ્છી સમાજ - અમદાવાદના પ્રમુખ શ્રી મનસુખભાઈ પટેલના હસ્તે થયું. ઉપરોક્ત પ્રસંગે કચ્છી સમાજ - અમદાવાદના ઉપપ્રમુખ શ્રી ધીરજભાઈ સોમપુરાએ કચ્છી સમાજ - અમદાવાદનો પરિચય તેમજ પ્રવૃત્તિઓનો ખ્યાલ આપ્યો હતો.

ઉપરોક્ત પુસ્તક "કચ્છી કવિતા આસ્વાદના આલોકમાં" અને "કચ્છ કલામ" સી.ડી. પ્રાપ્તિ અંગે સંપર્ક સુત્ર છે :

**શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**
૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે,
પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૬૧૮૪.

**જ્ઞાતિ સમાચાર**

# સમસ્ત કંસારા સમાજ આયોજીત પંચમ યુવા પરિચય મેળાનો લાજવાબ કાર્યક્રમ

તારીખ ૨-૧-૨૦૧૧ના રોજ સમસ્ત કંસારા સમાજ (ગુજરાત) નો પાંચમો યુવા પરિચય મેળો અમદાવાદ ખાતે, ડી. કે. પટેલ હોલના પ્રાંગણમાં લાજવાબ કાર્યક્રમ સફળતાપૂર્વક યોજાયેલ.

પાંચસો ત્રીસ જેટલા યુવક યુવતીઓએ આ મેળામાં ભાગ લેવા રજીસ્ટ્રેશન કરાવી, મોટી સંખ્યામાં જ્ઞાતિજનોએ હાજર રહી આ મેળાને દિપાયમાન કરેલ. વળી, આ મેળામાં રજીસ્ટ્રેશન કરાવેલ સમાજના યુવક યુવતીના ફોટા અને પરિચય સહિતની છાપવામાં આવેલ પુસ્તીકાની મહેનત તથા કોઠાસૂજ દાદ માંગી લે તેવી છે. જે પુસ્તીકા વરસોવરસ સુધી સમાજના ઘરઘરમાં સચવાઇ રહેશે. એટલું જ નહીં પણ આપણા સમાજના અનેક કુટુંબો તે પુસ્તિકાનો સાનુકૂળ ઉપયોગ કરતા રહેશે. ઘેર બેઠા યુવક યુવતીઓ કે વાલી પરસ્પર મોબાઇલ કે અન્ય રીતે પરિચય વધારતા રહેશે તથા સંબંધોને તાતણે બંધાતા રહેશે તે ચોક્કસ છે.

એક કાંકરે બે પક્ષી મારવામાં આવે પણ આપે તો આ મેળાને બહુલક્ષી બનાવીને વિશિષ્ટતા પ્રદાન કરેલ છે. (૧) મહાનગર પાલીકા તથા નગરપાલિકા અને તાલુકા પંચાયતની ચૂંટણીમાં આપણી જ્ઞાતિના વિજય પ્રાપ્ત કરેલ શ્રીમતી સોનલબેન ઉદયકુમાર બુદ્ધભટ્ટી, કોર્પોરેટર - અમદાવાદ મ્યુનિ. (૨) શ્રી હીરાલાલ મોહનલાલ બગ્ગા, તાલુકા પંચાયત સભ્ય, નખત્રાણા કચ્છ, (૩) શ્રીમતી હંસાબેન સુરેશચંદ્ર કંસારા, સદસ્ય- નગરપાલીકા- નવસારી (૪) શ્રીમતિ અમિતાબેન વિજયભાઇ બુધ્ધ, સદસ્ય-નગરપાલીકા-અમરેલી, (૫) શ્રી મહેન્દ્રભાઇ મોહનલાલ કંસારા સદસ્ય-નગરપાલીકા-ભરૂચ અને (૬) શ્રી અભય રસીકલાલ દંગી, સદસ્ય- નગરપાલીકા-ધાંગધ્રાને સ્ટેજ ઉપર સ્થાન આપી, સમાજના મહાનુભાવોના હસ્તે બહુમાન કરેલ તે ક્ષણો દાદ માંગી લે તેવી હતી.

સમયની કટોકટી હતી છતાં વક્તાઓને બોલવાનો મોકો આપ્યો તે આપની કુનેહનિતીની હોંશિયારી હતી. વળી આ સ્ટેજ ઉપર (૧) ધોરણ-૧૦ માં ૯૩.૨૭ ટકા કંસારા કોમલ પ્રસાદ દંગી નાસીક (૨) દંગી માધુરી હીતેશકુમાર જોરાવરનગર ને ૯૧.૮૫ ટકા (૩) પરમાર હર્ષ મહેશકુમાર મુંબઇ ને ૯૧.૪૫ ટકા તથા ધોરણ-૧૨ (સાયન્સ) માં (૧) પરમાર મીલાપ નરેન્દ્રકુમાર જામનગરને ૯૫ ટકા, (૨) શેઠ ભૌમીક લલીતકુમાર મોરબીને ૯૧.૪૦ ટકા (૩) કંસારા કૃતિકા સંજયભાઇ નાસીકને ૮૯.૫૧ ટકા તથા ધોરણ-૧૨ (સામાન્ય પ્રવાહ)માં (૧) શેઠ જીલ દેવેન્દ્રકુમાર જામનગરને ૮૮.૭૧ ટકા, (૨) બુદ્ધ ધારા દીનેશભાઇ જુનાગઢને ૮૬.૨૯ ટકા (૩) માવાણી કૃપાલી સુનીલકુમાર બોટાદ ને ૮૪.૬૬ ટકા માર્કસ મેળવેલ તેમને મોમેન્ટો આપીને સન્માનવામાં આવ્યા. તથા રૂત્વિક શેઠને વર્ષ ૨૦૧૦માં ફાઇનલ બી.ઇ. (સિવિલ) નડિયાદના એ સમગ્ર ગુજરાતમાં સર્વોચ્ચ મેરીટ સાથે ૮૭ ટકા મેળવી ત્રણ ગોલ્ડ મેડલ મેળવેલ છે તેનું વિશિષ્ટ સન્માન કરી ઉત્સાહમાં ઉમેરો કરેલ છે. જે અન્ય અભ્યાસુઓ માટે પ્રેરણાદાયક છે.

એટલું જ નહીં, પણ આ કાર્યક્રમમાં આપણા સમાજની ગુજરાત અને ગુજરાત બહારની વિવિધ (૬૦) જેટલી પાંખોના આગેવાનોને આમંત્રણો પાઠવી હાજર રાખવા હૃદયસ્પર્શી પ્રયત્નો કર્યા અને અનેક મહાનુભાવો હાજર રહ્યા. જેવા કે ઓલ ઇન્ડીયા શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ-ભુજ (રજીસ્ટર્ડ) ના મહામંત્રી પ્રેમજી વિશનજી સોલંકી, શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ અમદાવાદના પ્રમુખ શ્રી મનુભાઇ કોટડીયા, સેતુના તંત્રીશ્રી હંસરાજભાઇ કંસારા વિગેરેની હાજરી નજરે પડતી હતી. આ રીતે, આપણા સમાજની અલગ અલગ પાંખોના આગેવાનોને એકત્રીત કરી સંગઠનને વધુ મજબૂત કરવા અને દરેકને વધુ નજીક લાવવાનું આ માધ્યમ હોય તેવું દેખાઇ આવતાં આનંદની લાગણીઓ સાથે અભિનંદન આપ્યા વિના રહી શકાતું નથી.

*સોની હીરાલાલ મોહનલાલ બગ્ગા*
*સંગઠન મંત્રી*
*સમસ્ત કંસારા સમાજ ગુજરાત - નખત્રાણા*

# શ્રી મારૂ કંસારા સોની ગેહલોત પરિવાર - માનકુવા

શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતી ગુજરાતી ગેહલોત પરિવાર-માનકુવા (પાંખડી) નું સ્નેહ મિલન પરીવારના પ્રમુખ શ્રી બકુલભાઇ જે. સોનીના પ્રમુખ સ્થાને માનકુવા મધ્યે મળેલ હતું. જેમાં પરીવારની નાની મોટી તમામ નિયાણીઓને આમંત્રીત કરવામાં આવેલ હતી. જેમને સ્વ. પાર્વતીબેન ચૂનીલાલ માવજી હા.દિનેશભાઇ ગુજરાતી નારાણપરવાળા તરફથી તમામ નિયાણીઓને સ્ટીલના વાસણની ભેટ અપાઇ હતી.

અને આવતા વર્ષમાં સોની ઇશ્વરલાલ શંકરલાલ ગુજરાતી-માનકુવા વાળા તરફથી નિયાણીઓને ભેટની જાહેરાત કરવામાં આવેલ. તેમજ મહાપ્રસાદ માટે સોની વિનોદકુમાર શાંતીલાલ રે. દહીંસરા પરીવાર તરફથી જાહેરાત કરવામાં આવેલ હતી.

પરીવારના સતીમાંનું મૂળ સ્થળ રાજસ્થાનના પાલી જીલ્લામાં ભાટુન્ડ ગામે હોઇ ત્યાં તે સ્થળ ઉપર સતીમાંનું મંદિર બનાવવા ત્યાં જમીનની માંગણી કરવામાં આવેલ છે, તેવી માહિતી આપવામાં આવેલ.

આ પ્રસંગે પરીવારના વડીલો શ્રી વાલજીભાઇ સોની, શ્રી પ્રભુદાસભાઇ ખેતશી, હિંમતભાઇ (અંજાર) મુકુંદભાઇ સોની (માનકુવા), હેમેન્દ્રભાઇ કંસારા (નખત્રાણા), સી. સી. ગુજરાતી (એડવોકેટ), જયેશભાઇ વી. સોની, ગીરીશભાઇ વેલજી સોની, હરીલાલભાઇ કંસારા (ભુજ), પ્રભુદાસ શાંતીલાલ (દહીંસરા), બીપીનભાઇ રતીલાલ સોની (માનકુવા) વિ. એ શુભેચ્છાઓ પાઠવી હતી.

મહેશભાઇ એમ. કંસારાએ પરીવારની તમામ માહિતી આપેલ હતી. કાર્યક્રમનું સંચાલન અને આભારવિધી પણ તેમણે કરી હતી.

*મહેશભાઇ મોહનલાલ કંસારા - મંત્રી*

# શ્રી મારૂ કંસારા સોની મહિલા મંડળ - રાયપુર

શ્રી મારૂ કંસારા સોની મહિલા મંડળ - રાયપુરની ચૂંટણી કરવામાં આવેલ હતી. દિવાળી બાદ દિવાળી સ્નેહ મિલનનાં કાર્યક્રમમાં મહિલા મંડળની ચૂંટણી કરવામાં આવે છે. જેમાં અધ્યક્ષ તરીકે શ્રીમતિ પૂર્ણિમાબેન જુગલભાઇ બુદ્ધભટ્ટીની નિમણૂંક કરવામાં આવી છે.

શ્રીમતી પૂર્ણિમાબેન બુદ્ધભટ્ટી દ્વારા મહિલા મંડળની નવી કમિટી તૈયાર કરવામાં આવેલ. જેની વિગત નીચે મુજબ છે.

- *અધ્યક્ષ* : શ્રીમતી પુર્ણિમાબેન જુગલભાઇ બુદ્ધભટ્ટી
- *ઉપાધ્યક્ષ* : શ્રીમતી નૈના પ્રકાશભાઇ બારમેડા
- *સચિવ* : શ્રીમતી શિવાંગી પંકજભાઇ પોમલ
- *કોષાધ્યક્ષ* : શ્રીમતી ઉર્મિલાબેન વિનોદભાઇ પોમલ
- *સહ સચિવ* : શ્રીમતી મીતાબેન અશોકભાઇ બુદ્ધભટ્ટી
- *સહ કોષાધ્યક્ષ* : ધ્રુપાલીબેન સંદીપભાઇ બારમેડા
- *કાર્યકારિણી :*

બિન્દ્રા જતીનભાઇ બુદ્ધભટ્ટી
ઉષાબેન ગિરધરભાઇ બારમેડા
ઉર્વશીબેન દિપકભાઇ બારમેડા
પુષ્પાબેન મનસુખભાઇ બારમેડા
હિનાબેન ચંદ્રકાન્તભાઇ બારમેડા
ભાવનાબેન કૌશિકભાઇ કટ્ટા


શ્રીમતી પુર્ણિમાબેન જુગલભાઇ બુદ્ધભટ્ટી અધ્યક્ષ


શ્રીમતી નૈના પ્રકાશભાઇ બારમેડા ઉપાધ્યક્ષ


શ્રીમતી શિવાંગી પંકજભાઇ પોમલ સચિવ


શ્રીમતી ઉર્મિલાબેન વિનોદભાઇ પોમલ કોષાધ્યક્ષ


શ્રીમતી મીતાબેન અશોકભાઇ બુદ્ધભટ્ટી સહ સચિવ


ધ્રુપાલીબેન સંદીપભાઇ બારમેડા સહ કોષાધ્યક્ષ

## અંધશ્રદ્ધા છે આંધળી

અંધશ્રદ્ધા છે આંધળી, વહેમને વંટોળે વહે;
અતિશ્રદ્ધા છે અવળચંડી, વેવલાપણાનાં વાવેતર કરે.
યુરોપે અટપટાં યંત્રો શોધી ફીટ કર્યા ફેકટરીમાં;
આપણે સિદ્ધીયંત્રો બનાવી, ફીટ કર્યા ફોટામાં.
પશ્ચિમે ઉપગ્રહ બનાવી, ગોઠવી દીધા અંતરીક્ષમાં;
આપણે ગ્રહોના નંગ બનાવી, મઢી દીધા અંગુઠીમાં.
જાપાન વીજાણું યંત્રો થકી, સમૃદ્ધ બન્યું જગમાં;
આપણે વૈભવલક્ષ્મીનાં વ્રતો કરી, ગરીબી રાખી ઘરમાં.
અમેરીકા વૈજ્ઞાનીક અભિગમથી બળવાન બન્યો વિશ્વમાં;
આપણે અંધ કર્મકાંડો થકી, કંગાળ બન્યા દેશમાં,
એડવર્ડ જેનરે રસી શોધી, શીતળા નાબૂદ કર્યા જગમાં;
આપણે શીતળાના મંદિર બાંધી, મુર્ખ ઠર્યા આખા જગમાં.
પર્યાવરણ-પ્રદુષણથી જ્યારે જગત આખું છે ચિંતામાં;
આપણે વૃક્ષો જંગલો કાપી, લાકડાં ખડક્યા ચિતામાં
વાસ્તુશાસ્ત્રનો દંભ ને વળગાડ, લોકોને પીડે આ દેશમાં;
ફાલતુશાસ્ત્ર છે એ, છેતરાશો નહીં, ઠગનારા ઘણા છે આ દેશમાં.
સાયન્ટીફીકલી બ્લડ ચેક કરી, એંગેજમેન્ટ કરે પશ્ચિમમાં
સંતાનોને ફસાવી જન્મકુંડળીમાં, લગ્નકુંડાળા થાય આ દેશમાં.
લસણ-ડુંગળી-બટાકા ખાવાથી પાપ લાગે આ દેશમાં,
આખી ને આખી બેન્ક ખાવા છતાં પાપ ન લાગે આ દેશમાં
અંધશ્રદ્ધા છે આંધળી, વહેમને વંટોળે વહે;
અતિશ્રદ્ધા છે અવળચંડી, વેવલાપણાનાં વાવેતર કરે.

***પ્રેષક : રામજી વેલજી બુધ્ધભટ્ટી - માધાપર***

## નવી રમૂજી વ્યાખ્યાઓ

★ કવિ : સ્વપ્નનું ગોદામ
★ મન : બ્રેક વગરની મોટર
★ વકીલ : શબ્દની જાળ ગૂંથતો કરોળિયો
★ રસોડું : સ્ત્રીઓની પ્રયોગશાળા
★ ઝઘડો : મફતનું મનોરંજન
★ પ્રાયશ્ચિત : પાપ ધોવાનો રસ્તો
★ હોટલ : રોગનું પ્રવેશ દ્વાર
★ જેલ : ભાડા વગરનું મકાન
★ સેંડલ : છોકરીઓનું હથિયાર
★ ઊંધિયું : શાકભાજીનો કુંભમેળો
★ મંદિર : મફત જોડા મળવાનું સ્થળ
★ મચ્છર : રાત્રીનો સંગીતકાર
★ ઝાડ : પક્ષીની ધર્મશાળા
★ વાંદરો : છાપરાનો માલીક
★ ભેંસ : દૂધ આપતી ફેકટરી
★ બગાસાં : સૂવા માટેનો ટેલીફોન
★ અંબોળો : વાળની મીટીંગ
★ દાઢી : ખાતર વિનાનો પાક
★ વિદ્યાર્થી : ગાઇડનો પૂજારી
★ વરરાજા : એક દિવસનો બાદશાહ
★ સિનેમા : કળિયુગનું મંદિર
★ નણંદ : સી.આઇ.ડી. ઇન્સ્પેક્ટર

***બીમલ એસ. બુધ્ધભટ્ટી - અંજાર***

# સેતુનો હેતુ બર લાવવા માટે ખભેખભા મિલાવીને આગળ ધપીએ

**ટી. એલ. કંસારા - અમદાવાદ**

આપણા સમાજનું મુખપત્ર "જ્ઞાતિસેતુ" સારાયે સમાજના સમાચારો તેમજ તેના વિવિધ સ્તંભોમાં સત્સંગ, ચિંતન, વિરાસત, વ્યવસાયલક્ષી માર્ગદર્શન, પાંગરતી પ્રતિભાઓને પ્રોત્સાહન, રમત-ગમત અને ક્વીઝ દ્વારા જ્ઞાનના ભંડારમાં વધારો કરવાનો નમ્ર પ્રયાસ છેલ્લા છ-એક વરસોથી સતત, અવિરત રીતે કરી રહેલ છે. સેતુની વ્યવસ્થા સંભાળતા કાર્યકરોમાંથી કોઇકની બદલી થાય, કોઇકના સંજોગો બદલાય, તો ક્યારેક કૈંક સ્થાનિક લેવલની મુશ્કેલી ઉભી થાય, આમ છતાં પણ, માતાજીની કૃપાથી, વડિલોના આર્શીવાદથી, જાહેરાત આપનારાઓની ઉદારતા અને આપણા સમાજના ઉગતા લેખકો અને વિચારકોની પ્રેરણા, મહેનત અને જહેમતના ફળ સ્વરૂપે આ સેતુ ક્યારેય બંધ નથી રહ્યો, અને સેતુના સંપાદક મંડળને મળતા ફીડબેક, પ્રતિભાવો મુજબ તેની લોકપ્રિયતામાં ઉત્તરોત્તર વધારો થતો જ રહ્યો છે.

હમણા જ મળેલ સેતુની વ્યવસ્થાપક સમિતિની બેઠકમાં ઘણા જ લાંબા સમય પછી ઉપસ્થિત રહેવાનું સૌજન્ય પ્રાપ્ત થયું ત્યારે તેના વહીવટ વિષે જાણ્યું અને તેની સામે છેલ્લા ઓક્ટોબર-નવેમ્બર ૨૦૧૦ના અંકમાં આવેલ પ્રતિભાવો તેમજ આજ કોલમમાં પ્રસિદ્ધ પામેલ શ્રી પી.જી. સોની 'દાસ' - ભુજના વિચારો જાણ્યા.

એક સંસ્થા ચલાવવી, તેનું મુખપત્ર, દૂર-સુદૂરના સ્થળોએથી માહિતીઓ એકત્રિત કરીને, યોગ્ય રીતે સંકલન કરીને સમયસર કમ્પોઝ કરીને, ગોઠવીને, તેના બે-ત્રણ વખત પ્રૂફ રીડીંગ કરીને બે-ત્રણ એજન્સીઓની પ્રક્રિયાઓમાંથી પસાર કરાવીને પ્રિન્ટર પાસેથી કિફાયત ભાવે છપાવવી, અંકોને નિયમબદ્ધ રીતે પેક કરીને ચોક્કસ પોસ્ટ ઓફિસમાં પહોંચાડવા, આમ અનેક લીન્કો કે જોડાણોમાંથી કોઇ એક જગ્યાએ કૈંક ગરબડ થાય, ક્યારેક એકાદ કડી નબળી પડે તો ફરી તેને સાંધવી પડે, રેણ કરીને જોડવી પડે તે આપણને સર્વેને વિદિત છે જ. અને આ બધું જ સ્વેચ્છાએ કાર્ય કરતા કાર્યકરો દ્વારા જ થાય છે, કોઇ એજન્સી કે પ્રોફેશનલ તેમાં જોડાયેલ ન હોય ત્યારે મુશ્કેલીમાં ક્યારેક વધારો થઇ શકે તે બિનવિવાદાસ્પદ બાબત છે.

હું શ્રી 'દાસ'ના એ વિચારો સાથે સંપૂર્ણપણે સહમત થાઉં છું કે મુખપત્ર સમાજનો અરીસો છે; પરંતુ કોઇ તંત્રી લેખમાં નિરાશાનો સુર જણાયો હોય તો એમ કહી શકાય કે કાંતો તંત્રી લેખનો સંદર્ભ અલગ હશે કે પછી અર્થઘટનમાં સમજફેર હશે. બાકી હા, એક વાત તેમની સાચી છે કે કેટલાક અંકો પોસ્ટ ઓફીસથી પરત આવેલ તેને કારણે, તેમજ મોટાભાગના લવાજમો બે-ત્રણ વરસોથી ન આવવાને કારણે, આંકડાકીય રીતે, ઓછા સર્ક્યુલેશનને કારણે ટકાવારીમાં મોટો તફાવત નજરે ચઢે. તેમના એક સૂચનની તો સમિતિએ ખાસ નોંધ લીધેલ જ છે કે સેતુને સુચારૂ ઢબે ચલાવવા માટે દરેક ગામ કે શહેરમાં વ્યવસ્થા ગોઠવવી જરૂરી છે; બસ અહીંજ આપણને જરૂર છે એવા સ્વૈચ્છિક કાર્યકરોની, જે યોગ્ય સમયે અને નક્કી કરેલ સમયે સેતુમાં પ્રસિદ્ધ કરવા લાયક માહિતી એકજ સાથે મોકલાવતા રહે, સેતુનું લવાજમ અને જાહેરાતનું ખાતું બરાબર સંભાળે અને પોતાના ગામ કે શહેરમાં ચાલતા આપણા મંડળો વિષે અમને માહિતગાર રાખે. સમિતિએ તેમના સેતુને નવા સાજ શણગાર પહેરાવવા માટેના સૂચન ઉપર પણ ચિંતન શરૂ કરી દીધેલ છે અને તે માટે ના સૂચનો અન્ય દરેક ખૂણામાંથી આવકાર્ય છે.

એ હકિકત છે કે, સેતુ હવે યુવાન થઇ રહ્યું છે તેથી એક વખત તેનો હવે પછીનો ઉછેર કેવી રીતે થવો જોઇએ તે બાબત ચર્ચાની એરણે ચડાવવા યોગ્ય છે; વિચારણા માગી લે છે, ચિંતન માગી લે છે, અને તે માટે આ વિચાર મંચ કરતા વધારે મોટું પ્લેટફોર્મ ક્યાં મળવાનું? બાકી, દૂરથી માત્ર કલ્પના કરીએ તેથી જે અસ્પષ્ટ ખ્યાલનો જન્મ થાય અને નઝદીકથી અનુભવ મેળવીએ, કાર્યકરો સાથે ખભે ખભા મેળવીને જે કાર્ય થઇ રહ્યું હોય તેનો અનુભવ મેળવીએ, તે બન્ને બાબતો વચ્ચે થોડોક ફરક તો રહેવાનો જ. આમ છતાં પણ વાંચકો અને વિચારકોના પ્રતિભાવોનું મૂલ્ય તો સેતુ ની ટીમને જાગતી રાખવા માટે અમૂલ્ય છે.

આપણું ભુજમાં આવેલ વિશાળ અને સુદઢ સંગઠન જ્યારે "સમાજ ગૌરવ દિન" મનાવી રહ્યું હોય ત્યારે તેનુંજ બાળક કિશોરાવસ્થામાં પ્રવેશ કરી, રાજ્યના પાટનગરની બગલમાં, કાઠું કાઢી રહ્યું હોય, ગજું કરતું હોય, તે વિચાર આપણને બધાને ઝડપથી એક વિસ્તરતા ફલક સાથે જોડી રહ્યો છે. અને હજુ તો આપણે સારાય હિન્દુસ્તાન અને બૃહદ હિન્દુસ્તાનના મહામંડળના સભ્યો સાથે અનુસંધાન કરવાનું છે; સમસ્ત કંસારા સમાજ સાથે જોડાવવાનું છે, રોટી-બેટીના વ્યવહારો જે ચાલુ તો થઇ જ ગયા છે, તેમાં એક તરફ ઉષ્મા લાવવાની છે તો બીજી તરફ વિવિધ મંડળો વચ્ચે હરીફાઇની જગ્યાએ એકબીજાના પૂરક થઇને લોકશાહી પદ્ધતિમાં સંખ્યાબળને મજબૂત બનાવવાનું છે; આપણા વિસ્તરતા ફલકમાં રોજી-રોટી અને દીકરા-દીકરીની લેવડદેવડને કારણે પરિવારોની પહેચાનો વધે, ઓળખાણો રૂપી ખાણમાંથી અવિરત ફાયદો મળતો રહે, તેમજ છેવાડેના ગામડામાં રહેતા કંસારાને પણ એ સવાલ ન થાય કે ભણી ગણીને મારા દીકરાને ભણેલી વહુ મળશે કે કેમ? અથવા તો ખૂબ હોંશિયાર દીકરી માટે હવે સારો છોકરો ક્યાં શોધવા જાઉં? આવા તો અનેક મૂંઝવણમાં મૂકતા સવાલો હોય છે, ક્યારેક રોજી-રોટીના તો ક્યારેક કોર્ટ કચેરીના, ક્યારેક મેડીકલ સલાહ સૂચનના તો ક્યારેક ધંધા રોજગારના, જેનો ઉકેલ આખરે તો ઓળખાણથી જ લાવી શકાય છે ને? વધારામાં જ્યાં જથ્થો ઓછો હોય, સંખ્યા મર્યાદિત હોય ત્યાં, સારા માઠા પ્રસંગોએ એકબીજાની હૂંફ મળી રહે અને ધરતીકંપ જેવી હોનારતો કે લીલા-સૂકા દુષ્કાળ જેવા કપરા કાળમાં સરકારી રાહે મળતી સહાય કે અન્ય અર્ધસરકારી સંસ્થાઓ તરફથી મળતી સવલતોની સાચી માહિતી તેમજ તે માટે સંસ્થાઓ કે મંડળો દ્વારા કરવી પડતી કાર્યવાહી વગેરે કાર્યોમાં દોડવાનું શક્ય ના બને તો સાથે ચાલીને પણ, યોગ્ય સમયે સલાહ, સૂચન કે દિશા સૂચન આપીને, પરસ્પર મદદરૂપ બની શકાય, તો તેનાથી વધારે આવકાર્ય બીજું શું હોઇ શકે?

તો મિત્રો, ચાલો, આપણે સૌ હકારાત્મક રીતે વાસ્તવિકતાને નઝર અંદાઝ કર્યા સિવાય, સેતુ નો હેતુ બર લાવવા માટે ખભે ખભા મિલાવીને આગળ ધપીએ અને જેમનું લવાજમ એક વરસ કરતા કે બે-ત્રણ વરસ કરતા વધારે બાકી હોય તેમને લવાજમ મોકલવાની સુવિધા કરી આપીએ અને નજદીકના સ્થળે પહોંચ લઇને પહોંચતું કરે તેવો સંદેશો પહોંચાડીએ. ■

## એક વિશિષ્ટ સમૂહ લગ્નોત્સવ

તાજેતરમાં ભુજ ખાતે મારૂ કંસારા સોની જ્ઞાતિનો ૨૫મો સમૂહ લગ્નોત્સવ મંગળવાર તા. ૧૪-૧૨-૨૦૧૦ ના સંપન્ન થયો. જે સમાજગૌરવ દિવસ તરીકે ઉજવવામાં આવ્યો.

આ સમૂહ લગ્નોત્સવની વિશેષતા એ હતી કે તેમાં પ્રથમ વખત સમૂહ વરઘોડાનું આયોજન થયું હતું જે ભુજ માટે એક આકર્ષણરૂપ હતું તેમજ સામૂહિક મહેંદી રસમ અને સાંતક માંડવા પણ રાખવામાં આવ્યા.

સમૂહ લગ્નોત્સવની શરૂઆત ૧૯૮૬માં જ્ઞાતિમાં પ્રથમ ચાર યુગલોની સંખ્યાથી થઇ. જે સતત યોજાતા આવતાં સમૂહ લગ્નોત્સવના ૨૫માં વર્ષે અઢ્ઢાવન યુગલો સુધી પહોંચી તે એક નોંધનીય બાબત છે. દાંડિયા રાસ, ક્રાફ્ટ-હાટ તેમજ સત્કાર-સન્માન સમારંભો ખૂબ જ પ્રશંસાને પાત્ર હતા. આ સમૂહ લગ્નોત્સવમાં એક અન્ય જ્ઞાતિની લોહાણા મહાજનની કન્યાએ પણ પ્રભુતામાં પગલાં માંડ્યા. જેમને કન્યાદાન કરવાનો લાભ ભુજ જ્ઞાતિ ટ્રસ્ટે લીધો તે ખરેખર ખૂબ યોગ્ય નિર્ણય કહેવાય. કરિયાવર રૂપે એકત્ર થયેલ વિવિધ ૪૧ જેટલી ભેટ-સોગાદોમાં સોનાની વીંટી, ચાંદીના સાંકરા, સ્ટીલની હેલ સહિતની વસ્તુઓમાં વાંચે ગુજરાત અંતર્ગત પ્રેરણારૂપ પુસ્તકો અને પુસ્તિકાઓ પણ અર્પણ કરવામાં આવી.

ભુજ તેમજ અંજારના જ્ઞાતિ ગોરનું સન્માન અને લગ્ન મહોત્સવનો સંપૂર્ણ ખર્ચ ઉઠાવનાર મુખ્યદાતા શ્રી ભરતભાઇ રામદાસભાઇ બગા તેમજ અન્ય દાતાશ્રીઓનું, મંડપવાળા, લાઇટ-ડેકોરેશનવાળા, સાઉન્ડ સીસ્ટમવાળા, ફૂલોવાળા તથા રસોયાનું જે મોમેન્ટો અને સન્માનપત્ર આપીને સન્માન કરવામાં આવ્યું તે પ્રેરણાદાયી કાર્ય છે.

સમૂહલગ્ન મહોત્સવના કન્વીનર શ્રી અમૃતલાલ સોલંકીએ રજૂ કરેલી શીખ નવદંપતિઓને આધુનિક યુગની સમસ્યાઓને સમજવાની અને ઉકેલ લાવવાની દિશામાં પહેલ કરવા સમાન હતી. ભ્રૂણહત્યા ન કરવી, કોઇપણ જાતના વ્યસનોથી દૂર રહેવું, કન્યા કેળવણીને ઉત્તેજન આપવું, વડીલોની સેવા-ચાકરી કરવી, દેખાદેખી ન કરવી, જીવનઉપયોગી કાર્યો કરવા, તેમજ આધ્યાત્મિક-ધાર્મિકવૃત્તિ સાથે જીવન જીવવું.

સમાજની બહેનો દ્વારા ઉત્પાદીત મડવર્ક કૃતિઓ, જુદા જુદા પદાર્થો અને રંગોથી બનાવેલી વિવિધ ચિત્ર કલાકૃતિઓ, હાથશાળથી બનાવેલ કાપડ, ઉની વસ્ત્રો, પર્સ, ફ્લાવર પોટ, ભરત ગુંથણની વસ્તુઓ, ગત વર્ષના કાર્યક્રમોની વિડીયો સીડી, તેમજ શિહોરથી પ્રકાશિત થતું "જ્ઞાતિ હિતેચ્છુ" ત્રિમાસિક અંકોના લવાજમનો સ્ટોલ સૌને માટે પ્રેરક હતું.

સમૂહલગ્ન એક લોકસમૂહને એકત્ર થવાનું મોટું માધ્યમ છે. તેનાથી કચ્છ-ગુજરાત તેમજ અન્ય રાજ્યોથી અને વિદેશથી આવેલા જ્ઞાતિજનોને મળવાનું થાય છે તેના દ્વારા નવા સંબંધો બંધાય છે. દિકરા-દિકરીઓના સગપણ નક્કી થાય છે.

લગ્ન એ સંસારનો પાયો છે. નવયુગલો જેટલા મજબૂત, સુદૃઢ, સુસંકલ્પ, સુશિક્ષિત, સુસંસ્કારી તેટલો સમાજ સુવિકસિત બને આશા રાખીએ કે વિશ્વમાં જોવા મળતી વિકરાળ સમસ્યાઓનું સમાધાન પણ સમૂહલગ્નોના સુવ્યવસ્થિત આવા આયોજનો દ્વારા સાધી શકાય.

સમૂહલગ્નના આયોજનમાં જાથા દ્વારા અંધશ્રદ્ધા કે ચમત્કારથી ચેતો કાર્યક્રમ, વ્યસન-મુક્તિ પ્રદર્શન અને પ્રતિજ્ઞા કાર્યક્રમ, સેવાના ઝરણા સ્વરૂપ દુઃખદર્દથી પીડાતા લોકોને મદદરૂપ થવાના કિસ્સા દર્શાવતી તસ્વીરોનું પ્રદર્શન, પશુપક્ષીના રક્ષણ માટે લેવાતી કાળજી દર્શાવતી તસ્વીરોનું પ્રદર્શન, 'વૃદ્ધો : એક મોટી વિરાસત — તેનું જતન કરીએ' તે સમજાવતી તસ્વીરોનું પ્રદર્શન, લગ્નગીતોની સ્પર્ધા, સામાજીક ગુજરાતી ચલચિત્રોના શો આયોજન, તેજસ્વી તારલાઓનું સન્માન કાર્યક્રમ, વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરનાર વ્યક્તિઓનું બહુમાન કાર્યક્રમ, બેટી વધાવો, કોઇ શ્રેષ્ઠ સાહિત્યકાર, ચિંતકોની વ્યાખ્યાન માળા કાર્યક્રમ, હાસ્ય દરબાર, શ્રેષ્ઠ માતા કેમ બનવું? તેવા વિચારો વ્યક્ત કરતા સફળ મહિલાઓનું વક્તવ્ય કાર્યક્રમ આયોજીત કરી શકાય છે.

પ્રદુષણ નિવારણ અને વનસ્પતિ સંવર્ધન કાર્યક્રમ યોજાય તે જરૂરી છે.

***વીરેન્દ્ર એસ. પોમલ "ઉમ્મીદ" - અંજાર (મો. ૯૯૦૯૭ ૨૨૭૨૦)***

## સમૂહલગ્ન-સમારંભ ઉપરાંત આયોજીત સન્માન ભોજન સમારંભ

શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ-ભુજ આયોજીત ૨૫મા સમૂહ લગ્નને રજત જયંતિ સમૂહ લગ્ન તેમજ "સમાજગૌરવ દિન" તરીકે ઉજવીને આપણા ઇતિહાસમાં જેની સ્વર્ણીમ નોંધ લેવાશે એવા ભગીરથ કાર્યને ભવ્યાતિભવ્ય રીતે પાર પાડવા બદલ આયોજકોને અભિનંદન, વધાઇ.

આજે સમૂહલગ્ન સંદર્ભે મુદ્દાની અને મહત્ત્વની એક આડ વાત 'સેતુ' મારફતે એ કહેવી છે કે, આપણા કર્મનિષ્ઠ અગ્રણીઓએ આટલી મોટી જહેમત ઉઠાવી ભારે ધામધૂમ, દબદબાભેર અને રીતી-રિવાજો પ્રમાણે સમૂહ લગ્નો સંપન્ન કર્યા, ક્યાંય કોઇ કસર છોડી

અત્રે એક વાત એ કહેવાની છે કે સમૂહલગ્નમાં ભાગ લેનારા કેટલાક પરિવારોને પોતાના ઘર આંગણે અંગત રિશેપ્શન -ભોજન સમારંભોનું આયોજન કરવું પડતું હોય છે.

પોતાને ત્યાં લગ્ન જેવો રૂડો અવસર હોય અને અન્ય જ્ઞાતિનાં મિત્રો-સ્નેહીઓથી વ્યવહારીક સંબંધો હોય એટલે અંગત રીતે આવા ભોજન સમારંભો યોજાતા હોય છે, યોજવા પડતા હોય છે.

આ બાબતે આયોજકો પૈકીનાં અમુક શાણા અગ્રણીઓએ અંગત અભિપ્રાય વ્યક્ત કરતાં જણાવ્યું છે કે, ખરેખર તો આવા અંગત ભોજન સમારંભો ન થવા જોઇએ. છતાં જો સમારંભો યોજવા જ હોય તો જ્ઞાતિ સિવાયનાંને આમંત્રિત કરવા જોઇએ.

સમૂહલગ્ન પ્રસંગે સંબંધો અને વ્યવહારીક દૃષ્ટિએ વર-કન્યાને ભેટ-સોગાદો આપવાની હોય છે એ પણ પ્રસંગોચિત્ત જરૂરી અને મહત્ત્વનું પાસું છે. સમાજ પ્રત્યે ફરજ સમજી જ્ઞાતિજનો ચાંદલો લખાવે છે- જે લખાવવો જ જોઇએ અને તોજ આવા સામૂહિક કાર્યો સુપેરે પાર પાડી શકાય. પણ ઘણી જગ્યાએ સગા-સંબંધી કે જ્ઞાતિમિત્રનાં નાતે આમંત્રિત હોવાથી અંગત ભોજન સમારંભોમાં પણ એમને ચાંદલો લખાવવો પડે છે. વધુ પડતું લાગે છે, આવા એક અપવાદરૂપ પ્રસંગે પોમલ પરિવારમાં જવાનું થતાં ત્યાં ચાંદલો અસ્વીકાર્ય હતો બીજું પરિવાર કે અંગત સગાસંબંધીને બાદ કરતાં અન્ય જ્ઞાતિનાં સ્નેહીજનોને જ આમંત્રિત કરેલ હતા જે ખરેખર આવકારદાયક અને નોંધપાત્ર દાખલારૂપ ગણી શકાય.

***પી.જી. સોની 'દાસ'***

# એક્યુપ્રેશર

**શ્રીમતી મીનાક્ષી એ. માંકડ**

એક્યુપ્રેશર થેરાપી ભારતમાં ૨૫૦૦ વર્ષ પહેલાં પ્રચલિત હતી. આયુર્વેદમાં મર્મ ચિકિત્સા વિભાગમાં તેનો ઉલ્લેખ થયેલો છે. ભીષ્મપિતામહ બાણશય્યા પર ૧૮ દિવસ સુધી જીવ ટકાવીને રહ્યા હતા. જે પોઇન્ટ પર બાણ લગાવેલા હતા તે એક્યુપ્રેશરના પોઇન્ટ હતા.

'એક્યુ' એટલે ચોક્કસ અને 'પ્રેશર' એટલે દબાણ. શરીરનાં ચોક્કસ બિંદુઓ ઉપર દબાણ આપવાની પધ્ધતિને એક્યુપ્રેશર કહેવામાં આવે છે. આપણા શરીરમાં ૧૦૦૦ બિંદુઓ આવેલાં છે પરંતુ રોજબરોજની તકલીફો માટે તેમાંના ૯૦ થી ૧૦૦ બિંદુઓ જ મહત્વનાં છે.

આ પ્રવાહનું સ્વિચબોર્ડ હથેળીઓ તથા પગનાં તળિયાં છે. હાથ અને પગના તળિયાનાં પોઇન્ટ ઉપર દબાણ આપવું અને ભારપૂર્વક મસાજ કરવો તે આ પધ્ધતિમાં ખાસ મહત્વનું છે. આ દબાણ અંગુઠાથી, આંગળીથી, બુઠ્ઠી પેન્સિલથી કે જિમ્મીથી આપવામાં આવે છે. ૪ થી ૫ સેકંડ પોઇન્ટ ઉપર દબાણ આપવું. ૧ થી ૨ સેકંડ દબાણ લઇ લેવું. અને ફરી પાછું દબાણ આપવું. એમ ૧ થી ૨ મિનિટ કરવું ને તેમ કરવાથી તે પોઇન્ટ ઉપરનો દુઃખાવો, દર્દ કે રોગ ન મટે ત્યાં સુધી ૨૪ કલાકમાં ૩ થી ૪ વખત દબાણ આપવું. શરીરના જમણા ભાગના રોગ માટે જમણા હાથની હથેળીમાં તથા જમણા પગના તળિયામાં ઉપચાર કરવો ને ડાબી બાજુ માટે ડાબા હાથની હથેળીમાં તથા ડાબા પગના તળિયામાં ઉપચાર કરવો. શરીરના પાછળના ભાગમાં વાંસો, કરોડરજ્જુ નજ્ઞ વગેરે આવ્યાં છે તેને માટે હથેળીની પાછળ કે પગમાં ઉપચાર કરવો.

પૂર્ણ તંદુરસ્તી અને સ્વસ્થ શરીર રાખવા માટે એક હથેળીમાં તથા પગના તળિયામાં પાંચ મિનિટ અને બીજી હથેળી તથા પગના તળિયામાં પાંચ મિનિટ કુલ દસ મિનિટ બધાં જ પોઇન્ટ ઉપર દબાણ આપવું. આમ કરવાથી દરેક અવયવ બેટરીની જેમ રીચાર્જ થશે, થતા રોગોની ખબર પડશે અને તેનો તરત જ ઇલાજ થવાથી તે રોગ મટી જશે અને હૃદયરોગ, કમળો, બ્લડપ્રેશર, પક્ષઘાત વગેરે રોગ થવાની શક્યતા રહેશે નહિ.

એક્યુપ્રેશરની સારવાર લેવા માટે નીચેની સૂચનાઓ ધ્યાનમાં રાખવી જોઇએ.

(૧) ખૂબ થાકેલા હો ત્યારે સારવાર લેવી નહિ

(૨) જમ્યા પહેલાં એક કલાક પહેલાં લેવી

(૩) જમ્યા પછી બે કલાક બાદ લેવી.

(૪) ગરમ પાણીથી સ્નાન કર્યા પછી અડધા કલાક સુધી સારવાર લેવી નહિ.

(૫) ગર્ભવતી સ્ત્રીએ આ સારવાર ન લેવી.

(૬) કોઇ ઘા પડ્યો હોય ત્યાં સારવાર ન લેવી.

(૭) હાડકું ભાંગ્યું હોય તો સારવાર ન લેવી.

એક્યુપ્રેશરની સારવારની રોગહર અસરો નીચે પ્રમાણે છે-

(૧) દુઃખાવાનું શમન - સાંધાઓનો, માથાનો, દાંતનો, કમરનો દુઃખાવો, મચકોડ.

(૨) ઘેન કારક - મન શાંત થાય છે.

(૩) રોગ પ્રતિકારક શક્તિ પ્રબળ બને છે.

(૪) માનસિક સ્વાસ્થ્ય સુધરે છે.

(૫) સ્નાયુઓ પર - સ્નાયુઓને ઉત્તેજીત કરે છે અને તેમને શક્તિ આપે છે.

લકવો, પોલિયો વગેરે વ્યાધિઓમાં તેનો ઉપયોગ કરવામાં આવે છે.

સવારે ઉઠ્યા પછી સર્વપ્રથમ નીચે જણાવેલી ક્રિયાઓ કરો.

(૧) મોઢાને બંધ રાખીને ઉપરના દાંત નીચેના દાંત સાથે ૩૦-૪૦ વખત અથડાવો.

(૨) મોઢાને બંધ રાખીને જીભ વડે દાંત અને હોઠોની વચ્ચેની જગ્યા સાફ કરવાનો પ્રયત્ન કરો. આ ક્રિયા એક થી બે મિનિટ સુધી કરતા રહો.

(૩) હથેળીઓને એકબીજા સાથે ૨૦-૩૦ વખત ઘસો. આમ કરવાથી, હથેળીઓમાં ગરમાવો ઉત્પન્ન થાય છે. આ રીતે ગરમ થયેલી હથેળીઓ આખા ચહેરા પર થોડી ક્ષણો સુધી મૂકી રાખો. આ ક્રિયા ૨-૩ વખત કરો.

(૪) આંખોની આસપાસ હાડકાની જે વર્તુળાકાર ધાર છે તેના પર એક-બે મિનિટ ચક્રાકાર માલીશ કરો.

નિત્ય કર્મ પતાવીને નીચે પ્રમાણેના પોઇન્ટ ઉપર દબાણ આપવું.

(૧) બે ભ્રમરની વચ્ચે ચાંદલો કરીએ ત્યાં

(૨) ભ્રમરના ઉપર કપાળના મધ્ય ભાગ પર

(૩) કાનના બહારના ભાગમાં ધાર પર

(૪) કાનમાં અક્ષર ભરાવીએ તે ભાગ પર

(૫) બંને કાનમાં જે તે હાથની આંગલીઓ ગોળ ગોળ ફેરવવી.

(૬) હાથ અને પગની આંગળીઓના ટેરવા પર જ્યાં સાઇનસ પોઇન્ટ આવેલા છે.

કેટલાક રોગો માટે કઇ રીતે એક્યુપ્રેશર આપવું તે જોઇએ-

★ **બ્લડપ્રેશર -** ૪૦ વર્ષની વય પછી જમણા હાથની વચ્ચેના એક ઇંચના વર્તુળમાં બે-બે મિનિટ દાબવાનું છે.

★ **સાયેટિકા -** કરોડરજ્જુમાંથી નાની નાની ચેતાઓ નીકળે છે. અને તે શરીરના મધ્ય તેમજ આગળના ભાગમાં આવેલા દરેક અવયવ સાથે સંકળાયેલી હોય છે. તે જો ક્યાંક દબાય તો દુઃખાવો થાય છે. આથી કરોડરજ્જુનું કાર્ય યોગ્ય હોવું જોઇએ. ટટ્ટાર બેસવું જોઇએ. તેના માટે દરરોજ સવારે નીચે જણાવેલી કસરત કરવી જોઇએ.

સીધા ઉભા રહો. બે પગ વચ્ચે ૧૨ થી ૧૫ ઇંચનું અંતર રાખો. બંને હાથ ઉંચા કરો. કમરથી બની શકે તેટલા પાછળ જાઓ અને શ્વાસ અંદર લો. પછી બંને હાથ સીધા રાખી કમરમાંથી આગળ વળો અને શ્વાસ બહાર કાઢો. નીચે અડકવાનો પ્રયત્ન કરો. આ કસરત વારંવાર કરવામાં આવે છે, ત્યારે હાથ જમીનને અડકે છે, એટલું જ નહિ પણ પગની પાછળ જઇને જમીનને અડકે છે. આ રીતે કરોડરજ્જુ પૂરેપૂરી વિકસીત થાય છે અને વિદ્યુતનો પ્રવાહ દરેક અવયવ સુધી

બરાબર પહોંચે છે.

★ **વારસાગત રોગોનો પ્રતિકાર -** ગર્ભાધાન પહેલાં ૩ થી ૪ મહિના એક્યુપ્રેશરની સારવાર લીધી હોય, તો વારસામાં ઊતરી આવતા રોગોની માત્રા બાળકમાં ઓછામાં ઓછી થઈ શકે છે.

★ **એનેસ્થેટિક અસર -** કોઈપણ પોઈન્ટ ઉપર ત્રણ મિનિટથી વધુ સતત ચાલુ દબાણ આપવાથી એનેસ્થેટિક અસર થાય છે. ખાસ કરીને માથાના કે પેટના, દાંતના સખત દુઃખાવામાં ઉપયોગી થાય છે.

★ **પાચનશક્તિને મજબૂત બનાવવા -** ફાઈલેરિયા (હાથીપગો) આકાવાળા રોલર કે વેલણ ઉપર દરરોજ પાંચ-પાંચ મિનિટ એક-એક પગ અથવા બંને પગ પાંચ મિનિટ ખુરશી ઉપર બેસીને ભાર આપી શકાય.

★ **ગરમીને કારણે થતી શરદી, મેંનિજાઇટીસ, મગજના રોગો, કંપવા, આર્થાઇટીસ, પક્ષઘાત અને જૂની લાંબી માંદગી -** વગેરેમાં પગનાં તળિયાં ઠંડા અને માથું ગરમ રહે છે. તે માટે કપડાં ધોવાનું નાઈલોનનું નાનું બ્રશ પગનાં તળિયામાં ત્રણ વખત ૩ થી ૫ મિનિટ ઘસવું. પગનાં તળિયાં ગરમ થાય ત્યાં સુધી આ ક્રિયા ચાલુ રાખવી.

★ **અનિંદ્રા -** બંને હાથની આંગળીઓ એકબીજામાં ભિડાવવી અને વારાફરતી હથેળીના પાછળના ભાગમાં દબાણ આપવું દિવસમાં એક થી બે મિનિટ ત્રણ થી ચાર વખત કરવું સૂતી વખતે આ પ્રમાણે પાંચથી દશ મિનિટ કરવાથી સારી ઊંઘ આવશે અને અનિંદ્રાનો રોગ દૂર થશે.

★ **દારૂનું વ્યસન -** નાકનું ટેરવું દિવસમાં બે વખત ૨ મિનિટ ઘસો.


★ **સિંહાસન મુદ્રા -** પગ પાછળ રાખી ટટ્ટાર બેસો. જીભને બને તેટલી બહાર કાઢો. આ આસન ડોક અને આંખને ફાયદાકારક છે. તેમજ મુખાકૃતિ સુધરે છે.

★ **કિડનીને સક્રિય કરવા-** એક કપ પાણીમાં ૧ ચમચી મમરી (આખાં પત્તાંવાળી) ચા નાખી અડધો કપ થાય ત્યાં સુધી ઉકાળો. પછી તેને ગાળી નાંખો. અડધો કપ કાળી ચા માં અડધો કપ સાદું પાણી ઉમેરવું. આ ચા નરણા કોઠે પીવી. દર વર્ષે આ ચા પીવાથી ડાયાલીસીસ કરાવવાની જરૂર નહિ પડે, શરીરમાં સોજા આવ્યા હોય તો ઉતરી જાય છે અને પથરીમાં પણ ઉપયોગી છે.

ઉકાળો પીધા બાદ અડધા કલાક પછી ખાઇ પી શકાય.

★ **અવાજ બેસી જવો -** ૧ ગ્લાસ પાણીમાં ચાની મમરી ઉકાળી તેને ગાળી લઇ તેમાં ફટકડી ફેરવવી. તે પાણીના દિવસમાં ત્રણ વાર કોગળા કરવાથી અવાજ ખુલી જાય છે અને માથાના દુઃખાવામાં રાહત થાય છે.

**પાચનશક્તિ મજબૂત બનાવવામાં એક્યુપ્રેશરની મદદ :** ૪૦-૪૫ વર્ષની ઉંમર પછી પેટ શિથિલ થવા માંડે છે અને પાચનશક્તિ નબળી પડે છે. આથી આ ઉંમરે ખોરાકમાં આદુ, આમળાં અને લીંબુનો વધુ ઉપયોગ કરવો. ચિત્રમાં દર્શાવ્યા મુજબ લાકડાના આંકાવાળા રોલર કે વેલણ ઉપર દરરોજ પાંચ-પાંચ મિનિટ એક-એક પગ અથવા બંને પગ પાંચ મિનિટ ખુરશી ઉપર બેસીને ભાર આપી રગડવા. આમ કરવાથી પાચનશક્તિ વધે છે તેમજ ફેફસા-કિડની વગેરેની કાર્યશક્તિ વધે છે.



**રેચક :** પેટ સાફ લાવવા માટે કોઈ રેચક ઔષધ લેવાની જરૂર નથી. તેને બદલે સવારના સંડાસ જઈએ ત્યારે દાઢીના મધ્ય ભાગમાં (ચિબુક ઉપર) ૩થી ૬ મિનિટ સુધી દબાણ આપો અથવા મસાજ કરો. આથી પેટ સાફ આવશે, બંધકોશ (કબજીયાત) મટશે અને અનેક રોગોમાંથી મુક્તિ મળશે.

● **બંધકોશ (કબજીયાત)ની ફરિયાદ કાયમ માટે મટાડવા નીચેના ઉપચાર કરવા :**

૧. રોજ સવારે નરણા કોઠે એકાદ પ્યાલો ગરમ પાણી પીઓ.


૨. આખા દિવસમાં ૬થી ૮ પ્યાલા પાણી પીઓ. બને તો બે વખત છાશ પીઓ.

૩. ખોરાકમાં પાંદડાવાળી ભાજીઓનો સમાવેશ કરો.

૪. બરાબર ચાવો ને પાચનશક્તિ મજબૂત કરવા પાપડ વણવાના વેલણ ઉપર પાંચ-પાંચ મિનિટ પગ રગડો અથવા ફેરવો.

ખાસ કરીને હરસ-મસામાં આ રીતે દબાણ આપીને તથા લાંબાગાળાના ઉપાયો અજમાવીને કબજીયાતને દૂર કરવી જોઈએ.

**ચરબી અને વજન ઘટાડવા માટે :** અંગુઠાને કાનની પાછળ રાખી આંગળીઓથી આકૃતિમાં બતાવ્યા પ્રમાણેના બિંદુઓ પર દબાણ આપો.



એક વખત વજન ઓછું કર્યા પછી એક્યુપ્રેશરની નિયમિત સારવારથી વજન જાળવી શકશો.



● **તમાકુ ચાવવાની કે પીવાની કુટેવ :**

બાજુના ચિત્રમાં બતાવ્યા મુજબ બંને કાનનાં બંને બિંદુઓ ઉપર પણ દિવસમાં બને

*(અનુસંધાન : જુઓ પાના નં.-૨૩ ઉપર)*

# ત્રિરંગી વાનગીઓ

શ્રીમતી મીનાક્ષી એ. માંકડ

સ્ત્રી એટલે શક્તિ અને ભોજનેષુ માતા - અને કલા તો એને વરેલી. આજના આધુનિક કાળમાં જ્યારે વિવિધ ક્ષેત્રોમાં સ્ત્રીએ પોતાનું પ્રતિનિધિત્વ નોંધાવ્યું છે ત્યારે પણ પરંપરાગત રાંધણ કલાને તે ભૂલી નથી, બલકે તેમાં વૈજ્ઞાનિક અભિગમ અને સૌંદર્યલક્ષી અભિગમ અપનાવ્યો છે. એટલે વાનગીઓને માત્ર પૌષ્ટિક જ નથી બનાવતી પણ સાથે વિશિષ્ટ રીતે તેનું પ્રસંગોચિત પ્રેઝન્ટેશન (પ્રત્યક્ષીકરણ) પણ કરે છે. જાન્યુઆરી માસના પ્રજાસત્તાક પર્વને લક્ષમાં રાખીને આપણે પણ ત્રિરંગી વાનગીઓના રસથાળ દ્વારા દેશભક્તિ સાથે પાકશાસ્ત્રને વ્યક્ત કરીશું.

## ૧. ત્રિરંગી ટોપરાપાક

*સામગ્રી :* ૨૫૦ ગ્રામ લીલા નાળીયેરનું ખમણ, ૨ ટે. ઘી, ૫૦૦ ગ્રામ ખાંડ, ૨ ટે. દૂધ, ૨૫૦ ગ્રામ માવો, બદામ, ચારોળી, એલચી, જાયફળ, કેસર, લીલો રંગ વગેરે.

*રીત :* નાળીયેરનું ખમણ કરવું. તેને ઘી માં સાધારણ સાંતળવું. વધારે સાંતળવું નહિ. એક વાસણમાં ખાંડ લઈ તે ડૂબે તેટલું પાણી નાંખી ઉકાળવું. પછી દૂધ-પાણી નાંખી મેલ કાઢવો. ચાસણી એકતારી થાય એટલે તેને ત્રણ વાસણમાં સરખે ભાગે કાઢી લેવી. એક ભાગમાં કેસરને ગરમ કરી, વાટી દૂધમાં ઘૂંટી અંદર નાંખવું. બીજા ભાગમાં થોડોક લીલો મીઠો રંગ નાંખવો. અને ત્રીજો ભાગ સફેદ રાખવો. પછી ખમણ અને માવાને ભેગાં કરી, તેને ત્રણ સરખા ભાગે ત્રણે વાસણમાં નાંખવા. દરેક મિશ્રણને તાપ ઉપર મૂકી કઠણ કરવું. તેમાં એલચી જાયફળનો ભૂકો નાંખવો, ઠરી જાય તેવું થાય એટલે થાળીમાં ઘી લગાડી, લીલા રંગનું મિશ્રણ પ્રથમ ઠારવું. તે સાધારણ ઠરવા આવે એટલે તેના ઉપર સફેદ મિશ્રણ ઠારવું. તેના ઉપર કેસરી મિશ્રણ ઠારવું. ઉપર છોલેલી બદામની કાતરી અને ચારોળી ભભરાવવી. આ ટોપરાપાકને ધ્વજ આકારે ગોઠવો. સુંદર લાગશે.

## (૨) ત્રિરંગી બરફી

*સામગ્રી :* માવો ૧.૫ કિલો, ખાંડ ૬૦૦ ગ્રામ, પીસ્તા ૫૦ ગ્રામ, કાજુ ૧૦૦ ગ્રામ, એલચી ૨૫ ગ્રામ કેસર.

*રીત :* પ્રથમ માવાને ૧/૨ કિલોના ૩ ભાગમાં વહેંચો. (અલગ રાખો) પહેલો ૧/૨ કિલો માવો અને ૨૦૦ ગ્રામ ખાંડને સાથે લઈ એક કડાઈમાં ધીમા તાપે શેકો. જ્યારે તે ઘટ્ટ બની જાય ત્યારે તેને નીચે ઉતારીને તેમાં દૂધમાં ઘૂંટેલું કેસર નાંખીને થાળમાં પાતળા પડવાળો પાથરી દો. આ રીતે બીજો સફેદ માવો અને ખાંડમાં પીળો રંગ ચડાવી મિક્સ કરો. પેલા જ થાળમાં પાથરેલા માવા ઉપર આ પાથરી લો. આજ રીતે ત્રીજા ભાગના માવાને ખાંડ સાથે ઘટ્ટ બનાવી તેમાં લીલો રંગ નાંખો. અને પેલા માવાવાળા થાળમાં ઉપર પાથરી દો. પછી પીસ્તાને માવામાં ભેળવી દો. વધેલા પીસ્તાને ઉપરથી ભભરાવી દો. આ રીતે ત્રિરંગી બરફી તૈયાર થઈ જશે.

## (૩) ત્રિરંગી દહીંવડા

*સામગ્રી :* ૨૫૦ ગ્રામ કેપ્સીકમ, ૧ ટે. સ્પુન તલ, ૧ટી સ્પુન ધાણાજીરું, ૧ ટી સ્પુન ગરમ મસાલો, ૫ લીલાં મરચાં, કટકો આદુ, લીલા ધાણા, ૧ લીંબુ, ૭૫૦ ગ્રામ દહીં, ૨૫ ગ્રામ નાળીયેરનું ખમણ, ૨૫૦ ગ્રામ અડદની દાળ, ૨૫૦ ગ્રામ મગની દાળ, મીઠું, મરચું, હળદર, ખાંડ, હિંગ, તેલ.

*લીલો મસાલો :* મોટાં મરચાંની લાંબી કાતરી કરવી. એક વાસણમાં થોડું તેલ મૂકી, હિંગ નાંખી મરચાંની કાતરી વઘારવી. તેમાં મીઠું, તલ, ખાંડ, ધાણાજીરૂં, ગરમ મસાલો અને લીલાં મરચાંના બારીક કટકા નાંખી ઉતારી લેવું. સાધારણ ઠંડુ થાય એટલે લીંબુનો રસ, નાળીયેરનું ખમણ અને લીલા ધાણા નાંખવા. દહીંને વલોવી મીઠું, ખાંડ અને આદુ નાંખવું. અડદની દાળ અને મગની દાળને રાત્રે પાણીમાં અલગ પલાળી રાખવી. સવારે જુદી જુદી વાટવી. તેમાં મીઠું નાંખી ચાર-પાંચ કલાક ખીરૂં આથી રાખવું. આડણી ઉપર ભીનો રૂમાલ પાથરી અડદની દાળનું ખીરૂં વડા જેવું ગોળ પાથરવું. તેના ઉપર લીલો મસાલો મૂકવો. તેના ઉપર મગની દાળનું ખીરૂં થોડી હળદર નાંખી હલાવી પાથરવું. બરોબર દબાવવો જેથી મસાલો છૂટો પડે નહિ. તેલમાં વડાં તળી લેવાં. વડાં મોટાં બનાવવાં. પીરસતી વખતે તેના ચાર ટુકડા કરવા. જેથી ત્રણ કલર દેખાશે. આજુબાજુ બે ચમચા દહીં નાંખવું. તેના ઉપર મરચાંની ભૂકી છાંટવી.

## (૪) ત્રિરંગી પુલાવ

*સામગ્રી :* ૫૦૦ ગ્રામ બાસમતી ચોખા, ૧૦૦ ગ્રામ લીલા વટાણા, ૧૦૦ ગ્રામ ફણસી, ૨૫૦ ગ્રામ લાલ ટામેટા, ૧૦૦ ગ્રામ ગાજર, ૧૦૦ ગ્રામ ફલાવરનાં ફુલ, ૧૦૦ ગ્રામ બટાટા, ૨૫ ગ્રામ નાળીયેરનું ખમણ, ૩ ટી. સ્પુન ખાંડ, ૧ લીંબુ, ૧ ઝુડી લીલા ધાણા, મીઠું, મરચું, હળદર, ઘી, તજ, લવિંગ, એલચી, તમાલપત્ર.

*વાટવાનો મસાલો :* ૩ લીલાં મરચાં, કટકો આદુ, અડધી ઝૂડી લીલા ધાણા નાંખી મસાલો વાટવો.

*રીત :* ચોખામાં મીઠું અને પ્રમાણસર પાણી નાંખી છૂટો ભાત બનાવી થાળીમાં ઠારવો. તેના ત્રણ ભાગ કરવા.

લીલા વટાણા અને ફણસીના રેસા કાઢી સમારી વરાળથી બાફી લેવાં. તેમાં મીઠું, વાટેલો લીલો મસાલો, અડધા લીંબુનો રસ, ૧ ચમચી ખાંડ, અને એક ભાગનો ભાત નાંખી હલાવવો. લીલા રંગનો ભાત તૈયાર થશે.

પાકા ટામેટાંના કટકા કરી બાફી સૂપના સંચાથી ગાળી રસ કાઢવો. ગાજરને છોલી છીણી લેવું.

બંને ભેગાં કરી તેમાં મીઠું, લાલ મરચાંની ભૂકી, ૧ ચમચી ખાંડ અને ભાતનો બીજો ભાગ નાખી હલાવી, લાલ રંગનો ભાત તૈયાર કરવો.

ફલાવર અને બટાટાને બાફી, છોલી, બારીક કટકા કરવા. તેમાં મીઠું, હળદર, નાળીયેરનું ખમણ, વાટેલું આદુ, ખાંડ, લીંબુનો રસ અને ભાતનો ત્રીજો ભાગ નાંખી હલાવી પીળા રંગનો ભાત તૈયાર કરવો.

એક નીચેથી સપાટ વાસણમાં ઘી મૂકી ગરમ થાય એટલે એલચીના દાણા, તજ, લવિંગ અને તમાલપત્રના કટકાનો વઘાર કરી વાસણ નીચે ઉતારી પહેલાં વટાણાવાળો લીલો ભાત; તેના પર ટામેટાં ગાજરવાળો લાલ ભાત અને છેલ્લ ફલાવર - બટાકાવાળો પીળો ભાત પાથરવો. તેના ઉપર કોપરાનું ખમણ અને લીલા ધાણા ભભરાવી, લાલ

મરચું છાંટવું. પછી પ્રિ-હીટેડ ઑવનમાં વાસણ મૂકવું. ભાત બરાબર સિજાય અને છૂટો થાય એટલે કાઢી લેવો. પીરસતી વખતે એક બાજુથી આપવો. જેથી ત્રણ પડ અને ત્રણ રંગ દેખાશે.

*નોંધ :-* ઑવન ન હોય તો નોન સ્ટીકમાં થઈ શકશે.

### (૫) ત્રિરંગી સેન્ડવીચ

*સામગ્રી :* ૩ નંગ બોઈલ્ડ બટાટા, ૧ કપ બોઈલ્ડ પાલકની પેસ્ટ, ૧૦૦ ગ્રામ પનીર, દોઢ કપ ગાજર બીટનું બોઈલ્ડ ખમણ, ગ્રીન ચટની, ટામેટો કેચપ, ચીઝ, બટર, મરી પાવડર, નમક, ઘી અથવા બોઈલ્ડ રાઈસ.

*રીત :* પેનમાં ઘી કે તેલ મૂકી તેમાં પાલક બટેટાનો માવો સાંતળો. પછી તેમાં નમક, મરી પાવડર મિક્સ કરો. હવે પનીરમાં ૫૦ ગ્રામ ચીઝ, નમક, મરી પાવડર નાંખી સારી રીતે મિક્સ કરી લો. ગાજર બીટના ખમણમાં પણ નમક, મરી પાવડર નાંખી સારી રીતે મિક્સ કરી લો.

હવે બ્રેડની એક સ્લાઈસ લઈ તેના પર ગ્રીન ચટણી લગાવી ઉપર પાલક બટાટાવાળી પેસ્ટ પાથરો. હવે બીજી સ્લાઈસ તેના પર મૂકી તે સ્લાઈસ પર બટર લગાવો. અને તેના પર પનીર ચીઝવાળું મિશ્રણ પાથરો. તેના પર ત્રીજી સ્લાઈસ મૂકી તેમાં ટામેટો કેચપ લગાવી બીટ-ગાજર પાથરી તેના પર ચોથી સ્લાઈસ બ્રેડ મૂકી દો. બ્રેડની ઉપર નીચેની સ્લાઈસ પર બટર લગાવી દો. તેને ગ્રીલ કરીને પણ ખાઈ શકો. અને કાચી ખાવી હોય તો ભીનાં કપડામાં થોડીવાર લપેટી પછી સર્વ કરો.

### (૬) કેરટનો ત્રિરંગી સ્વીટપોટ

*સામગ્રી :* દૂધી ૧૫૦ ગ્રામ, ગાજર ૩૦૦ ગ્રામ, માવો ૧૦૦ ગ્રામ, દૂધ ૫૦૦ ગ્રામ, ખાંડ, આઈસિંગ સુગર ૧/૨ વાટકી, વેજીટેબલ ઘી ૧ ચમચો (ક્રીમ માટે), ઘી પ્રમાણસર, દળેલી ખાંડ ૧૦૦ ગ્રામ, માખણ ૨ ચમચા, મોટા (૧ કપ), ટોપરાનું ખમણ ૫૦ ગ્રામ, એલચીનો ભૂકો ૧/૨ ચમચી,

*ડેકોરેશન :* બદામ, કીસમીસ, કાજુ, ચેરી, ગાજરના હલવામાંથી બનાવેલ જુદા જુદા શેઈપ.

*રીત :-* (૧) સૌ પ્રથમ દૂધી છોલીને છીણી નાંખો. એક વાસણમાં ઘી, મૂકીને ૧૦ મિનિટ સાંતળો. પછી દૂધ નાંખી ચડવા દો. પછી પ્રમાણસર માવો તથા ખાંડ નાંખી ચડવા દો. બરાબર કઠણ થાય પછી ઉતારો. (કુંભનો શેઈપ). (૨) નાળીયર માટે ગાજરને છોલીને છીણી નાંખો. તેને પણ એક વાસણમાં ૧ ચમચો ઘી મૂકી શેકો. પછી દૂધ નાંખી ચડવા દો. ખાંડ તથા માવો મિક્સ કરી કઠણ થાય એટલે ઉતારી બરાબર ઠરવા દો. (૩) હવે વેજીટેબલ ઘી ૧ ચમચો અને આઈસીંગ સુગર મિક્સ કરીને ક્રીમ બનાવો. તેનાથી નામ લખી શકાય. (૪) દળેલી ખાંડ અને માખણ તથા કોકોનેટ છીણ તથા એલચીનો ભૂકો નાંખો (ઇંઢોણી બનાવવા)

હવે કુંભ - ઈંઢોણી અને નાળીયેરના શેઈપમાં ત્રણેય પૂરણ ગોઠવો. નીચે સફેદ (પૂરણ)ના ભાગની ડીશમાં જ ઈંઢોણી બનાવો. દૂધીનાં પૂરણમાં કાજુ - કીસમીસ મિક્સ કરીને કુંભનો શેઈપ આપો. હવે ખાસ ગાજરના પૂરણમાંથી થોડું વધારે લઈ હાથથી જ શ્રીફળનો શેઈપ આપો. ડેકોરેશન માટે ફરતી ચેરી ગોઠવો.

*નોંધ :* શ્રીફળ ઉપર નંબર ૩ થી 'વંદે માતરમ' લખવું. ■

## એક્યુપ્રેશર

**(અનુસંધાન : પાના નંબર-૨૧ ઉપરથી ચાલુ)**

તેટલી વધુ વખત દબાણ આપવું. આથી તમાકુ ખાવા કે પીવાનું મન ઓછું થશે.

બને તેટલી વધુ વખત પ્રાણાયામ કરો. આથી થાકેલાં ફેફસાંને નવું બળ પ્રાપ્ત થશે.

● **દારૂનું વ્યસન :** દરરોજ સાંજે અથવા દારૂ પીવાનું મન થાય ત્યારે ગરમ પાણી પીવું.


મિ. 'એક્સ'ને દરરોજ ત્રણ પેગ દારૂ પીવા જોઈતો હતો. તેમણે આ સારવાર ચાલુ કરીને સાંજે અડધો પ્યાલો ગરમ પાણી પીવાનું શરૂ કર્યું. પંદર દિવસમાં તેમનું દારૂ પીવાનું પ્રમાણ ઓછું થઈ ગયું ને માત્ર એક જ પેગથી સંતોષ થવા લાગ્યો.



બાજુના ચિત્રમાં બતાવ્યા મુજબ નાકનું ટેરવું દિવસમાં બે વખત ૨ મિનિટ ઘસો. કોઈકવાર વધુ પીવાઈ જાય તો આ પ્રમાણે કરવાતી નશો ઉતરી જશે અને ગંભીર બનાશે.

● **માદક દ્રવ્યોનું સેવન**

બાજુમાં દર્શાવ્યા મુજબ બંને કાનની ઉપરના બિંદુઓ પર દરરોજ ત્રણ વખત ૨-૨ મિનિટ ઉપચાર કરવો.





દરરોજ બંને પંજામાં પાંચ-પાંચ મિનિટ ઉપચાર કરવો. દર્દીને દરરોજ ૨-૩ કપ લીલો રસ તથા ૧-૨ પ્યાલા ફળનો રસ પાવો. ■

***★ બીજા કોઈને સારૂં લાગે એવું ઓછામાં ઓછું એક કામ હું આજે કરીશ, એવી પ્રતિજ્ઞા સાથે દરેક દિવસની શરૂઆત કરો. આ માટે કોઈની સાચી પ્રશંસા કરો. કોઈ મિત્ર માટે ફુલ લઈ જાવ અથવા બહાર ખાવાનું થાય, તો હોટલના વેઈટરને સામાન્ય કરતા થોડી વધુ ટીપ આપો. તમો કોઈની સાથે કામ કરતા હો, તો એ વ્યક્તિનો ઘણો બધો આભાર માનો અને કામનું પુષ્કળ શ્રેય તેને આપો.***

***★ બીજાઓના પ્રેમભર્યા અને ઉદાર વ્યવહારનો સ્વીકાર કરો. બીજાઓના મનમાં પણ કંઈ આપવાની ઈચ્છા હોય છે. બીજાઓની પાસે કંઈ મેળવતા શક્ય છે કે તમે થોડી અસુરક્ષા અનુભવો, પરંતુ ભાગ્યને ઈચ્છા મુજબનું બનાવવા માટે તમારે સ્વીકારવૃત્તિ કેળવવાની અને સહજ સ્વાભાવિક થવાની જરૂર છે. હવે તમારા કોઈ વખાણ કરે તો એનો આભાર માનો, એનો અસ્વીકાર ન કરો. બીજા લોકો તમને લાડમાં બગાડવા ઈચ્છે તો એમને એમ કરવા દો. કંઈક લેવા બદલ અપરાધભાવ ન અનુભવો, એનો આનંદ ઉઠાવો.***

# કોમ્પ્યુટરનો કક્કો – ૧૫

તુલસીદાસ એલ. કંસારા




## હાર્ડવેર

- **હાર્ડ ડિસ્ક ડ્રાઇવ (HDD)**

હાર્ડ ડિસ્ક ડ્રાઇવ એટલે તેમાં સમાવિષ્ટ કોઇપણ આંકડાકીય (Digital data) માહિતીનો ફાવે ત્યાંથી સંપર્ક સાધી શકાય તે માટેનું એક સ્થિર સાધન, જે કમ્પ્યુટરમાં બેસાડવામાં આવેલ હોય છે. તે એક ધરી પર ફરતું હોય છે, જેને એક કવચ દ્વારા સુરક્ષિત કરવામાં આવેલ હોય છે. તેમાં રહેલ હાર્ડ ડિસ્કની માહિતી તેમાં રહેલી પ્લેટો ઉપર રીડ-રાઇટ હેડ, જે તેના ઉપર એક હવાના પડદા ઉપર ફરતું રહે છે, તેના મારફતે ચુમ્બકીય રીતે વાંચી શકાય છે, તેમજ લખી પણ શકાય છે. ૧૯૫૬ ની સાલમાં આઇ.બી.એમ. કંપનીએ આ સાધનની કમ્પ્યુટરમાં શરૂઆત કરેલ હતી. સહાયક સંગ્રાહક તરીકે કમ્પ્યુટરનું આ એક ખૂબ જ અગત્યનું અંગ છે.

હાર્ડ ડિસ્કમાં વિભાગો પડવાની ક્રિયાને પાર્ટીશન કહેવામાં આવે છે, જેનો સીધો મતલબ થાય છે એકજ ડિસ્કનો અનેક ડિસ્ક તરીકે ઉપયોગ કરવો. હાર્ડ ડિસ્ક ઉપર પાર્ટિશન પાડવા માટે, તેની સાઇઝમાં ફેરફાર કરવા માટે, તેને કાઢી મૂકવા માટે કે તેમાં કોઇપણ જાતનો બદલાવ લાવવા માટે એક પાર્ટીશન એડીટર નામનો સોફ્ટવેર આવે છે તેનો ઉપયોગ કરવામાં આવે છે. આજ પાર્ટીશનો ને સોલારીસ તેમજ બી.એસ.ડી. (બર્કલી સોફ્ટવેર ડિસ્ટ્રીબ્યુસન) સિસ્ટમો ધરાવતા કમ્પ્યુટરોની હાર્ડ ડિસ્કમાં સ્લાઇસ, કહેવામાં આવે છે.

શરૂઆતમાં હાર્ડ ડિસ્કમાં સ્લાઇસ, આપણે જેમ સફરજનની ચીરી, પતીકું કે કાપલી કહીએ તેમ તેને સ્લાઇસ કહેવામાં આવે છે.

શરૂઆતમાં હાર્ડ ડિસ્ક એકાદ-બે ગિગાબાઇટ કે તેથી પણ ઓછી કેપેસિટીની આવતી હતી. જેમાં ઓપરેટીંગ સિસ્ટમ રહી શકતી અને તમે કમ્પ્યુટરનો ઉપયોગ કરી શકતા. એ સમયે સંગ્રહ કરવાનું કોઇ વિચારતું પણ નહીં. હવે તો હાર્ડ ડિસ્કની સાઇઝ ગિગાબાઇટ થી ટેરાબાઇટ સુધી પહોંચી ગઇ છે, પરંતુ તમારી પાસે માત્ર ૨૦ કે ૪૦ જીબીની હાર્ડ ડિસ્ક હોય અને તે સ્ટોરેજને કારણે પૂરી ભરાઇ ગયેલ હોય તો આવા સમયે તમે જરૂરી ડેટાનો સંગ્રહ ક્યાં કરશો? આવા પ્રશ્નથી થતી મુંજવણ ના હવે તો અનેક ઉપાય છે. દા.ત. તમે હવે વધારાની હાર્ડ ડિસ્ક ખરીદીને તેમાં ડાટા રાખી શકો છો અને જોઇએ ત્યારે તેને તમારા કમ્પ્યુટરની સાથે પેન-ડ્રાઇવ પોર્ટ થી જોડી ને ઉપયોગમાં લઇ શકો છો. તમે ઇન્ટરનેટ ઉપર પણ અનેક સાઇટોમાંની કોઇપણ સાઇટ ઉપર તમારો ડાટા સંગ્રહી શકો છો. આ ઉપરાંત, તમારી સી.ડી., ડી.વી.ડી કે પેનડ્રાઇવમાં પણ ડાટા રાખી શકો છો.

તમારી હાર્ડ ડિસ્કમાં તમારે સરળતાપૂર્વક કાર્ય કરવું હોય તો પાર્ટિશન પાડવા જરૂરી બની રહે છે.

કોઇપણ કામ સરળતાથી કરવા માટે જેમ તમારે તેના ભાગ કે વિભાગો પાડવા પડે એટલે કે પાર્ટિશન કરવા પડે છે, તેમ લાઇબ્રેરીની જેમ બધાં જ પુસ્તકો કે ફોલ્ડરો અને ફાઇલો ને એક જ રેક કે ખાનામાં ન ગોઠવતાં, તેમને વિષયવાર-લેખકવાર જરૂરિયાત મુજબ ખાનાંઓના ભાગ પાડીને મૂકવામાં આવે છે, જેથી કોઇપણ ચોક્કસ પુસ્તક, ફાઇલ કે ફોલ્ડર સરળતાથી મળી રહે. કમ્પ્યુટરની બાબતમાં પણ આવું જ છે. કમ્પ્યુટરનો તમે ઘણી રીતે ઉપયોગ કરો છો. અલગ અલગ માહિતીઓ સાચવવા તથા કોઇ એપ્લિકેશનમાં કામ કરવા માટે, ગીતો કે ફિલ્મો સ્ટોર કરવા માટે, ગેઇમ કે સોફ્ટવેર રાખવા માટે વગેરે. આ બધું જ કમ્પ્યુટરની હાર્ડ ડિસ્કમાં સચવાયેલું રહે છે તથા વિવિધ ઓપરેટીંગ સિસ્ટમ જેવી કે વિન્ડોઝ એક્સપી, વિન્ડોઝ વિસ્ટા, લિનક્સ વગેરે પણ તેમાં જ સંગ્રહિત રહેતાં હોય છે.

જુદા-જુદાં પ્રકારનો આ બધો જ ડેટા એક જ જગ્યાએ સાચવવામાં આવે તો ઘણી મુશ્કેલી અથવા નુકશાન થઇ શકે છે. જેમ કે ડેટા શોધવો મુશ્કેલ થઇ જાય છે. હાર્ડ ડિસ્ક ક્રેશ થઇ જાય અથવા ફોર્મેટ કરતા બધો જ ડેટા ગુમાવવો પડે તેવી શક્યતા પણ રહેલી છે. આ બધી સમસ્યાનું નિરાકરણ લાવવા માટે હાર્ડ ડિસ્કના પાર્ટિશન એટલે કે ભાગ પાડવામાં આવે છે. જેમાં મોટાભાગે, પરંપરાગત રીતે "સી" પાર્ટિશન પ્રાઇમરી એટલે કે મુખ્ય પાર્ટિશન હોય છે, જેમાં ઓપરેટિંગ સિસ્ટમ, પ્રોગ્રામ ફાઇલ, ડ્રાઇવર્સ તથા સોફ્ટવેર વગેરે હોય છે.

૫૦૦ GBથી લઇને ૧ TB સુધીની ક્ષમતા ધરાવતી હાર્ડ ડિસ્ક આજે વધારે ચલણમાં છે. જુદા-જુદા પ્રકારના ડેટા પ્રમાણે હાર્ડ ડિસ્કનું પાર્ટિશન પાડવામાં આવે છે. મુખ્ય પાર્ટિશન "સી" સિવાયના સેકન્ડરી એટલે કે ગૌણ પાર્ટિશનને કોઇપણ નામ કે કેરેક્ટર આપી શકાય છે. જેમ કે ડી, ઇ, એફ વગેરે.

હાર્ડ ડિસ્કમાં પાર્ટિશનનો મુખ્ય ઉપયોગ ડેટાને ઓર્ગેનાઇઝ એટલે કે વ્યવસ્થિત રીતે ગોઠવવાનો છે. તેના દ્વારા તમે ઓપરેટીંગ સિસ્ટમને અન્ય ડેટાથી અલગ કરી શકો છો. પાર્ટિશન પાડવાથી ઘણી મુશ્કેલીઓથી રક્ષણ મળે છે. જેમકે, વાઇરસ, ફાઇલ કરપ્ટ થઇ જાય કે અન્ય કોઇ કારણસર ઓપરેટીંગ સિસ્ટમને રિઇન્સ્ટોલ કરી શકો છો. આ સિવાય તમે પાર્ટિશન બનાવ્યા પછી પણ તેને રિસાઇઝ કરી શકો છો. તેના દ્વારા તમે ઓપરેટિંગ એરિયાને નાનો કે મોટો કરી શકો છો, તેમાં વધારો કે ઘટાડો કરી શકો છો.

ખરેખર તો ઓપરેટિંગ સિસ્ટમને ઇન્સ્ટોલ કરતી વખતે જ જરૂરિયાત મુજબના પાર્ટિશન પાડવામાં આવે છે. પાર્ટિશન બે પ્રકારનાં હોય છે તેમાંથી એક છે ફેટ (ફાઇલ એલોકેશન ટેબલ) અને બીજું છે એનટીએફએસ (નેટવર્ક ટેકનોલોજી ફાઇલ સીસ્ટમ). એકવાર પાર્ટિશન થઇ ગયા પછી ફેરફાર કરવો હોય તો? મૂંઝાવાની જરૂર નથી તેનો પણ ઉકેલ છે. વિન્ડોઝ એક્સપીમાં હેન્ડી ડિસ્ક મેનેજમેન્ટ ટૂલ હોય છે. જેનો ઉપયોગ કરીને પાર્ટિશનની સાઇઝને મેનેજ કરી શકો છો. એટલે કે વધારી-ઘટાડી શકો છો. આ માટે તમારે નીચે મુજબના પગલાંઓ લેવા પડશે.

### પગલું - ૧લું

તમારા કમ્પ્યુટરમાં તમેજ જો તેના એડમિનિસ્ટ્રેટર હોવ, તો લોગ-ઇન થાઓ, નહિંતર એડમિનિસ્ટ્રેટર તરીકે લોગ-ઇન થાઓ.

**પગલું - ૨જું**

સ્ક્રીનમાં નીચેની બાજુએ આવેલ ટાસ્કબારની ડાબી બાજુના સ્ટાર્ટ બટન પર ક્લિક કરો અને કન્ટ્રોલ પેનલને ઓપન કરો.

**પગલું - ૩જું**

એડમિનિસ્ટ્રેટિવ ટૂલ્સ "Administrative Tools" પર ડબલ ક્લિક કરો. ત્યારબાદ "Computer Management" પર ડબલ ક્લિક કરો.

**પગલું - ૪થું**

હવે "Disk Management" પર ક્લિક કરો. જો "Disk Management" ના દેખાતું હોય તો "+" નિશાની પર ડબલ ક્લિક કરો. ત્યારબાદ "Storage" પર ક્લિક કરો જે તમને આ ટૂલ સુધી પહોંચાડી દેશે.

**પગલું - ૫મું**

તમે જે પાર્ટિશનની સાઇઝમાં ફેરફાર કરવા માંગો છો તેના પર રાઇટ ક્લિક કરો અને "Delete Partition" સિલેક્ટ કરો. ફોર્મેટ ઓપરેશન પૂર્ણ થાય ત્યાં સુધી રાહ જુઓ. પાર્ટિશન સાઇઝમાં ફેરફાર કરવા માટે પીસીને વિન્ડોઝ સેટઅપ સીડી દ્વારા બુટ કરાવો અને હવે તમે અહીં પાર્ટિશનની સાઇઝમાં ફેરફાર કરી શકશો.

**પગલું - ૬**

સાઇઝ કે માપની ફાળવણી કર્યા વગરની જગ્યા (અનએલોકેટ સ્પેસ) પર રાઇટ ક્લિક કરો અને "New Partition"ને સિલેક્ટ કરો. હવે "Next" પર ક્લિક કરો. વિન્ડોઝ નવું પાર્ટિશન હાર્ડ ડિસ્કમાં વધુમાં વધુ જેટલી સ્પેશ હશે તેટલી સાઇઝનું પાર્ટિશન બાય ડિફોલ્ટ બનાવશે. જો તમે આ સાઇઝમાં ફેરફાર કરવા માગતા હો તો જોઇતી હોય તેટલી સાઇઝનું માપ બોક્ષમાં આપો. આ માપ એમબી એટલે કે મેગા બાઇટમાં આપવું પડશે.

**પગલું - ૭**

હવે "Next" પર ક્લિક કરો અને "Format"ને સિલેક્ટ કરો. વોલ્યુમનું નામ આપીને ફાઇલ સિસ્ટમ માટે "NTFS" સિલેક્ટ કરો. આટલું કર્યા પછી "Next" પર ક્લિક કરીને પછી "Finish" પર ક્લિક કરો. જોઇતા માપનું પાર્ટિશન હવે તમને મળશે.

## સોફ્ટવેર :

- **ફાઇલ એક્ષ્ટેન્શનો : Dynamic Link Library (.dll):**

ડીએલએલ- ડાયનામિક લિન્ક લાઇબ્રેરીનું ટુંકું સ્વરૂપ જેમાં કાર્યો અને અન્ય માહિતીઓ સંગ્રહિત કરેલ હોય છે તે લાયબ્રેરી જેવી ફાઇલો કે વિન્ડોઝના પ્રોગ્રામથી ખોલી શકાય છે. આવી ફાઇલોને છેડે દોટ (.dll) ડીએલએલ એક્ષ્ટેન્શન આવતું હોય છે. આ પ્રોગ્રામને જ્યારે ખોલવામાં આવે છે લૉચ કરવામાં આવે છે ત્યારે તે પોતાની રીતે લિન્ક સાધી ને ડોટ (.dll) ડીએલએલ એક્ષ્ટેન્શન વાળી ફાઇલ બનાવે છે.

જો સ્થગિત લિન્ક બનાવવામાં આવેલ હશે તો, જ્યારે પ્રોગ્રામ ચાલુ હશે ત્યારે આ ડીએલએલ ફાઇલ ખુલેલી રહેશે, ઉપયોગમાં રહેશે. પરંતુ જો ગતિશીલ, ડાયનામિક લિન્ક બનાવાયેલ હશે તો આ .ડીએલએલ ફાઇલનો ઉપયોગ માત્ર જરૂર હશે ત્યારેજ થશે, બાકીનો સમય બંધ રહેશે. આમ ડાયનામિક લિન્ક પ્રોગ્રામને મેમરી અને હાર્ડ ડ્રાઇવની જગ્યા જેવા અગત્યના સાધનો નો જરૂર પૂરતો જ અને વધારે સકુશળતાથી ઉપયોગ કરવામાં મદદ કરે છે.

ડીએલએલ- ડાયનામિક લિન્ક લાઇબ્રેરીનો ઉપયોગ એક સાથે અનેક પ્રોગ્રામ એકજ સમયે કરી શકે છે. કેટલાક ડીએલએલ વિન્ડોઝ ઓપરેટીંગ સીસ્ટમ સાથે આવે છે જ્યારે કેટલાકને પાછળથી ઇન્સ્ટોલ કરવા પડે છે. તમારે સાધારણ રીતે ડીએલએલ ફાઇલ સીધીજ ખોલવાની હોતી નથી, કારણ કે જે પ્રોગ્રામો તેનો ઉપયોગ કરે છે તેઓ જરૂર જણાશે તો સ્વયં તેનો લોડ કરી દેશે. જોકે સામાન્ય રીતે ડીએલએલ ફાઇલોના છેડે .ડીએલએલ એવું અંગ્રેજીમાં લખેલ હોય છે, પરંતુ ક્યારેક આવી ફાઇલોને છેડે .exe, drv, કે .fon પણ હોઇ શકે જે ખરેખર તો વધારે થાપ ખવડાવનાર છે.

- **ZIP = ઝીપ - એક ફાઇલ એક્ષ્ટેન્શન :**

જ્યારે એક ફાઇલને સંકોચવામાં આવેલી, દબાવીને ઓછી જગ્યામાં રાખવામાં કે ઠાંસવામાં આવેલી હોય, ત્યારે તેને ઝીપ કરી કહેવાય છે. આ પ્રક્રિયાને કારણે તે ફાઇલ ઓછી જગ્યા રોકે છે, અને જેવી રીતે મુસાફરી કરતી વખતે થેલામાં કે બેગમાં કપડા દબાવીને ભરવાથી ઉપાડવામાં સહેલા પડે તેવી રીતે આ ફાઇલ ને અન્ય જગ્યાએ મોકલવી સહેલી પડે છે. આવી ફાઇલ ને છેડે ડોટ (.zip) ઝીપ અંગ્રેજીમાં લખવામાં આવેલ હોય છે.

જ્યારે કોઇપણ ફાઇલનું ઝીપ ફાઇલમાં રૂપાંતર કરવામાં આવે છે, ઝીપ ફાઇલ બનાવવામાં આવે છે ત્યારે તે એક નાનકડું બંડલ બને છે તેથી તે હાર્ડ ડ્રાઇવમાં ઓછી જગ્યા રોકે છે અને ઓછા સમયમાં અન્ય કમ્પ્યુટરમાં તબદીલ કે ટ્રાન્સફર થઇ શકે છે. ઇન્ટરનેટ ઉપર આ રીતે મોટાભાગની વિન્ડોસની ફાઇલોને સંકોચવામાં આવેલ હોય છે.

આવીજ રીતે જો આવી ફાઇલો ને છેડે ડોટ સીટ (.sit) દેખાતું હોય તો તે ફાઇલ મેકિન્ટોશમાં બનેલ હશે. મતલબ ઍપલ કંપની ના તે નામના કમ્પ્યુટરમાં જે મેક ઓ.એસ. (Mac O.S.) નામે ઓળખાતી ઓપરેટીંગ સીસ્ટમના સોફ્ટવેરથી બનેલ હશે, જેને ઝીપ કરવા માટે એ કમ્પનીએ ઝીપ ને બદલે સ્ટફ્ડ (stuffed) મતલબ દબાવી દબાવીને ભરવું, શબ્દનો પ્રયોગ કરેલ છે અને તેને સ્ટફ્ડ ફાઇલો કહેવાય છે, અને તેના એક્સટેન્સનનું નામ રાખેલ છે (.sit) જેને ખોલવા માટે પહેલા સ્મિથ માઇક્રો સ્ટ્ફીટ સોફ્ટવેરનો ઉપયોગ કરવો પડતો હતો, પરંતુ હવે તેનો ઉપયોગ ક્રોસ પ્લેટફોર્મ પર થઇ શકે છે. મતલબ કે તે મેકિન્ટોશ તેમજ વિનડોસ બન્નેમાં બનાવી શકાય છે તેમજ ખોલી પણ શકાય છે. સ્ટ્ફીટ પહેલા એલ્યુમ સિસ્ટમે બનાવેલ (જે પહેલા અલાદિન સિસ્ટમ તરીકે ઓળખાતી હતી), પરંતુ હવે સ્મિથ માઇક્રો દ્વારા તેનો વિકાસ અને વહેંચણી કરવામાં આવે છે.

**હેલ્થ ફર્સ્ટ :**

***ચાલો કમ્પ્યુટર શીખીએ :***

સહુથી પહેલા કમ્પ્યુટરની બધી ચાવી સમજવી પડશે. તૈયાર?

આ વખતે માત્ર એકજ ચાવી, એકજ કી, કંટ્રોલ એસ (^ સેવ) નો ઉપયોગ કરીશું, અને દર વખતે એક એક કી શીખીશું. તો ચાલો સૌ પહેલા ખુશીની ચાવી શીખીએ - જો જીવનમાં

હોય આનંદ, પ્રસન્નતા, સુખ, ખુશહાલી, ખુશી તો તેને બચાવીએ = કંટ્રોલ એસ ^ સેવ.

[^ S (Save)] = બચાવો. ખુશીને બચાવો; સંગ્રહો; સાચવો;

જો એક વખત ખુશ રહેવાની ટેવ પાડશો તો ખુશી હંમેશા સંગ્રહિત રહેશે, તેને બહાર શોધવાની જરૂરત નહીં પડે. માટે જ હસતા રહો, ખુશ રહો મોજ મેં રહો.

અને સીધી વાત છે, આનંદમાં રહેવા માટે દિવસની શુભ શરૂઆત લાફીંગથી કરો, હસીને કરો. અને હસવા માટે લાફીંગ કલબ થી વધારે સારી જગ્યા કઇ હોઇ શકે? જ્યાં માત્ર હસવાનું નથી પણ કૈંક શીખવાનું પણ છે, કૈંક જાણવાનું પણ છે અને કસરત કરવાની પણ છે, તેજ તો સાચો રાઝ છે, તેજ તો તેની ખૂબી છે, તેજ તો તમારી તંદુરસ્તી અને મનદુરસ્તીનો, આનંદનો, ખુશીનો સાચો રસ્તો છે, માટેજ કંટ્રોલ એસ નો ઉપયોગ કરો અને કોમ્પ્યુટર શીખતા શીખતા જીવનને માણવાનો, ખુશીને સાચવવાનો સાચો રસ્તો શીખો..... ■

## "સમાજનું ગૌરવ"



સમાજનો દરેક માનવી સમાજનો દેવાદાર છે. દરેક માનવીના ઘડતરમાં સમાજનું ઋણ છે અને સમય આવે અવશ્ય અદા કરવું જોઇએ તેવી ઉચ્ચતમ ભાવના ધરાવતા માતા **કુસુમબેન કિશોરભાઇ સોની** અને પિતા **કિશોરભાઇ વેલજીભાઇ સોની**ની બન્ને દિકરીઓ અને તેઓ પણ આવીજ ભાવના ધરાવે તે તેમના કુટુંબમાં સોનામાં સુગંધ ભળ્યા બરાબર જ કહેવાય.

મોટી દિકરી ચિ. શ્રદ્ધાએ M.B.B.S.નો અભ્યાસ કર્યા બાદ હાલમાં D.N.B. (GYANAECOLOGIST) કરી રહી છે, તેમાંથી પ્રેરણા મેળવી નાની દિકરી **"ચિ. પ્રીત"** પણ હોંશથી B.D.S. (દાંતના ડોક્ટર)માં એડમિશન લીધું તે માર્ગે તેની આગળ વધવાની તમન્ના સમાજ માટે કીર્તિસ્તંભ છે. સમાજ તેની પ્રગતિ માટે ગર્વ લે તે સ્વાભાવિક છે.

ચિ. પ્રીતે મલાડ મુંબઇમાં સેટ જોસેફ હાઇસ્કૂલમાં KG to S.S.C. સુધીનો અંગ્રેજી માધ્યમમાં અભ્યાસ કર્યો. તે દરમ્યાનથી જ ઉન્નતિના સિતારા પ્રકાશ વેરતા થઇ ગયા હતા. તે આધારે વિલેપાર્લેની પ્રખ્યાત મીઠીબાઇ સાયન્સ કોલેજમાં પ્રવેશ મળતાજ આનંદની લાગણી વ્યાપી ગઇ. ૧૨માં ધોરણમાં સારા ગુણાંક મળતાં "S.D.K. DENTAL AND MEDICAL COLLEGE" (HINGNA-NAGPUR) 2010"માં 1st YEAR B.D.S. (DENTAL) માં પ્રવેશ મેળવી લીધો.

સ્વભાવે હરવા-ફરવા તથા ઇત્તર પ્રવૃત્તિઓમાં પણ શોખીન હોવા છતા ચિ. પ્રીતે અભ્યાસમાં પણ પાછળ વળીને જોયું નથી. ચંદ્રના અજવાળે પ્રગતિનું ઝગારા મારતું શિલ્પ એટલે "પ્રીત" સમાજ કલ્યાણ-સેવાની ગંગાને વેગથી વહેવડાવશે જ તેવી આશા.

## અભિનંદન



★ **માનસી રાજેશભાઈ કટ્ટા (ભુજ)** માતૃછાયા કન્યા વિદ્યાલયમાંથી ધોરણ-૮માં ૭૯.૫૦% ગુણ મેળવી ઉત્તીર્ણ થયેલ.



★ **પ્રિન્સી હર્ષદભાઈ પોમલ** ધોરણ-૫ની વાર્ષિક પરીક્ષામાં ૯૩.૧૧% ગુણ મેળવી ઉત્તીર્ણ થયેલ. અમદાવાદ અને સાબરકાંઠા જ્ઞાતિમાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરેલ.



★ **ભવ્યા નીલેશભાઈ પોમલ** કે.જી.-૨ની પરીક્ષામાં ૯૯% ગુણ મેળવી ઉત્તીર્ણ થયેલ.અમદાવાદ અને સાબરકાંઠા જ્ઞાતિમાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરેલ.



★ રાયપુર સ્થિત **છગનભાઈ બારમેડા**ના સુપુત્રી **ચિ. ભાવિકા** મેનેજમેન્ટ ક્ષેત્રે વિખ્યાત ભારતીય બાલાજી ભવન-પૂનામાંથી MBA (Finance)ની ડિગ્રીમાં પ્રથમ કક્ષામાં ઉત્તીર્ણ થયા છે.



★ **શ્રીમતી ડિમ્પલ નીરવ સોની (બુધ્ધભટ્ટી) (રવાપર)**ની અંગ્રેજી માધ્યમની સ્કુલ - રવાપરમાં શિક્ષિકા તરીકે વરણી થયેલ છે.



★ **જેનીલ મનીષ બુધ્ધભટ્ટી (અંજાર)** થોડા સમય પહેલા સુરત ખાતે યોજાયેલ 'ALOHA' (Abacus & Mental Arithmatic" State Level Competition કે જેમાં પાંચ મિનિટમાં ૭૦ દાખલા કરવાના હોય છે, આ સ્પર્ધામાં તે વિજેતા થયેલ છે.

***સમાજના આ પ્રતિભા સંપન્ન તારલાઓને 'જ્ઞાતિસેતુ' પરિવાર તરફથી હાર્દિક અભિનંદન તથા શુભ કામના.***

# સારંગની ચોરી

**મનેશચંદ્ર કંસારા**

ઘર એટલે માતાનું મંદિર. સારંગને એ મંદિરના દર્શન થયાં ન હતાં. પ્રેમ એટલે પ્રભુ. સારંગને તેનોયે અનુભવ થયો ન હતો.

કોઈક મા અને કોઈક બાપનો એ એકનો એક દીકરો હતો. રસ્તામાંથી રડતો જડેલો અને અનાથાશ્રમમાં ઊછરેલો. વીસેક વર્ષનો થયો ત્યાં સુધીમાં તો તે 'ઉસ્તાદ' થઈ ગયો. કઈ વસ્તુ કેમ ગુમ કરવી, ક્યાં ગુમ કરવી એ તેને બરાબર આવડી ગયું. તેના મનમાં વિરોધી સંસ્કારોનો અખાડો જામ્યો. આશ્રમનાં સંચાલકોનાં ભાષણોનું વારંવાર શ્રવણ થવાથી કંઈક સુસંસ્કાર પણ પડેલા - જે ખૂબ ક્ષુદ્ર પ્રમાણમાં હતા, અને ત્યાંના વાતાવરણથી અમુક કુસંસ્કાર પણ સ્વાભાવિક રીતે પડેલાં, જેનું જોર વધુ પ્રમાણમાં હતું. આશ્રમમાં ઘણા ધંધા શીખવવામાં આવતા, પણ તે એ ન શીખ્યો, જ્યારે ત્યાં નહિ શીખવાતો ધંધો - ચોરી-તફડંચીનો તેને ઘણો ગમ્યો અને તેમાં તે પાવરધો પણ થઈ ગયો.

તેને જગતની ઘણી વસ્તુઓનો કંટાળો હતો, પરંતુ એમાંયે સૌથી વધુ કંટાળો જો કોઈનો હોય તો તે અનાથાશ્રમનો. નિયમબદ્ધ જીવન જીવી પોતાની અનેક મનોવૃત્તિઓનો સંહાર કરવો તેના કરતાં મુક્ત બની તે પ્રમાણે વિહાર કરવો તેને યોગ્ય લાગ્યો. એટલે તે ત્યાંથી ભાગ્યો. નિશ્ચય કર્યો કે પહેલાં ભાગી ગયા પછી તેમ પાછો આવ્યો હતો તેમ હવે કદી પાછા આવવું નહિ. દિવસ આખો રખડ્યો, રાત આખી ઊંઘ્યો. થાક્યોપાક્યો તે ઢીલો બની ગયો. વીસ વર્ષનો જુવાન જેનું હવે કોઈ નહોતું, જે હવે કોઈનો ન હતો, તે હવે રઢુંરઢું થઈ ગયો. પેટને અને અન્નને, મનને અને સ્થિરતાને, હૃદયને અને સાંત્વનાને વેર જેવી સ્થિતિ થઈ ગઈ. એટલે કુદરતી રીતે જ તેનામાં એક વિચાર ઉદ્ભવ્યો. તે વિચાર હતો ચોરી કરવાનો.

હવે બહાર ચોરી કરવી તે આશ્રમમાં ચોરી કરવા જેવું સહેલું તો ઓછું જ હતું? એને માટે તો ચૌરશાસ્ત્રનું સારું એવું જ્ઞાન, આવશ્યક શસ્ત્રો, અનુકૂળ સમયે, શારીરિક અને માનસિક બળ, પૂરતો અનુભવ, એવું બધું જોઈએ. તેની પાસે એ ક્યાં હતું? તેણે કેટલોક વિચાર કર્યો અને પછી ચોરી કરવાનું ભારે કામ મૂકી ખિસ્સું કાપવાનું સરવાળે કંઈક હળવું કામ કરવાનું નક્કી કર્યું. તેમાં તો માત્ર એક બ્લેડ જોઈએ, થોડી હાથચાલાકી જોઈએ અને મોં પર થોડો રુઆબ જોઈએ.

પણ એ 'માત્ર બ્લેડ' અને 'માત્ર થોડો રુઆબ' લાવવા ક્યાંથી? લૂગડાં તો તેનાં જથર-પથર હતાં અને વાળ તો તેલવિહોણા હતા. વળી મુખ ઉપર તો આશ્રમના ઉછેરની છાપ સ્પષ્ટ વર્તાતી હતી. આવા વેશે તે ખિસ્સું કાપવા જાય તો તરત પકડાઈ જવાનો પૂરો ભય. પહેલો જ વહેમ તેના પર આવે. રસ્તે આવતા-જતા રુઆબદાર બાંકેલાલ માણસોનાં ખિસ્સાં તરફ લોભી આંખે જોતાંજોતાં તેણે કંઈક નિર્ણય કર્યો અને તરત તેનો અમલ કર્યો.

તેને એક મિત્ર હતો. તે ધોબીનો ધંધો કરતો હતો. તે પણ આશ્રમમાં જ ઊછરેલો અને એ ધંધામાં પ્રવીણતા પ્રાપ્ત કરી ઉંમરલાયક થતાં સ્વતંત્ર કમાવા લાગ્યો હતો. તેને અને સારંગને

*સ્વ. મનેશચંદ્ર કંસારાનું મૂળ કચ્છમાં. માતુશ્રી સાકરબેન કેશવજી પ્રેમજી બુધ્ધભટ્ટી દામાણી કુટુંબમાંથી અને પિતાશ્રી નાગરદાસ કંસારા સૌરાષ્ટ્રથી નીકળ્યા ને સાક્ષરભૂમિ નડિયાદમાં સ્થાયી થયેલા. તેમના પુત્ર, પિતાની જેમજ સંગીતકાર. જે આફ્રિકા થઈને ઈદી અમીનના સમયમાં ઈંગ્લેન્ડ - લંડન પહોંચ્યાં. અને એશિયન મ્યુઝીક સ્કુલમાં ડીન થયા. આલ્બર્ટ હોલમાં વિશ્વવિખ્યાત સંગીતકાર યહુદી મેનૂરીન સાથે પરફોર્મ કર્યું. તેમના સંગીતની સરવાણી રૂપ, લેખનકાર્યમાંથી નિષ્પન્ન થયેલ 'ક્યાંય નહિ, કદી નહી' નામના નવલિકા સંગ્રહમાંથી લીધેલ આ ટૂંકી વાર્તા તેમની યાદગીરી રૂપે અહીં પ્રસ્તુત કરેલ છે.*

*— મુખ્યતંત્રી*

કંઈક ઠીક બનતું. સારંગને તેનું સ્મરણ થયું અને તરત તે તેની દુકાને ગયો. બોલ્યો, 'દોસ્ત, તારું ખાસ કામ પડ્યું છે.'

મિત્રે તેને જોતાં જ મોં મરડ્યું. 'તું ક્યાં ભટકે છે? આશ્રમમાં તો તારી શોધાશોધ ચાલે છે.'

'અરે ભાઈ! ત્યાં જ નહિ, આખા ગામમાં ચાલતી હશે, પણ હવે મારે એ જેલમાં નથી જવું. પણ એ વાત જવા દે. તું જો મારો દોસ્ત હોય તો મારું એક કામ ન કરે?'

'શું?'

'મને એક-બે દિવસ માટે એક સૂટ પહેરવા માટે ન આપે?'

ધોબીને આશ્ચર્ય થયું : 'તારે વળી એની શી જરૂર?'

'જરૂર છે. સરસ ઈસ્ત્રી કરેલો હોય તે કાઢી આપ. હું તારો ઉપકાર કોઈ દિવસ નહીં ભૂલું. બે દિવસ પછી તો જરૂર આપી જઈશ.'

ધોબીને સારંગ સાથે મિત્રતા તો હતી, પણ તે આવી લેણદેણની નહિ. સારંગે તેને પરાણે મનાવ્યો ને કોઈક ઘરાકનો તાજો જ ધોયેલો ઈસ્ત્રી કરેલો સૂટ પરિધાન કર્યો. પહેરતાંની સાથે જ સારંગની આખી જાત જાણે બદલાઈ ગઈ. પછી ધોબીને વાતે વળગાડી, તેની નજર ચૂકવી કપડાં બાંધવાની દોરી કાપવાની જૂની બ્લેડ તેણે વિના આયાસે સરકાવી લીધી. પછી ત્યાંથી નીકળી સિસોટી મારતાં મારતાં આખા ગામમાં ફર્યો અને અંતે સ્ટેશને આવ્યો.

ત્યાં આવ્યા પછી તેને ખબર પડી કે તેના જેવા માટે સ્ટેશન એટલે મધનો પૂડો. માણસોની ભીડ, તેમની ઉતાવળ, રઘવાયાપણું, સર-સામાનની ચિંતા, ઘોંઘાટ — આ બધામાં તો ખોબેખોબે લાભ ઉઠાવાય તેમ હતું. ટ્રેન આવી ગઈ હતી. સાંજ પડી ગઈ હતી. હલચલ મચી ગઈ હતી. સારંગે ચોમેર તેની ચપળ-ચકોર દૃષ્ટિ ફેરવી ને નકામી વસ્તુઓની બાદબાકી કરતી કરતી તે દૂર ઊભેલાં એક ડોશીમા પર ઠરી. તે દસ-દસની ચારેક નોટો વારંવાર ગણતાં હતાં. વારંવાર સંતોષ થયા પછી તેમણે તે સાલ્લાને છેડે બાંધી, ગાંઠ વાળી અને ઓટીએ ચડાવી દીધી.

પછી એ સ્ટેશનમાં દાખલ થયાં. દાખલ થતાં પહેલાં ત્રણ-ચાર જણ સાથે અથડાયાં અને બગલનું પોટલું પડતાં પડતાં રહી ગયું.

સારંગ ગુંજી ઊઠ્યો : 'વાહ રે નસીબ!' તે મલકી પડ્યો : 'ડોશી એકલી! આંકે કાચી! ને પૈસાવાળી!'

અનેક જીવડાં ભીંત ઉપર ફરતાં હોય તેમ છતાં એક જીવડાને નિશાન બનાવ્યા પછી ગરોળી જેમ બીજાંને ભૂલી તેના તરફ જ તાકી રાખી તેને ઝડપી લે છે તેમ સારંગે પોતાનું ધ્યાન ડોશી પર જ કેન્દ્રિત કર્યું. ડોશીને માણસોની એ ભીડમાં ડગલે ને પગલે મુશ્કેલી પડતી હતી અને

સારંગને એના ડગલે ને પગલે હર્ષ થતો હતો. તે પણ સ્ટેશનમાં દાખલ થઈ ગયો. તેનાં કપડાંનો ભભકો જોઈ દ્વાર પર ઊભેલાએ તેને રોકવાની ચેષ્ટા કરી નહિ. એ જ વખતે ગાડી ઊપડવાનો ઘંટ વાગ્યો.

ડોશીમા ગાભરાં થઈ ગયાં ને આમતેમ દોડવા લાગ્યાં. સારંગ તેમની પાસે પહોંચી ગયો. ઝપાટાબંધ સામેનું જ અત્યંત ભીડવાળું ખાનું ઉઘાડી નાખ્યું અને બોલ્યો, 'અરે માજી! ચડી જાવ જલ્દી, નહિ તો રહી જશો વા ખાતાં!'

ડોશીમાં ત્યાં આવ્યાં. પણ ચડવું કેમ? ડોશીમાની કીડી થાય તો પણ ત્યાં સમાવેશ થાય એમ ન હતું. મૂંઝાઈને, ગભરાઈને બોલ્યાં, 'ભઈલા! અહીં તો જગા જ નથી.'

'નથી શું - આ રહી - ચડો ઉપર.' કહી સારંગે ડોશીનો હાથ પકડી ઉપર ચડવામાં પરાણે મદદ કરી. તે જ વખતે ગાડી ઊપડી એટલે પોતે પણ તેના પગથિયાં પર ચડી ગયો. ડોશીમાની સ્થિતિ તો કફોડી થઈ ગઈ. નહોતાં અંદર માતાં, નહોતું બહાર નીકળાતું. નહોતું સ્થિર ઊભું રહેવાતું, નહોતું બેસાતું. તેમણે તો એક હાથે પોટલું પકડ્યું અને બીજે હાથે સારંગનો જ હાથ પકડ્યો : છોડ્યો જ નહિ. સારંગ પોતે મૂંઝાયો : કરવું શું? ગાડી જોરમાં આવી હતી, હાથ ઝલાઈ ગયો હતો અને કામ સર્યું નહોતું. 'રામ તારો બેલી' કરતાંકને તે ઉપર ચડી ગયો. ડોશીમાને સહેજ ધક્કો મારી ખૂબ ગભરાવી નાખ્યાં અને બ્લેડ ચલાવી દીધી! અનુભવ નહોતો, છતાં એવી સિફતથી ચલાવી કે રૂપિયા બાંધેલી આખી ગાંઠ હાથમાં આવી પણ ડોશીને ખબરેય ન પડી.

સારંગના અતિ સુંદર ભભકદાર કપડાંનો ઠઠારો જોઈને ડબામાં બેઠેલા એકબે ગામડિયા અંજાઈ ગયા અને જ્યાં કીડીને ય કચરાયા વગર કે માખીને ય મર્યા વગર ન ચાલે ત્યાં સારંગ અને ડોશી બંનેની જગ્યા થઈ ગઈ.

ડોશીમાને એટલું બધું શારીરિક કષ્ટ થયું હતું કે હાંફતાં હાંફતાં તેમનાથી બોલાઈ જવાતું હતું : 'દુઃખમાં દુઃખ! દુઃખમાં દુઃખ!'

સારંગને તેની પડી નહોતી. તેણે ખિસ્સામાં પડેલી ગાંઠને ખિસ્સામાં જ છોડી રૂપિયાની નોટોના સ્પર્શનો અદ્‌ભુત આસ્વાદ લેવા માંડ્યો. ગાંઠમાં ડોશીમાએ ખરીદેલી ટિકિટ પણ હતી. કેવું સરસ! રસ્તામાં ટિકિટ તપાસવા આવે તો પણ તેને કંઈ ભય નહોતો!

તેનો હરખ હજી શમ્યો નહિ ત્યાં તો ડોશીમા બોલ્યાં, 'ભઈલા! સારું કર્યું કે તેં મને બેસાડી દીધી, નહિ તો મારું થાત શુ?'

સારંગે વિવેકનું સ્મિત કર્યું, 'માજી! આ જગત તો પંખીનો મેળો છે. એમાં આપણું કર્તવ્ય તો એકબીજાને મદદ કરવાનું છે. અને આ તો મારી ફરજ હતી. એમાં મેં વધારે કર્યું પણ શું છે?'

'હા ભઈલા, પણ બધા જ કંઈ એવું ઓછું સમજે છે?' અને ડોશીની આંખોમાં અનાયાસે આંસુ ઊભરાયાં - જાણે પૃથ્વીમાંથી અનાયાસે લાવા પ્રગટ્યો. સારંગ અસંજસમાં પડી ગયો.

'બધા જ કંઈ એવું ઓછું સમજે છે?' ડોશી ફરી એનું એ વાક્ય બોલ્યાં. 'મદદ કરશે તો સાત જનમની ઓળખ નહિ હોય તેવો કરશે. નહિ તો દીકરા જેવો દીકરો હડકાયો થઈ ધકેલી મૂકશે.' ફરી ડોશીની આંખો આંસુથી ઊભરાઈ ગઈ.

તેમના બોલવામાં જ કંઈ એવું, દિલને ડગવે એવું હતું કે સારંગને તે સ્પર્શી ગયું. તેનાથી પૂછાઈ ગયું, 'કેમ માજી, આમ કેમ બોલો છો?'

'ત્યારે કેવું બોલું? સગા દીકરાએ વહુની તાણમાં ને આણમાં ધકેલી મૂકી. પછી મારે કહેવું શું? હું એના ઘરમાં પોસાતી નથી, હું એના ઘરમાં સહેવાતી નથી, પછી હું બોલું શું?' ડોશીની આંખમાંથી જેવા આંસુ ખરતાં હતાં તેવા જ શબ્દો તેમના મુખમાંથી સરતા હતા. વધુમાં કહ્યું, 'તું જ કહે - તું તારી માને કોઈ દિવસ બહાર કાઢી મૂકે ખરો?'

ફટ કરતું સારંગનું હૃદય વીંધાઈ ગયું. તે શું પોતાની માને કાઢી મૂકે ખરો? ના, ના, કદી નહિ. મા એટલે શું? સાક્ષાત જગદંબા! તેના ખોળામાં તો માથું મૂકી રડાય, તેની ડોકે વળગી હસાય, તેના ચરણોમાં તો માથું ઘસાય. તેને શું કાઢી મૂકાય? પણ હાય! પોતાને મા નહોતી. હતી તો કોણ તેની ખબર નહોતી. કેવું હશે તેનું રૂપ? કેવી હશે તેની વાણી? સારંગે ડોશી તરફ જોયું. 'આવું જ! આવું જ!' તેનું મન બોલી ઊઠ્યું.

ડોશીમા ડળકતી આંખે બોલવા લાગ્યા, 'ભઈલા! તું તો કોઈક સારા ઘરનો લાગે છે અને પાછો સમજુ અને શાણો લાગે છે, એટલે મારાથી મારી વાત તને કહેવાઈ જાય છે. હું તો જન્મદુઃખી છું. ભગવાને મને બાળપણમાંય દુઃખ આપ્યું, જુવાનીમાં ય આપ્યું અને આ ઘરડે ઘડપણ પણ આપ્યું.' ગાડીના મુસાફરોમાંથી કેટલાક આ બધું માત્ર સાંભળવા ખાતર સાંભળતા હતા, પણ સારંગનું આશ્રમના પથરા જેવું હૃદય ખરેખર પીગળી ગયું.

ડોશીમાં શું બોલત, કેટલું બોલત, ક્યાં સુધી બોલત, કેવું બોલત એ કશું જ કહેવાય એમ નહોતું. સારંગને ત્યાંથી ચાલ્યા જવાની અદમ્ય ઈચ્છા થઈ આવી પણ કોઈક અગમ્ય લોહચુંબકે તેને ત્યાં જકડી રાખ્યો. રહે તો રાંધું અને જાય તો બાંધું એવી સ્થિતિ થઈ ગઈ. ત્યાં તો અચાનક ડબાનું બારણું ખૂલ્યું અને ધોળો કોટ, ધોળી પાટલૂન, ભૂરી હેટ અને લાલ આડા સિક્કાવાળો ટી.ટી. અંદર પ્રવેશ્યો.

ડબામાં શાંતિ છવાઈ ગઈ. ટી.ટી.એ ટિકિટો તપાસવા માંડી. જ્યારે તે ડોશી પાસે આવ્યો ત્યારે જ તેમને ખબર પડી કે તે આવ્યો છે. તેમણે તરત ઓટીએ હાથ નાખ્યો ને વીજળીનો ધક્કો લાગ્યો હોય તેમ ચીસ પાડી ઊઠ્યાં : 'હાય મા! મારા પૈસા! મારી ટિકિટ!'

મુસાફરો બધા તેમની સામે ટીકીટીકીને જોવા લાગ્યા. સારંગ પણ અનિમેષ નજરે જોઈ રહ્યો. ડોશીમાના મોં પરથી લોહી ઊડી ગયું અને તેના હૃદયમાંથી ધબકાર વિલાઈ ગયો.

ટી.ટી.એ કહ્યું, 'ડોશી! ટિકિટ લીધી નથી ને પાછી ઢોંગ કરે છે.'

ડોશીમાં કકળી ઊઠ્યાં : 'ઢોંગ કરું છું? હું ઢોંગ કરું છું? હે ભગવાન! ઘેરથી ધકાયેલી સીધી તમારે ધામ આવતી હતી, તો પણ તું પજવ્યા વગર ન રહ્યો? અરે ભઈલા, આ જો તો ખરો; મારે તો દુઃખમાંય દુઃખ! દુઃખમાંય દુઃખ!' ધડાક ધડાક બે હાથે તેમણે માથું કૂટવા માંડ્યું.

સારંગની આંખમાંથી દડદડ આંસુ દડી પડ્યાં. તેણે કહ્યું, 'અરે ટી.ટી. સા'બ! માજીની વાત સાચી છે. એમના પૈસા ખરેખર કોઈક લઈ ગયું લાગે છે. એમને જ્યાં જવું હોય ત્યાં સુધીની ટિકિટનો બમણો ચાર્જ હું આપું છું — લો!' અને તેણે ખિસ્સામાં હાથ નાખ્યો.

પણ તે જ ક્ષણે તેના હોશકોશ ઊડી ગયા! તેનું જ ખિસ્સું કપાયું હતું.

***સ્વ. મનેશચંદ્ર કંસારાની ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ દ્વારા પ્રકાશિત 'ક્યાંય નહિ, કદી નહિ'માંથી સાભાર***

# Check-Mate (6)

'Tulsi' - Ahmedabad



So far we have understood basic rules of the game of Chess. In the last article we learnt about middle game. We shall continue learning about terminology being used in this game of chess in this article also. But, before that, once we start playing the game, reaching middle and end game, it would be wise to know the value of each piece on board of the chess and also few concepts. First of all we shall start with value concept because without attaching numbers to these pieces we may not be able to realize true value of this game. In this game pawn is valued at 1 and Bishop and Knights at 3 each, while Rook has value of 5 and Queen 9.



A material advantage applies both strategically and tactically. Generally more pieces or an aggregate of more powerful pieces means greater chances of winning. A fundamental strategic and tactical rule is to capture opponent pieces while preserving one's own.

Bishops and knights are called minor pieces. A knight is about as valuable as a bishop, but less valuagble than a rook. Rooks and the queen are called major pieces. Biships are usually considered slightly better than knights in open positions, such as toward the end of the game when many of the pieces have been captured, whereas knights have an advantage in closed positions. Having two bishops (the bishop pair) is a particularly powerful weapon, especially if the opposing player lacks one or both of their bishops.



Three pawns are likely to be more useful than a knight in the end game, but in the middle game a knight is often more powerful. Two minor pieces are stronger than a single rook, and two rooks are slightly stronger than a queen.



Under a system like this, giving up a kinght or bishop in order to win a rook ("winning the excahnge") is advantageous and is worth about two pawns. This of course ignores such complications as the current position and freedom of the pieces involved, but it is a good starting point. In an open position, biships will be more valuable than knights (a bishop pair can easily be worth seven points or more in some situations); conversely, in a closed position, bishops will be less valuable than knights. Also, many pieces have a partner. By doubling up two knights, two rooks, rook and queen or bishop and queen the pieces can get stronger than the sum of the individual pieces along. When pieces lose their partner, their values slightly decrease. The king is priceless since its loss causes the loss of the game. However, especially in the endgame, the king can also be a fighting piece, and is sometimes given a fighting value of four.

### *Closed :*

A term used to describe a position where Pawns block the mobility of the pieces around some or all of the board. The opposite of an open position.

### *Closed File :*

A file blocked by both black and white Pawns.

### *Closed game :*

A game which the position is obstructed by blocking Pawns. Such a position favors Knights over Bishops since Pawns often block diagonals.

### *Endgame :*

Also called the ending. This is the third and final state of the game after the opening and middle game, characterized by the relatively few Chessmen on the board. The King is typically used more aggressively in the ending than in the opening or middle-game. One of the most common concerns in the endgame is promotion of Pawns.

### *Major Pieces :*

The Queen and Rooks. Because of the number of squares they command (a Queen can command

27 squares, not counting the one she occupies, a rook 14) they are considered the heavy artillery of Chess.

### *Material :*

The total value in points of a player's pieces on the Chessboard. A material advantage is when a player has more pieces on the board than his opponent or has pieces of greater value. Material advantage is one key quality in assessing a Chess position.

### *Middle game :*

The second phase of the game following the opening, and the one in which much of the action takes place. The development of the pieces is complete or nearly complete and many pieces are captured or traded as the players pursue their creative plans. With many pieces on the board and possibilities of attack on all sides, the King normally stays well hidden in this phase.

### *Minor pieces :*

The Biships and Knights. A Knight can command eight squares, a Bishop thirteen.

### *Open :*

Short for Open game or Open file. A term used to describe a position wher Pawns do not block the mobility of the pieces around some or all of the board. The opposite of a closed position. Also refers to a type of tournament in which any strength of player can participate.

### *Open file :*

A file cleared of Pawns. It offers a corridor for attack, especially if occupied by doubled Rooks. A file is still open even if it is occupied by pieces other than Pawns.

### *Open game :*

A position characterized by many open ranks, files, or diagonals, and few center Pawns.

### *Open Tournament :*

A tournament which is poen to any player.

### *Opening :*

The start of a Chess game. The first phase of the game before the middle game and endgame, in which players try to rapidly develop their pieces, gain room for their pieces to maneuver, and on bringing their Kings to safety. Many promising opening lines of play are analyzed and documented extensively in texts and computer databases. The basic goals of the opening are to develop pieces as quickly as possible.

### *Openings :*

The more-or-less standardized and analyzed patterns of moves that both sides make at the start of a game. Some are named after people (Ruy Lopez), some after places (Budapest Counter-Gambit), some after pieces or moves (Four Knights Defense). Some are descriptive (Giuoco Piano, or quiet game).

- **એક એસ.એમ.એસ. :**

*Play the opening like a book, the middle game like a maagician, and the endgame like a machine.*

*- Spielmann.*

---

★ *કાંઈક આપવાથી ખૂબ આનંદ મળ્યો હોય એવા તમારા જીવનના કોઈ અવસરને યાદ કરો. ભલેને આપવાની ક્ષણે એ આનંદ તમે ન અનુભવ્યો હોય. કદાચ એ આનંદ તમે ઘણો પાછળથી અનુભવેલો. કદાચ એ આનંદ તમે ઘણો પાછળથી અનુભવેલો. કદાચ એ વ્યક્તિના માધ્યમથી તમે બીજા કોઈ એવી વ્યક્તિને મળ્યા હો, જે તમારી માટે ચમત્કારી તાવીજ બની ગઈ હોય અથવા કદાચ આપવાની એ ક્રિયાએ તમને કોઈ રીતે બદલી નાખ્યા હોય. આ રૂપાંતરને કારણે તમે નવી પરિસ્થિતિ ભણી આકર્ષિત થયા હો, જેણે તમારી જીંદગીમાં કંઈ અણધાર્યું સારૂં કરી નાખ્યું હોય.*

---

## દીકરી વિદાય પછી

*નહીં જાઉં નહીં જાઉં કહેતાં, દીકરીના ઝાંઝર સાસરવાસી થાશે*
*પૈડયું સીંચ્યાની વેળાએ, આંખે આશિષનો દરિયો ઉમટશે.*

*મારી સાથે આંગણની આંખો, દીકરી જોવાનો તરસશે*
*ધડકન પર પગલી પડે તો એના કાને ઝાંઝર ઝણકશે*

*દિલની શેરીએ યાદો એની ઘર ગોઠીલા રમશે*
*સંગે રમવા ઓરડાની ઈંટો પણ પડાપડી કરશે.*

*અંતરના ખૂણે તારી ધીંગામસ્તીની નીરાળી છટાઓ ખીલશે,*
*પછી તે જૂઈ ચમેલીની ભીની ખૂશ્બુ એની સંગે હીંચકા હીંચશે*

*ઘરમંદિરે દીવડો પ્રગટે તો જયોતમાં તારી છબી ઝળકશે*
*ખુલ્લી ખડકીની સાંકળ તારા સ્પર્શો સંગે સંતાકુકડી રમશે*

*ગોખલે ગોઠવેલા ઢીંગલા પોતીકા નેજવું કરી તારી રાહ જોશે*
*પાલવનું મનડું પોતાને છેડે નાનીશી ગાંઠ બાંધી લેશે.*

*દીકરી સાસરિયે સુખી છે જાણી રૂમાલ ખુશીના આંસુ લૂછશે*
*માત-પિતાના ધબકારે આવું છું આવુ છું ના મધુર ગુંજન ગુંજશે*
*નહીં નહીં જાઉં કહેતાં દીકરીના ઝાંઝર....*

***લતા સોલંકી (મો. ૯૭૨૫૩ ૨૦૪૪૪)***